
બિંબ પ્રતિબિંબ
ચંદ્રહાસ ત્રિવેદી

# બિંબ-પ્રતિબિંબ

ચંદ્રહાસ ત્રિવેદી

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

BIMB-PRATIBIMB by Chandrahas Trivedi
Published by Gurjar Granth Ratna Karyalaya,
Gandhi Road, Ahmedabad-380 001
Price Rs. 30-00

# બિંબ-પ્રતિબિંબ

© ચંદ્રહાસ ત્રિવેદી

પ્રથમ્ આવૃત્તિ : ૧૯૯૨
પ્રત : ૧૦૦૦

કિંમત રૂ. ૩૦-૦૦

પ્રકાશક :
કાન્તિલાલ ગોવિંદલાલ શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

મુદ્રક :
નિર્મળાબહેન ઠાકોરલાલ શાહ, શારદા મુદ્રણાલય,
જુમ્મા મસ્જિદ સામે, પાનકોરનાકા, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

# અર્પણ

પોતાને ત્યાં જન્મનાર બાળક ધર્મ પામે એ માટે સભાન રહીને શિષ્ટ સાહિત્યનું પરિશીલન કરનાર તેમજ જન્મ પછી સેવા–પૂજા, દેવ–દર્શન અને કથા–વાર્તાના સંસ્કાર આપવા પ્રયત્નશીલ રહેલાં મારાં માતા–પિતા, સ્વ. મંગળાબહેન અને સ્વ. મણિલાલ બાળકૃષ્ણ ત્રિવેદીને યત્કિંચિત્.

# વંદના

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં એવી ક્ષણ આવી પહોંચી કે હવે શું કરવું, શું વાંચવું, કેટલું વાંચવું – એમ વિમાસણમાં હતો ત્યાં ઓપેરા સોસાયટીના ઉપાશ્રયમાં પંન્યાસજી શ્રી પ્રદ્યુમ્નવિજયજી પધાર્યા. સહજ વાતમાં તેમણે ખભો થાબડીને કહ્યું, "ત્રિવેદી! તમે લખો. ધર્મ અને તત્ત્વ વિષે લખો. જે તમને મળે તે સૌને પહોંચાડો. ધર્મચિંતન જેવી કોઈ નિર્જરા નથી." તેમનાં પ્રેમપૂર્ણ વાકયો મારે મન જાણે આદેશ અને આશીર્વાદસમ નીવડયાં. સૌ પહેલાં મેં ધર્મપુસ્તકોનું ભાષાંતર કરવાનું હાથ ધર્યું અને સાથે સાથે સ્વતંત્ર રીતે લેખો પણ લખવા માંડયા. એના પરિપાકરૂપે આજે જ્યારે આ પુસ્તક રજૂ કરું છું ત્યારે પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજીને વંદન કર્યા વિના હું રહી શકું નહિ. તેમનાં વ્યાખ્યાનોમાંથી મેં જ્ઞાન મેળવ્યું છે અને રસમાં તરબોળ પણ થયો છું.

યુવાચાર્ય શ્રી મહાપ્રજ્ઞને વંદન કર્યા વિના હું આગળ કેમ વધી શકું? વાંચવા માટેની સામગ્રીનો તો મહાસાગર છે પણ એમાં ડૂબકી મારીને, અવગાહન કરીને રત્નો મેળવવાની સૂઝ મને એમની પાસેથી મળી. એમનાં પુસ્તકો મેં ખૂબ રસથી વાંચ્યાં. એમાંથી ત્રણ પુસ્તકો 'અનેકાંત', 'એસો પંચણમુક્કારો' અને 'કર્મવાદ'નું ભાષાંતર અમે કર્યું. એમાંથી મને ઘણું મળ્યું. છતાંય જે ખૂટતું હતું તે મને તેમનાં વ્યાખ્યાનોમાંથી અને ધ્યાનની તેમની શિબિરોમાંથી મળ્યું. મૌલિક ચિંતન કરવાની મારી ક્ષમતા વધી તેમાં પ્રત્યક્ષ રીતે અને પરોક્ષ રીતે યુવાચાર્યશ્રી મહાપ્રજ્ઞનો ઘણો ફાળો છે. આ ચિંતનાત્મક કથાનકોની પ્રસિદ્ધિ સમયે તેમને મારી ભાવભરી વંદના.

— ચંદ્રહાસ ત્રિવેદી

# પ્રસ્તુતિ

તત્ત્વજ્ઞાન અને દર્શનનો અભ્યાસ કરતાં કરતાં જે વિચારો આવતા તે વિષે હું સમરસ ધરાવતી વ્યક્તિઓ સાથે વાતચીત કરતો હતો. એમ કરતાં ઘણી વાર સ્વતંત્ર રીતે એ ચિંતન રજૂ કરવાનો વિચાર આવ્યો. લખવાની રુચિ તો મૂળથી જ હતી અને કારકિર્દીની શરૂઆતનાં વર્ષોમાં આકાશવાણી દિલ્હી કેન્દ્ર ઉપર જે કાર્ય કર્યું એમાં લેખનપ્રવૃત્તિ સંકળાયેલી જ હતી. તે સમયે પણ અવારનવાર લેખો અને વાર્તાઓ લખેલી જે સમાચાર-પત્રો અને સામયિકોમાં પ્રસિદ્ધ થઈ હતી. વળી તાજેતરમાં તત્ત્વચિંતનનાં પુસ્તકોનું ભાષાંતર પણ કર્યું હતું તેથી લખવાનો ઉત્સાહ વધ્યો હતો. મૂળ વિચાર તો તત્ત્વજ્ઞાન કે દર્શનના લેખો સીધેસીધા લખવાનો હતો. તેનાથી શરૂઆત કરી. પણ સમાચારપત્રના વિશાળ વાચક વર્ગને તે સ્પર્શી નહિ શકે તેમ લાગવાથી રજૂઆતની પદ્ધતિ બદલીને આગળ કથાનક મૂકવાનું અને પાછળથી ચિંતન રજૂ કરવાનું રાખ્યું અને તેમાંથી બિંબ-પ્રતિબિંબનું સર્જન થયું.

કોઈ વસ્તુ નજરે પડે, કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય તેના પ્રત્યાઘાતરૂપે આપણા મનમાં વિચારોના તરંગો ઊઠે છે, લાગણીનાં સ્પંદનો થાય છે અને તેના પ્રેર્યા આપણે દોરવાઈએ છીએ. આમ આપણો સમગ્ર વ્યવહાર એક રીતની ક્રિયા અને પ્રતિક્રિયારૂપે જ હોય છે, આપણા માનસપટ ઉપર પ્રસંગોનાં વિચારોનાં, વસ્તુઓનાં, લાગણીઓનાં જે બિંબો પડે છે તેના પ્રતિબિંબરૂપે આપણા મનમાં વિચારો ઊઠે છે – ચિંતન થાય

છે. એ રીતે મેં કેટલાંક કથાનકો પસંદ કર્યાં છે અને તેના ઉપર ચિંતન કર્યું—જે અહીં પુસ્તકાકારે રજૂ થયું છે. તેથી પુસ્તકનું નામ બિંબ–પ્રતિબિંબ રાખવાનું યોગ્ય માન્યું.

કથાનકો તો મેં અહીં–તહીંથી લીધાં છે અને તેમાં જરૂરી ફેરફારો પણ કર્યા છે. મહત્ત્વ કથાનકોનું છે તેના કરતાં ચિંતનનું વધારે છે. છતાંય વાચકોને ચિંતન સુધી પહોંચાડવામાં કથાનકોનો અમૂલ્ય ફાળો છે તેમાં કંઈ શંકા નથી. ચિંતનની ધારાનો મૂળ સ્રોત જૈન તત્ત્વજ્ઞાનમાંથી છે એમ લાગ્યા વિના નહિ રહે. છતાંય મેં મારા ચિંતનને કોઈ ચોકઠામાં રાખ્યું નથી. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના લોકો પણ તેને માણી શકશે અને તેમને ઉપકારક નીવડશે એમ મને પૂર્ણ શ્રદ્ધા છે. તેથી તો મેં કથાનકોની પસંદગીમાં કાળજી રાખી છે. એમાં બૌદ્ધ દર્શનની વાત છે, તો વેદાંતની પણ વાત છે, ક્યાંક ભક્ત છે તો ક્યાંક સૂફી સંત છે. એમાં ઝેન સાધુ છે તો તિબેટના લામા પણ છે. **મારો વિષય છે જીવન અને તેનું ચિંતન, જે કોઈ પણ ધર્મને બાધક નીવડે તેમ નથી.**

ચમત્કારો અને અંધશ્રદ્ધાની વાતોથી મેં મારા ચિંતનને બહુધા દૂર જ રાખ્યું છે. વિજ્ઞાનના આજના યુગમાં ધર્મનો પાયો ચમત્કારો કે ફક્ત અંધવિશ્વાસ ઉપર નભી શકે તેમ નથી. જો આપણે ચિંતનને જીવનની સુદૃઢ ભૂમિકા ઉપર નહિ મૂકીએ તો તે સ્વીકાર્ય નહિ બને. મારું ચિંતન જીવનને સ્પર્શે છે. આપણે સૌ પ્રથમ જીવવું છે. સારી રીતે શાન્તિપૂર્વક જીવવું છે. મરીને કંઈ પામવાની વાત મેં બને ત્યાં સુધી દૂર જ રાખી છે, જેથી આપણા યુવાન વર્ગને અને પશ્ચિમના જગતને કે પશ્ચિમના સંસ્કારો વચ્ચે જેનો ઉછેર થયો હોય તેવા સૌ કોઈને પણ આ ચિંતન ગ્રાહ્ય બને તેવું મારું લક્ષ્ય રહ્યું છે. જે તત્ત્વજ્ઞાન કે ચિંતન જીવનના પ્રશ્નોનું સમાધાન ન આપી શકે તે ઝાઝું

ઉપયોગી થઈ શકે નહિ. તત્ત્વનું દર્શન કે ચિંતન જીવનને જો નીરસ બનાવી દે તો અવશ્ય માનવું કે આપણે સત્યને પકડવામાં કે સમજવામાં ક્યાંક થાપ ખાઈ ગયા છીએ.

આ પુસ્તકને ધર્મપુસ્તક કે કથાસંગ્રહ કહી ન શકાય. દર્શનનું અને ચિંતનનું આ પુસ્તક બની રહ્યું છે, એમ મારું માનવું છે. અંગ્રેજીમાં જેને Loud Thinking—વ્યક્ત ચિંતન કહે છે. એવું આ પુસ્તક છે. જો વાચક કથાનકથી કે તેની પાછળ આવતા ચિંતનથી પોતે વિચાર કરવા પ્રેરાશે અને પોતાના નિર્ણયો તારવશે તો અથવા તો તેને તેમ કરવામાં મદદ થશે તો મને મારો પ્રયાસ સાર્થક થયો લાગશે.

— ચંદ્રહાસ ત્રિવેદી

"સુહાસ",
૬૪, જૈનનગર
અમદાવાદ–૩૮૦ ૦૦૭
૨–૩–૧૯૯૨

# ધર્મદર્શનના ચિંતનનું પુસ્તક

શ્રી ચન્દ્રહાસભાઈ ત્રિવેદીના પરિચયમાં જ્યારથી આવ્યો છું ત્યારથી તેમના વિષે એક છાપ મારા મનમાં પડી છે અને તે એ કે તેઓ એક અચ્છા વિચારક અને ચિંતક છે. તેઓ મૂળે તો પત્રકાર થયા એટલે લેખનની ફાવટ તો તેમનામાં હોય તે સ્વાભાવિક છે. અનેક વિષયોનું વાચન એ તેમના કોઈ પણ લખાણને વાંચવાથી પ્રતીત થાય છે. હવે તો તેઓ વેપાર–ઉદ્યોગના વ્યવસ્થાપક-પદે છે છતાં તેમનો ચિંતન કે વાચનનો રસ ઓછો થયો નથી તેનીપ્રતીતિ તેમનું છેલ્લું પુસ્તક 'બિમ્બ–પ્રતિબિમ્બ' પણ કરાવી આપે છે.

અનેક ધર્મોની એટલે કે વૈદિક–બૌદ્ધ–જૈન–ખ્રિસ્તી આદિ ધર્મોની જ નહીં પણ અનેક સુવિખ્યાત દેશી–વિદેશી લેખકોની વાર્તાઓમાંથી ચૂંટીને તેમણે આ પુસ્તકમાં પોતાના ચિંતનના સમર્થનમાં તે મૂકી છે અને તે વિષે પોતાનું દાર્શનિક ચિંતન રજૂ કર્યું છે. એટલે આ કંઈ વાર્તાસંગ્રહ નથી પણ તે તે કથાઓને આધારે ધર્મ વિષેનું દાર્શનિક ચિંતન આમાં રજૂ કર્યું છે. એટલે એમ કહી શકાય કે આ કથામૂલક ધાર્મિક દાર્શનિક ચિંતન છે.

પુસ્તક વાંચતાં વાચકને એક વાત જરૂર ધ્યાનમાં આવશે અને તે એ કે લેખક જૈન ધર્મ વિષે પ્રસ્તુત પુસ્તકમાં વિશ્લેષણ કરે છે. પ્રશ્ન એવો સ્વાભાવિક છે કે લેખક ત્રિવેદી છતાં આમ કેમ છે? આ પ્રશ્નનો ઉત્તર જે કંઈ મેં શોધ્યો છે તે આ છે. ભારતની ધાર્મિક પરંપરામાં વૈદિક ધર્મના સંશોધન અર્થે જૈન ધર્મનો

ઉદ્દભવ થયો—એટલે ધર્મદૃષ્ટિએ જૈન ધર્મે કાંઈક ધર્મમાં સંશોધન કર્યું હોય તે સ્વાભાવિક છે, અને આ બાબત શ્રી ત્રિવેદીને મળી હોય તો તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવી વાત નથી. બ્રાહ્મણ છતાં જૈનને પરણ્યા પછી સાંપ્રદાયિક અર્થમાં જૈન થયા છે એમ નથી. આ કંઈ ધર્માન્તરની પ્રક્રિયા નથી. સંપ્રદાયાન્તરની પણ પ્રક્રિયા નથી. ધર્મ તો એક જ હોય એટલે ધર્માંતર સંભવે નહિ. સંપ્રદાયો અનેક હોય માટે સંપ્રદાયાંતર સંભવે. પણ શ્રી ત્રિવેદીએ સંપ્રદાયાન્તર પણ કર્યું નથી કારણ, કે તેમણે જૈન ધર્મમાં પણ જે સાંપ્રદાયિક બાબતો દાખલ થઈ ગઈ છે તેનો સ્વીકાર કર્યો નથી. પણ તેમાં જે ધર્મનું મૂળ તત્ત્વ તેમને દેખાયું છે તે જ સ્વીકાર્યું છે. આથી તે સાચા ધાર્મિકમાં ખપી શકે છે. તેમને કોઈ સંપ્રદાયના અનુયાયી ગણી શકાય નહિ. આથી જ તેમણે જૈન ધર્મની જે બાહ્ય પ્રવૃત્તિ છે તેને નિરસ્ત કરી સાચા ધર્મ પ્રત્યે દૃષ્ટિ પ્રાપ્ત કરાવવાને પ્રસ્તુત પુસ્તકમાં પ્રયાસ કર્યો છે. આમ આ પુસ્તકને માત્ર ધાર્મિક પુસ્તક નહીં પણ ધર્મદર્શનની દિશા દેનારું પુસ્તક ગણી શકાય.

આખું પુસ્તક મેં વાંચ્યું છે અને લેખકવિચારણા મને ગમી છે. અન્ય વાચકોને પણ તે ગમશે તેવો મને વિશ્વાસ છે અને વાંચવાથી વાચકમાં વિચારશુદ્ધિ થશે તો લેખકનો શ્રમ સફળ થશે એમ માનું છું.

૮, ઓપેરા સોસાયટી,
અમદાવાદ—૭
૧૧—૩—૮૨

**— દલસુખ માલવણિયા**

# આભાર

જૈન તત્ત્વવિચારધારા સાથે વાસ્તવિક રીતે મને પરિચય કરાવવાનું કોઈને શ્રેય આપી શકાય તો તે સ્વ. રતિલાલ અમરતલાલ જોશીને. તેમની સાથે વાતચીત કરતાં કરતાં જૈન તત્ત્વજ્ઞાન વિષે વધારે જાણવાની મને જિજ્ઞાસા થઈ. આજે તેઓ હયાત નથી પણ આ પુસ્તકના પ્રકાશન સમયે તેઓ આભારના પ્રથમ અધિકારી છે.

આ પુસ્તકનો ઉપોદ્ઘાત સપ્રેમ લખવાનું સ્વીકારવા બદલ હું પદ્મભૂષણ પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાનો ઋણી છું. ઉપોદ્ઘાત લખવા માટે આખા પુસ્તકનું અવલોકન કરવું પડે છે. શ્રી માલવણિયાજી પોતે સમર્થ અભ્યાસી અને વિદ્વાન છે છતાંય મારા આ નાનકડા પુસ્તકની અવગાહના કરી ઉપોદ્ઘાત લખવાનું તેમણે સ્વીકાર્યું એ જ મારે મન મોટી વાત છે.

મારા દરેક લેખની કડક સમાલોચના કરી પુસ્તકને વધારે સુંદર અને સ્વીકાર્ય બનાવવા માટે મારાં શ્રીમતી સુમિત્રા ત્રિવેદીનો ફાળો નાનો–સૂનો નથી. સ્વજનનો તો વળી આભાર શો–એ વાત સાથે હું સંમત નથી તેથી તેમનો આભાર જરા પણ અલ્પસ્થાને નથી.

આ પુસ્તકમાં લખાયેલ લેખો મોટે ભાગે 'ગુજરાત સમાચાર'ની અધ્યાત્મ પૂર્તિમાં પ્રસિદ્ધ થયેલ છે. ગુજરાત સમાચારે મારા કથા–ચિંતનને પ્રસિદ્ધિ આપી મને જે પ્રોત્સાહન આપ્યું તે બદલ ગુજરાત સમાચારના વ્યવસ્થાપક શ્રી શ્રેયાંસભાઈ અને પૂર્તિ વિભાગના સંપાદક શ્રી ગુણવંતભાઈનો હું આભારી છું. ધર્મધારાના તંત્રી ડૉ. મનહરભાઈ તો મારા લેખોના પ્રથમ પુરસ્કર્તા છે. તેમનો

આભાર માન્યા સિવાય હું રહી શકું નહિ.

આ પુસ્તકના પ્રકાશન સમયે જાણીતા લેખક શ્રી રસિકભાઈ મહેતા અને તેમના પુત્ર ઉત્પલને યાદ કર્યા વિના રહેવાય નહિ. ઉત્પલ મારી પાસે ઘણી વખત આવતો અને પુસ્તક–પ્રકાશનની વાતો કરતો હતો. તેણે મને શ્રી રસિકભાઈનો પરિચય કરાવ્યો હતો. તેમણે કરેલાં મૂલ્યવાન સૂચનો માટે આ પિતા–પુત્રનો આભાર ન માનું તો હું કંઈક ચૂક્યો ગણાઉં.

સૌને અંતે પણ સૌથી વધારે મારે આભાર માનવાનો હોય તો તે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો અને તેના વ્યવસ્થાપક શ્રી કાંતિભાઈનો તેમ જ શ્રી મનુભાઈનો. છૂટાછવાયા લેખો તો ક્યાંય ખોવાઈ જાત પણ તેને ગ્રંથસ્થ કરવાની તૈયારી બતાવી તેમણે મને ખૂબ પ્રોત્સાહિત કર્યો. તેમનો જેટલો આભાર માનું તેટલો મને ઓછો લાગે.

— ચંદ્રહાસ ત્રિવેદી

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | ફોગટ ફેરો | ૧ |
| ૨. | દુર્લભ દાન | ૭ |
| ૩. | મૈત્રીભાવનું આંતર્જગત | ૧૩ |
| ૪. | રામ તો એના એ પણ... ... | ૧૯ |
| ૫. | મહૂરત નથી | ૨૬ |
| ૬. | રામ ક્યાં છે ? | ૩૩ |
| ૭. | ભાવધારા | ૩૯ |
| ૮. | ભવની ભાવટ | ૪૪ |
| ૯. | કર્મની કથની | ૫૦ |
| ૧૦. | વિના વાંકે | ૫૬ |
| ૧૧ | પળનાં મૂલ્ય | ૬૨ |
| ૧૨. | ભાવનાનો ચમત્કાર | ૬૭ |
| ૧૩. | મૂંઝવણ મટી | ૭૩ |
| ૧૪. | બિંબ–પ્રતિબિંબ | ૭૯ |
| ૧૫. | એકાંત–ભીડ | ૮૫ |
| ૧૬. | ના, આ હંસ છે | ૯૦ |
| ૧૭. | પ્રમાદનો પડછાયો | ૯૬ |
| ૧૮. | મર્મ વિનાનો ધર્મ | ૧૦૧ |
| ૧૯. | આત્મવંચના | ૧૦૭ |
| ૨૦. | બંધન અને મુક્તિ | ૧૧૨ |
| ૨૧. | અલ્પની અનંતતા | ૧૧૬ |
| ૨૨. | પ્રેમભરી ઉપેક્ષા | ૧૨૧ |
| ૨૩. | સ્વપ્નાં સાચાં હોય ? | ૧૨૮ |
| ૨૪. | દેવની સહાય | ૧૩૫ |
| ૨૫. | સુખડની સુગંધ | ૧૪૨ |

# ફોગટ ફેરો

અર્નેસ્ટ હેમિંગ્વેની છેલ્લી નવલકથા-ધી ઓલ્ડ મેન એન્ડ ધી સી—'વૃદ્ધ માણસ અને સમુદ્ર' નામની છે. એમાં સેંટિયાગો નામના એક વૃદ્ધ માણસની વાત આવે છે. એ રોજ હોડી લઈને સમુદ્રમાં માછલાં પકડવા જાય અને જે માછલાં જાળમાં પકડાય તેના ઉપર તેનો ગુજારો થાય. પણ એક વખત એવું બન્યું કે સતત એંશી દિવસ સુધી એની જાળમાં એક પણ માછલું પકડાયું નહિ. એંશી દિવસની ફોગટ ખેપ પછી છેવટે એકાશીમા દિવસે સેંટિયાગોની જાળમાં એક વિશાળ માછલી ફસાઈ.

સેંટિયાગો ખૂબ ઉત્સાહમાં આવી ગયો અને ભારેખમ થયેલી જાળને કિનારા ભણી તાણવા લાગ્યો. પણ પકડાયેલી માછલી વિશાળ હતી અને તે ઘણા બળથી જાળને સમુદ્ર તરફ ખેંચતી હતી. આમ ઘડીમાં હોડી સમુદ્ર તરફ ખેંચાય તો બીજી ઘડીમાં કિનારા તરફ ખેંચાય. આ ખેંચતાણમાં વૃદ્ધ સેંટિયાગો થાકીને લોથપોથ થઈ ગયો. છેવટે તેણે બીજો રસ્તો વિચાર્યો. પોતાની પાસે જે ભાલા જેવું હથિયાર હતું

તે મારી મારીને તેણે માછલીને મારી નાખી જેથી હવે તે હોડીને સમુદ્ર તરફ ખેંચી ન શકે.

સેંટિયાગોને નિરાંત થઈ કે હવે તે હોડીને ખેંચતાણ વગર કિનારે લાવી શકશે. તેણે કિનારા તરફ હોડી હંકારવા માંડી. ત્યાં તો વળી બીજી આફત ઊતરી આવી. પેલી વિશાળ-કાય માછલીની ગંધથી અને તેમાંથી વહેલા લોહીની ગંધથી શાર્ક નામે ઓળખાતી મોટી માછલીઓ આવી પહોંચી. આ શાર્ક માછલીઓએ મરેલી મોટી માછલીનો પીછો પકડ્યો અને તેને બચકાં ભરી તેનું લોહી–માંસ ખાવા લાગી. વળી પાછો પેલો સેંટિયાગો રહીસહી શક્તિ સાથે શાર્ક માછ-લીઓ સાથે લડવા લાગ્યો. એક ઘડી તે શાર્ક માછલીઓને હટાવે તો બીજી ઘડીએ તેનું જોર નરમ પડતાં શાર્ક માછ-લીઓનું મોટું ટોળું પેલી માછલીના મૃતદેહને ખાવા ધસી આવે. આમ વળી પાછું ઘમસાણ ચાલ્યું અને એમાં વૃદ્ધ સેંટિયાગો થાકીને લોથપોથ થઈ ગયો, છતાંય તેણે પોતાના પ્રયાસો જારી રાખ્યા. આટઆટલા દિવસો પછી હાથમાં આવેલી મોટીમસ માછલીને જાળવવા તે પણ મરણિયો થઈ ગયો હતો. તેણે અવિરત જંગ ચાલુ રાખ્યો. છેવટે સેંટિયાગો માંડ માંડ કિનારા પાસે આવી પહોંચ્યો અને કિનારો પાસે આવતાં શાર્ક માછલીઓ પણ સમુદ્રમા પાછી વળી. સેંટિયાગોને હાશ થઈ ગઈ અને આનંદમાં આવી ગયો. તેને પોતાનો પરિશ્રમ હવે લેખે લાગ્યો હોય એમ લાગ્યું. હોડીને કિનારા ઉપર લાવી મૂકી. પણ હાય ! આ શું ? જાળમાં તો મોટી માછલીનું ફક્ત હાડપિંજર જ હતું, ફક્ત હાડકાંનો

માળો. એ મોટી માછલીના મૃતદેહમાંથી પેલી શાર્ક માછલીઓ બધું લોહી–માંસ–મજ્જા ખાઈ ગઈ હતી. સેંટિયાગોને લલાટે તો એ જ નિરાશા અને હતાશા લખાયેલી રહી.

આ કથા જીવનની એક ભયાનક વિષમતા તરફ નિર્દેશ કરે છે. આપણે પણ સંસારસાગરમાં પેલા સેંટિયાગોની જેમ વર્ષોનાં વર્ષો ઘૂમ્યા જ કરીએ છીએ અને આશાના વિવિધ તંતુઓ પકડીને ઝાવાં નાખ્યા જ કરીએ છીએ. અરે, એંશી એંશી વર્ષ સુધી પણ આવી જહેમત ઉઠાવતા રહીએ છીએ અને શાર્ક માછલીઓ જેવી જીવનની આફતો સામે લડતા ઝઘડતા રહીએ છીએ. એક મુશ્કેલીમાંથી માંડ પાર ઊતરીએ ત્યાં બીજી મુશ્કેલી ઊભી થઈ ગઈ હોય છે. વળી પાછા એ મુશ્કેલી સામે મોરચો માંડીને લડીએ છીએ. એને હટાવીએ ત્યાં પેલાં શાર્કનાં ટોળાં જેવી બીજી આફતો પાછળ પડે છે. જીવનની આવી સફર કરતા કરતા જ્યારે મૃત્યુને આરે આવીએ અને પેલા સેંટિયાગોની જેમ આપણે જીવનની જાળ કે જંજાળ સંકેલીએ ત્યારે ઘણુંખરું એમાં પેલી મોટી માછલીના હાડપિંજરની જેમ સુખનાં ફોફાં જ પડેલાં હોય છે જેનું કંઈ મૂલ્ય હોતું નથી અને જે કોઈ સધિયારો આપી શકતાં નથી. છેવટે આપણે લલાટે પણ પેલા સેંટિયાગોની જેમ જ હતાશા અને નિરાશા લખાવેલી રહે છે. જીવનભર જેના માટે ઝઝૂમ્યા અને લોથપોથ થઈ ગયા અને જેને જીવનના અંતિમ કિનારા સુધી ખેંચી લાવ્યા તે ઘણે ભાગે તો પેલી વિશાળકાય માછલીના હાડપિંજર જેવી અર્થ વગરની સફળતાઓ અને સમૃદ્ધિઓ દેખાય છે. ત્યારે

પછી ફરી સંસારસાગરમાં હોડી હંકારવાની આપણી પાસે તક હોતી નથી અને એવી હામ પણ હોતી નથી. આવે સમયે મોડે મોડે આપણને જીવન ગુમાવી બેઠાનું ભાન થાય છે અને હતાશા ઘેરી વળે છે. ઓલ્ડ મેન એન્ડ ધી સી – અર્નેસ્ટ હેમિંગ્વેની છેલ્લી નવલકથા હતી. શ્રી હેમિંગ્વેનું સ્થાન જગતસાહિત્યમાં બહુમાનભર્યું ગણાય છે. તેમને નોબેલ પ્રાઈઝ અને પુલીત્ઝર પારિતોષિક પણ મળેલું. તેમની આ નવલકથા એક રીતે વિશિષ્ટ રહી હતી. મહાન લેખકોની કૃતિઓ ઘણા ગૂઢાર્થની ભરેલી હોય છે. એમાં રહેલું સત્ય કે વાસ્તવિકતા આપણાથી પકડાય નહિ તો આપણે તેની ચોટ ચૂકી જઈએ.

આપણે જીવનના જે તબક્કે હોઈએ કે જે અવસ્થામાં હોઈએ ત્યાં જરા થોભીને વિચાર કરીએ કે આપણે કોના માટે સંઘર્ષ કરીએ છીએ? શેની લડાઈ માંડી છે? આપણો પુરુષાર્થ–પ્રવૃત્તિ યથાર્થ છે ખરી? આપણે યોગ્ય દિશામાં જ પ્રયાસો કરી રહ્યા છીએ ને? જીવનભરની મહેનત પછી પેલા સેંટિયાગોની જેમ આપણા હાથમાં પણ ફક્ત હાડપિંજર જેવી વ્યર્થ વસ્તુ બચી હોય તેમ તો નહિ બને ને? ખલાસી હોડી હંકારતા પહેલાં ક્યાં જવું છે તે સ્થાન નક્કી કરી લે છે અને પછી ધ્રુવના તારા તરફ દૃષ્ટિ રાખીને પોતાની દિશામાં હોડી હંકારે છે તો પોતાના ગંતવ્યસ્થાને પહોંચી જાય છે. જો આપણે પણ ખલાસીની જેમ આપણે ક્યાં જવું છે, શું પ્રાપ્ત કરવું છે તે બાબત સ્પષ્ટ થઈ જઈને જીવનનૌકાને

હંકારી હશે તો આપણો ફેરો ફોગટ નહિ જાય. દિશા અને પુરુષાર્થનું મહત્ત્વ છે પણ ફક્ત તેના ઉપર જ આધાર રાખીએ તો પેલા સેંટિયાગોની જેમ હતાશ થવાનો પણ સમય આવે. સફર કરતા પહેલાં પોતાની શક્તિનું માપ કાઢી લેવું પડે છે અને યોગ્ય સાધનોથી સજ્જ થવું પડે છે. સમયે સમયે આપણે પુરુષાર્થને મૂલવતા રહેવું પડે છે અને યથા-તથા તેમાં ફેરફાર પણ કરવા પડે છે. જીવનમાં આવનાર-ઊઠનાર ઝંઝાવાતોને જે પારખી લે છે અને પછી જોઈ-વિચારી-સમજીને યોગ્ય પુરુષાર્થ કરે છે તે સંસારસાગરની સફરને અંતે ખાલી હાથે પાછો ફરતો નથી. જીવનને અંતિમ કિનારે, મૃત્યુના કાંઠે આવા માણસની જીવનનૌકા જ્યારે નાંગરે છે અને તે પાછો વળીને સમસ્ત જીવનના પ્રવાસ તરફ દૃષ્ટિ નાખે છે ત્યારે તેને લાગે છે કે તે તો સાગરમાંથી રત્નો વીણી લાવ્યો છે. તેની ઝોળી ભરાઈ ગઈ છે. તેનો ફેરો ફોગટ ગયો નથી. જેના જીવનમાં જાગૃતિ અને સાવધાની નથી હોતી, જેની દિશા નિશ્ચિત નથી હોતી, તેના પ્રયાસો અને પુરુષાર્થ નિષ્ફળ જાય છે-વિફળ બને છે. પછી ભલેને તેણે ગમે તેટલી સફર ખેડી હોય કે અસંખ્ય સંઘર્ષો કર્યા હોય. છેવટે તેને નિરાશા જ સાંપડે છે. જીવનમાં મોડું થઈ ગયું છે એમ વિચાર કરીને બેસી રહેનાર તો હારેલો જ છે પણ જે જાગે ત્યાંથી સવાર ગણી પોતાના જીવનનું સુકાન ફેરવી નાખે છે અને જીવનનાવ હંકારવા માંડે છે તે છેવટે કંઈ ને કંઈ મેળવ્યા વિના પાછો ફરતો નથી. પુરુષાર્થ એકલો જ પૂરતો નથી હોતો. વખતોવખત તેનું મૂલ્યાંકન કરતા રહેવું

જોઈએ અને જોવું જોઈએ કે આપણે સફળતાઓ અને સિદ્ધિઓ માનીને જે ભાર ખેંચી રહ્યાં છીએ તે હાડપિંજરના માળા જેવી વ્યર્થ તો નથી ને? આપણે જેના માટે જીવન-ભર ઝઝૂમીએ છીએ તેનું મૂલ્ય કેટલું છે? શું તે આપણા જીવનની ભૂખ ભાગવા પર્યાપ્ત નીવડશે?

# દુર્લભ દાન

કચ્છનો રાવ ડાયરો ભરીને બેઠો છે અને ત્યાં અલક-મલકની વાતનો દોર જામ્યો છે. કસુંબા ઘોળાય છે. કોઈ રૂપની વાત લાવે છે તો કોઈ રંગની વાત પૂરે છે. કોઈ વળી રણની રંગત જમાવે છે. ત્યાં કોઈએ કર્ણ દાનેશ્વરીની વાત માંડી તો વળી કોઈએ બલિરાજાના દાનનો મહિમા ગાયો. એવામાં રાજ પંડિત બોલ્યા, "એટલે દૂરની વાત ક્યાં માંડો છો? આપણે તો ઘરઆંગણે કર્ણ છે અને ઘરઆંગણે બલિરાજા છે. રાવે કાન સરવા કર્યા અને પૂછ્યું, "પંડિત, જરા ફોડ પાડો તો સૌ સમજે." પંડિત કહે, "આપણા રાજ્યમાં જગડુશા શેઠ જેવો કોઈ દાની નથી. એ તો કચ્છની શોભા છે. એનાથી કચ્છ રળિયામણું લાગે છે." કચ્છનો રાવ વિમાસણમાં પડ્યો: "આખો રાજભંડાર ખાલી કરતાં હું ક્યાંય ખચકાતો નથી પણ લોકોમાં જગડુશાનું દાન વખણાય એ વાત કેવી?" રાવે પારખાં લેવાનો વિચાર કર્યો.

સવારનો પહોર છે. શેઠ જગડુશાને ત્યાં યાચકો ટોળે વળ્યા છે. મુનીમે બધાને પંક્તિમાં ઊભા રાખ્યા અને

જગડુશાની દાનબારી ખૂલી. જગડુશાની દાન દેવાની રીત અનોખી હતી, બારીની આડે તે પડદો રાખતા હતા જેથી યાચકનું મોં તે દેખી શકે નહિ. તેથી યાચકને સંકોચ ન રહે અને જગડુશાના મનમાં કોઈ તરફ ક્યારેય હીણપતનો ભાવ ન જામે. પડદાની નીચેથી યાચકનો હાથ આગળ આવે અને પાસે પડેલી કુંડીઓમાંથી શેઠ અન્ન, વસ્ત્ર, આભૂષણો, ચલણી નાણું, દર–દાગીના જે કંઈ ઠીક લાગે તે હાથમાં મૂકતા જાય. જેનું જેવું ભાગ્ય. કોઈએ કંઈ બોલવાનું નહિ. પૂર્ણ વિવેકથી અને સન્માનથી દાન દેવાય, દાન લઈને યાચક આગળ વધે.

આ કંઈ એક દિવસની વાત નહિ. શેઠ જગડુશા સવારે ઊઠીને દેવ–દર્શન કરીને સામાયિક કરીને પેઢીએ જતા પહેલાં દાન દેવા બારીએ બેસે. નમ્ર ભાવે દાન દેતા જાય અને અરિહંત પરમાત્માનું સ્મરણ કરતા જાય. દાન દેતા સમયે શેઠનો ભાવોલ્લાસ વધતો જાય અને દાન દીધા પછી શેઠ જાણે હલકાફૂલ જેવા થઈ જાય. જાણે ભાર ઊતરી ગયો. એ દિવસે પણ નિયમ પ્રમાણે શેઠ બારીએ બેઠા. વચ્ચે રેશમનો પડદો નંખાઈ ગયો અને એક પછી એક હાથ પડદા નીચેથી આગળ આવતા જાય અને શેઠ ઉલ્લાસથી કંઈ ને કંઈ દાન આપતા જાય. ત્યાં તો પડદા નીચેથી પ્રતાપી હાથ બારીમાં લંબાયો. લાંબી ધનરેખા–રાજસત્તાનાં ચિહ્નોવાળો વૈભવી હાથ, પરાક્રમી મંગળ અને મોજ–શોખના સૂચક શુક્રનો ગઢ, કીર્તિની પતાકા જેવી સૂર્યની બળવાન રેખા. હાથમાં રહેલાં આ બધાં સામુદ્રિક

લક્ષણો અને રેખાઓ જોઈ શેઠ થંભી ગયા અને વિચારમાં પડી ગયા. જે હાથ દાન દેનાર હોય એવો હાથ આજે દાન લેવા કેમ લંબાયો હશે? હાથનાં લક્ષણો જોતાં જ જગડુશા કળી ગયા કે આ હાથ કોઈ રાજવીનો છે. માથે કોઈ આફત હશે, પાછળ દુશ્મનો પડ્યા હશે. દેશવટે નીકળવું પડ્યું હશે તેથી આવા વૈભવી માણસને હાથ લંબાવવો પડ્યો હશે. આ હાથનું દળદર કંઈ સોનૈયા કે રૂપૈયાથી ન ફીટે એમ વિચારી જગડુશાએ પોતાની આંગળી ઉપરની હીરાજડિત વીંટી કાઢીને લંબાવેલા હાથમાં મૂકી દીધી.

ગુપ્તવેશે આવેલો રાવ પણ અચંબામાં પડી ગયો કે સૌને સોનૈયા અને રૂપૈયા અને મને વીંટી! નહિ પૂછ કે પરછ અને મૂલ્યવાન વીંટીનાં દાન! રાવ આ દાનનો મર્મ ન સમજી શક્યો. રાવ આગળ વધ્યા. બહાર જઈને વેશ બદલીને ફરીથી દાન–બારીમાં એ જ પ્રતાપી હાથ લંબાયો. એ જ સામુદ્રિક લક્ષણો, એ જ હાથ જોતાં જગડુશા ચમક્યા અને સહેજ થોભ્યા. રાવને થયું કે હવે વાત પકડાઈ જવાની. ત્યાં તો જગડુશાએ ગળામાંથી મૂલ્યવાન હાર કાઢીને એ પ્રતાપી હાથમાં મૂકી દીધો. રાવે શેઠનો હાથ પકડી લીધો અને બોલ્યા, “શેઠ, દાન દેતાં અચકાયા કેમ? અને વચ્ચે આ પડદો કેમ?” જગડુશા કહે, “ભાઈ! તમારો હાથ દાનવીરનો છે, શૂરવીરનો છે તેથી વિચારમાં પડ્યો કે ઓહો! કેવી મોટી આફત આવી પડી હશે ત્યારે આ હાથ ફરીથી બારીમાં લંબાવવો પડ્યો હશે. વીંટીથી

કામ થાય તેમ નહિ હોય તેથી મજબૂર થઈને ફરીથી દાન લેવા આવવું પડયું હશે. આમ વિચારમાં પડયો એટલે વાર થઈ. કંઈ કિંમતી વસ્તુ હાથવગી ન હતી તેથી ગળામાંથી હાર કાઢીને તમારા હાથમાં મૂકયો. જો તેનાથી તમારી ભીડ ન ભાંગે તેમ હોય તો અંદર પધારો. અલ્પ દેવા માટે ક્ષમા કરશો.

રાવે પડદો ખસેડી નાખ્યો અને પોતાના મોં આડેથી આવરણ દૂર કર્યું. શેઠનો હાથ પ્રેમથી પકડી લેતાં રાવ બોલ્યા, "શેઠ, વીંટી આપી ત્યાં સુધી તો તમે અને હું દાનમાં સરખા. પણ એ જ યાચક ફરીથી આવ્યો છે એ જાણીને તમે હાથમાં ગળાનો હાર મૂકી દીધો ત્યાં તો તમે મારાથી કયાંય આગળ નીકળી ગયા." રાવે વળી ભાવથી કહ્યું, "શેઠ, તમે તો મારા રાજ્યના હાર સમા છો. તમારાથી હું શોભું છું. તમે તો રાજ્યનું ગૌરવ છો."

દાનની મહત્તા ઘણી છે પણ દાન કેવી રીતે, કેવા વિવેકથી દેવાયું છે, કેવા ભાવથી અપાયું છે તેના ઉપર દાનની ખરી મહત્તા છે. ધનમાં – સંપત્તિમાં એક નશો છે જે એક પ્રકારના વિષ જેવું કામ કરે છે. દરેક ધર્મોએ દાનનો મહિમા ગાયો છે તે એટલા માટે કે સંપત્તિનો નશો દાનથી ઊતરી જાય. ધનમાં ઝેરનો જે ડંખ છે તે ઝેર નિચોવવાનું કામ દાન કરે છે. દાનથી કોઈને સહાય થાય અને દાન લેનાર તેનાથી ઉપકૃત થાય કે આભારી થાય તે સ્વાભાવિક છે. પણ દાન આપનાર આ વાતને લક્ષમાં રાખીને દાન કરે તો તે દાન આપનાર માટે નિરર્થક નીવડે

કે પછી તેનું ફળ ઘણું અલ્પ થઈ જાય. દાન ધનની શુદ્ધિ કરે છે એટલું નહિ પણ તે તો મનનીય શુદ્ધિ કરનારું છે. દાન દેવા માટે ધન કમાવું તે તો પગ ધોવા માટે તેને કાદવમાં નાખી ગંદો કરવા સમાન છે. જો પગ કીચડમાં પડી ગયો હોય તો તેને પાણીથી ધોવો પડે એ વાત ખરી પણ ધોવા માટે પગને કંઈ કીચડમાં નંખાય? જો ધન આવી જ ગયું હોય તો તેને શુદ્ધ કરવા માટે દાન કરવું જોઈએ. તેથી આપણી સંસ્કૃતિમાં ઘણી જગાએ દાન આપનાર કરતાં દાન લેનારનો મહિમા ગવાયો છે. જે દાન શુદ્ધિ માટેનું સાધન છે તેને ઘણી વાર આપણે આપણા અહંથી-અભિમાનથી અશુદ્ધિનું સાધન બનાવી દઈએ છીએ. દાન આપનાર દાન લેનારને પોતાનાથી હલકો કે નીચો ગણે તો તેની પાછળની ભાવના મોટે ભાગે નષ્ટ થઈ જાય છે. તેથી તો આપણે ત્યાં દાન દેતા પહેલાં દાન લેનારની પૂજા કરવાનું પણ વિધાન છે. હજુ પણ કેટલીક જગાએ આ પ્રથા એક કે બીજા સ્વરૂપે જળવાઈ રહેલી દેખાય છે. દાન દેતા પહેલાં રૂપિયા જળથી કે દૂધથી ધોઈને આપવાની જે પ્રથા છે તેની પાછળ પણ આ ભાવ છે.

જે દાન પાછળનો આશય, શુદ્ધિનો હોય છે તે જ દાન જ્યારે તિરસ્કારથી – કટુ વાક્યો બોલીને કોઈને આપવામાં આવે ત્યારે તેનો આશય જળવાતો નથી અને તે ફક્ત આપણા અહંને પોષનારી એક જડક્રિયા થઈને જ રહે છે. દાન આપણા પરિગ્રહની મૂર્છા–મોહ તોડવા માટે છે, તેથી તેની પાછળ ત્યાગનો ભાવ હોવો જોઈએ. જો દાન

સાથે ત્યાગની ભાવના સંલગ્ન ન હોય તોપણ દાન નિરર્થક નીવડે છે એટલે કે દાન દેનારને તેનું ઝાઝું ફળ મળતું નથી. તેથી તો દાનની જેટલી મહત્તા છે તેના કરતાં દાન કેવી રીતે અપાય છે અને કેવા ભાવથી અપાય છે તેની મહત્તા વધારે છે.

જગતમાં ચાર વસ્તુઓ દુર્લભ ગણાય છે: એક તો પ્રિય વચન સાથે અપાયેલું દાન એટલે કે બહુમાનપૂર્વક થતું દાન, ગર્વ વિનાનું જ્ઞાન. જ્ઞાન સાથે જ્ઞાનનો ઘમંડ છાયાની જેમ જોડાયેલો જ રહે છે તેથી જે જ્ઞાન ગર્વ કે ઘમંડથી રહિત હોય તે પણ દુર્લભ છે. શૌર્ય દુર્લભ નથી પણ જે હારેલાને ક્ષમા આપી શકે તેવું શૌર્ય દુર્લભ છે. એ જ રીતે સંપત્તિ હોવી તે વાત અસામાન્ય નથી પણ ત્યાગની ભાવનાથી રસાયેલી સંપત્તિ હોવી એ વાત દુર્લભ છે. તેથી તો કહેવાય છે:

દાન પ્રિય વાક સહિતં, જ્ઞાનમ અગર્વં
ક્ષમાન્વિતમ શૌર્યમ્, વિત્તંત્યાગ નિયુક્તં
દુર્લભમેતત્ ચતુષ્ટયં લોકે.

# મૈત્રીભાવનુ આંતર્જગત

જાપાનમાં એક ઝેન સાધુની ખૂબ ખ્યાતિ હતી પણ તેમનાં દર્શન દુર્લભ હતાં. દેશ-વિદેશના લોકો તેમની મુલાકાત માટે તત્પર રહેતા હતા અને જેવી ખબર મળે કે તે દર્શન આપે છે કે તુરત જ દોડતા અને તેમની પાસે પહોંચી જતા. એક અમેરિકન જિજ્ઞાસુ ત્રણ ત્રણ વાર નિરાશ થઈને પાછો ગયો હતો પણ આ વખતે તેને આનંદ હતો. ઝેન સંત તેને મુલાકાત આપવા માટે સંમત થયા હતા અને તેને માટે સમય અને સ્થળ મુકરર થયાં હતાં. નિયત સમયે અને સ્થળે સંત અને જિજ્ઞાસુની મુલાકાત યોજાઈ.

અમેરિકન જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો, "એવું તે શું છે કે જે વિનામાગે, અનાયાસે, મળી જાય છે?"

સંત બોલ્યા, "જન્મ, જરા અને મૃત્યુ."

જિજ્ઞાસુ કહે, "ઇચ્છા ન હોય છતાંય, વિના સંમતિએ જે પરિસ્થિતિ ઊભી થાય તેને કેવી રીતે મંગલમય બનાવી શકાય?"

ઝેન સંત ઉત્તર આપવા જાય ત્યાં ધરતી ધ્રૂજવા લાગી. મકાનની બારીઓના કાચ ખખડવા લાગ્યા. છત ઉપરનું ઝુમ્મર

ડોલવા લાગ્યું અને ચક્રાવો લેવા લાગ્યું. વસ્તુઓ આમતેમ ગબડવા લાગી. આસપાસ ચીસાચીસ અને નાસભાગ શરૂ થઈ ગઈ. વિદેશી ગભરાઈ ગયો અને ભાન ભૂલીને જીવન બચાવવા નિસરણી ઊતરીને નાઠો. બાજુમાં ભૂકંપ માટેનું એક આશ્રયસ્થાન હતું તે તરફ બધા દોડતા હતા. પેલો અમેરિકન પણ તે તરફ દોડયો અને ભૂગર્ભના આશ્રયસ્થાનમાં પેસી ગયો. થોડીક વારમાં ધરતી ધ્રૂજતી બંધ થઈ. તુફાન જાણે શાન્ત થઈ ગયું. લોકોના શ્વાસ હેઠા બેઠા અને સૌ બહાર આવવા લાગ્યા. વિદેશીને પણ કળ વળી અને તે પણ આશ્રય-સ્થાનની બહાર આવ્યો અને ઝેન સંતની પાસે પહોંચી ગયો તો ઝેન સંત તો ધ્યાનમગ્ન અવસ્થામાં પ્રસન્નચિત્તે બેઠા હતા. થોડીકવારે તેમણે આંખો ખોલી. વિદેશી જિજ્ઞાસુએ પોતાનો પ્રશ્ન દોહરાવ્યો. સંત સ્મિત કરતાં બોલ્યા, "જરા અંતરના ઊંડાણમાં જાઓ, વિચારો, તમારા પ્રશ્નનો ઉત્તર પ્રત્યક્ષ થઈ ગયો છે."

આપણે પણ જો આપણી અંદર જોઈશું અને વિચાર કરીશું તો આપણને પણ પ્રશ્નનો ઉત્તર મળી જશે. ઝેન સંતની ધરતીકંપ વેળાની સ્થિરતા અને પ્રસન્નતા ઘણું કહી જાય છે. આપણે મૈત્રીભાવ વિષે ઘણી વાતો કરીએ છીએ પણ આપણે તેને સીમિત કરી નાખ્યો છે. આડોશી-પાડોશીને સહાય કરવી, સગા-સંબંધીને મદદરૂપ થવું, કોઈના પ્રત્યે દ્વેષ કે વેરનો ભાવ ન રાખવો. જીવ માત્ર તરફ કરુણા રાખવી-એક રીતે આ બધું મૈત્રીભાવનું બાહ્યજગત છે. આપણે જે કરીએ છીએ, બતાવીએ છીએ તે વિષે

આપણે સભાન છીએ અને અન્ય લોકો પણ બહારથી તેને જોઈ શકે છે. પણ તેનો મૂળ સ્રોત અંતરમાં છે. મૈત્રીભાવનું ઉગમસ્થાન આપણી અંદર છે. જો આપણે તે ગંગોત્રીની યાત્રા ન કરીએ તો તેનું હાર્દ સમજાયા વગર રહી જવાનો પૂરો સંભવ છે અને અમૂલ્ય લાભ આપનાર રત્નસમ મૈત્રીભાવનું આપણને ફક્ત અલ્પ ફળ જ મળશે.

આપણે મૈત્રીભાવ કેળવવાનો છે—સૌ પહેલા તો આપણા જીવન સાથે. ઘણીવાર તો આપણે આપણી સાથે જ લડતા હોઈએ છીએ પછી આપણને શાન્તિ કયાંથી મળે? આપણને જ જો શાન્તિ ન મળે તો વળી આપણે બીજાને શું શાન્તિ આપવાના? આપણે આપણા કુટુંબના સભ્યો—નિકટના સ્વજનો સાથે મૈત્રીભાવ રાખી શકીએ છીએ? આપણાં મા-બાપ, ભાઈ-ભાંડુ, પત્ની-બાળકો, નોકરચાકર એમ આપણા પરિવાર સાથેનો આપણો વ્યવહાર મૈત્રીપૂર્ણ છે? એમના માટે આપણા દિલમાં મૈત્રીભાવ જ ભરેલો હોય છે ખરો? ભગવાન મહાવીરે તો જીવમાત્રના કલ્યાણનો વિચાર કરતાં તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું પણ આપણે જરા અંતરમાં ઊતરીને વિચારી તો જોઈએ કે આપણા આ પરિવાર માટે, આપણાં સ્વજનો માટે પણ આપણા દિલમાં કેવો ભાવ રહે છે?

આપણે એવા સમયમાં જીવીએ છીએ કે જયા કેટલીય પરિસ્થિતિ ઉપર, કેટલાય સંજોગો ઉપર આપણો કાબૂ નથી હોતો. આપણે તેને બદલી પણ શકતા નથી કારણ કે એ આપણા હાથમાં નથી. જે પરિસ્થિતિ બદલી ન શકાય તેનો

આપણે મૈત્રીભાવથી સ્વીકાર ન કરી શકીએ ? અરે, આપણે તો રસ્તામાં પડેલા પથ્થરો ઉપર રોષ કરીને કેટલા ક્ષુબ્ધ થઈ જઈએ છીએ ? સામે આવનાર કે સામે ન આવનાર, સૌને આપણે ભાંડતાં જ ફરીએ છીએ. પળ પળમાં ગુસ્સે થઈ જઈએ છીએ, પળ–પળમાં હાલી ઊઠીએ છીએ. જે સંજોગો ઓચિંતાને જ ઉપસ્થિત થયા અને જેને બદલવાનું આપણા હાથમાં નથી તેની સામે આવો તે શો ઉકળાટ ? આમ અકારણ આપણે કેટલુંય આર્તધ્યાન કરીએ છીએ અને વિષમ સંસાર વધાર્યા કરીએ છીએ.

વૃદ્ધાવસ્થા અને રોગ જીવનમાં આવવાનાં જ છે, કોઈ તેમાંથી બચી શક્યું નથી અને આપણે પણ બચવાના નથી. શું આપણે તેના માટે માનસિક રીતે તૈયાર છીએ ? વૃદ્ધાવસ્થા એટલે અંગોની અકડન એટલું જ નહિ પણ વિચારોનીય અકડન. જે પોતાનો મત પડતો મૂકતો નથી, તેમાં બાંધછોડ કરતો નથી, તે વૃદ્ધ જેવો જ છે. જે આગ્રહી નથી, અન્યની વાત સાંભળી શકે છે, સમજવા પ્રયાસ કરે છે તે હંમેશનો યુવાન જ છે. આપણે વિચાર્યું છે કે રોગ પણ ઉપકારક થઈ શકે છે? રોગથી શરીરના દોષો બળી જાય છે અને આપણને સાવધ કરી વધુ સ્વસ્થ થવાની તક પૂરી પાડે છે. માંદગીમાં સ્વજનો સાથેનો સહવાસ વધે છે. મિત્રોની મીઠી મૈત્રી માણવાની તક ઘણીવાર રોગ વધારી મૂકે છે. સંસાર અને વ્યવહારની દોટ કેટલી આંધળી છે, અને કેટલી જરૂર વગરની છે તે ઘણીવાર રોગને લીધે–બીમારીને લીધે સમજાય છે. જો આપણે

સ્વસ્થ અભિગમ ધારણ કરીએ તો વૃદ્ધાવસ્થાને માણી શકીએ, પછી ભલેને તેને રોકી ન શકાય. વૃદ્ધાવસ્થા જીવનના અનુભવોના નીચોડ સમ હોય છે. જીવનભર કરેલી મહેનતના પરિપાકરૂપે પાકેલા ફળ જેવી વૃદ્ધાવસ્થા હોય છે. એ અવસ્થા આવેગોથી રહિત હોય છે એટલે આપણે હરકોઈ પરિસ્થિતિનું તટસ્થતાથી મૂલ્યાંકન કરી શકીએ છીએ. તેથી તો કહેવાય છે કે "ઘરડાં વિના ગાડાં ન વળે." એ જ રીતે જે રોગ સાથે મૈત્રી કેળવી જાણે છે તે મૃત્યુને પણ મંગલમય બનાવી શકે છે. સનતકુમાર ચક્રવર્તીની વાત આવે છે. તેમને અનેક રોગો થયા હતા પણ રોગો તેમને સતાવી શકતા નહિ કે સંતાપી શકતા નહિ. રોગો મટાડવાની પોતાની શક્તિ છતાંય તેઓ રોગ મટાડવા ઉત્સુક ન હતા. રોગ પ્રત્યેનો આ પણ વિશિષ્ટ મૈત્રીભાવ કહી શકાય. તેમણે રોગોને ઉપકારક ગણ્યા કારણ કે તેનાથી તેઓ મોહનિદ્રામાંથી જાગી ઊઠ્યા હતા.

અરે આપણે તો પ્રકૃતિનાં બળો, કુદરતી તત્ત્વો સામે પણ કેટલાય બખાળા કર્યા કરીએ છીએ. આપણને તો સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો સાથે પણ મેળ નથી. તડકો લાગે તો સૂર્યને ભાંડીએ અને ઠંડી લાગે તો ઋતુઓને ભાંડવા લાગીએ. વરસાદ તો બિચારો દોષનો ટોપલો વેંઢારવા માટે જાણીતો છે. આપણે મૈત્રીભાવના આંતર્જગતથી અજ્ઞાત છીએ એટલે તો ઠેર ઠેર દોષારોપણ કરતા ફરીએ છીએ. પરિણામે આપણે અશાન્તિમાં જીવીએ છીએ-તનાવમાં જીવીએ છીએ અને

તેનાથી કેટલાય રોગોને આપણે સામે ચાલીને જાણે નિમંત્રણ દઈએ છીએ. કેટલાય સાથે આપણે અકારણ યુદ્ધે ચડયા છીએ.

મૈત્રીભાવનો આવિષ્કાર એટલે જીવનમાં સુખ અને શાન્તિનો આવિષ્કાર. મૈત્રીભાવથી પૂર્ણ જીવન એટલે ભર્યું ભર્યું પ્રસન્ન જીવન. મૈત્રીભાવ એ વિધાયક ભાવ છે. વ્યક્તિના વિકાસ અને મધુરપનો આધાર મૈત્રીભાવ ઉપર છે. ભય, આવેશો, નિરાશા, શંકા-કુશંકા વગેરે નિષેધાત્મક ભાવો છે. મૈત્રીભાવથી વિનોદવૃત્તિ ખીલે છે. તેના વિકાસથી પરિસ્થિતિને આપણે હળવાશથી લેતાં, સ્વીકારી લેતાં શીખી જઈએ છીએ. મૈત્રીભાવથી મનોબળ અને પ્રાણશક્તિનો વિકાસ થાય છે. મૈત્રીભાવથી ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ માર્ગ મળી રહે છે. પણ મૈત્રીભાવનો એક રાતમાં વિકાસ થઈ શકતો નથી. તે એક ધીમી પ્રક્રિયા છે. તેના માટે સદ્‌વિચારો અને સારી ભાવનાઓનું સેવન કરવું પડે. તે માટે જીવનનો અભિગમ બદલવો પડે છે. કેટલાક દાર્શનિકો તો ત્યાં સુધી કહે છે કે જેણે મૈત્રીભાવ કેળવી જાણ્યો તેણે ધર્મ જાણ્યો. તેનું જીવન અને મરણ બન્ને સુધરી જાય છે.

# રામ તો એના એ પણ....

સંત કબીરનું નામ કોણે નહિ સાંભળ્યું હોય? ભારતના અધ્યાત્મજગતમાં કબીરનું નામ ખૂબ માનપૂર્વક લેવાય છે. કબીર જ્ઞાની હતા અને મોટા કર્મયોગી પણ હતા. કબીર કહે સુણો ભાઈ સાધુ – એ ધ્રુવપંક્તિ સાથેનાં એમનાં ભજનો વિખ્યાત છે. એ કબીરના જીવનનો એક પ્રસંગ છે. સવારે વહેલા ઊઠીને કબીર પોતાની દિનચર્યા શરૂ કરે. તેમનું કામ ચાલતું જાય અને સાથે ઈશ્વરરટણ થતું જાય. કામમાંથી થોડાક નિવૃત્ત થાય એટલે કબીર એમની કુટિરની બહાર આવે. ત્યાં સુધીમાં તો આગણામાં ગરીબ-ગુરબાં ભેગાં થઈ ગયાં હોય. કબીર પાસે સૌ પોત-પોતાના દુઃખ વિષે રડે અને કબીર સૌને શાન્ત્વન આપી જરૂરી બોધ કરે. એમા કેટલાય રોગીઓ પણ આવે. પોતાનો રોગ મટાડવા તેઓ કબીર પાસે દુઆ માગે. કબીર રોગની વાત સાંભળી પાણીની અંજલિ ભરી રોગીને જ્યાં દર્દ થતું હોય ત્યા તેના ઉપર મંત્ર ભણીને પાણી છાંટે. રોગીનું દર્દ

દૂર થાય અને રોગી રડતો આવ્યો હોય પણ હસતો પાછો જાય.

કબીરનો પુત્ર કમાલ આ જોયા કરે અને તેને નવાઈ લાગે. એક દિવસ તેણે કબીરને પૂછ્યું, "બાબા, તમે કયો મંત્ર ભણો છો કે રોગીને રોગ મટી જાય છે?" કબીરે કંઈ કહેવા આનાકાની કરી પણ કમાલે તો એ વાત છોડી જ નહિ. છેવટે કબીરે કહ્યું, "કમાલ! આ મંત્ર તો સીધો-સાદો છે. હું તો ભાવપૂર્વક 'રામ'નું નામ બોલી પાણીની અંજલિ રોગી ઉપર નાખું છું અને રોગી સારો થઈ જાય છે." કમલાના મનમાં આ વાત ખાસ જચી નહિ પણ હવે જીદ કરવાનો કંઈ અર્થ હતો નહિ. એક દિવસ કબીર કંઈક કામે બહાર ગયા હતા અને એક રોગી દરદ ન સહેવાતાં રડતો રડતો આવ્યો. કબીરને આવવાની વાર હતી. કમાલને વિચાર આવ્યો: "લાવને હું જ મંત્ર ભણીને પાણી છાંટી જોઉં! મંત્રનું પારખું પણ થઈ જશે." કમાલે પાણી હાથમાં લઈને 'રામ' બોલીને રોગી ઉપર છાંટ્યું પણ રોગીનો રોગ દૂર થયો નહિ. કમાલને લાગ્યું કે બાબાએ તેને સાચો મંત્ર આપ્યો નથી. કબીર આવતાં તેણે આ વાત કરીને ફરિયાદ કરી. કબીર કહે, "બેટા! તને આ વાત એમ નહિ સમજાય. જો તારે એ વિષે જાણવું જ છે તો અહીંથી બે કોશ દૂર ગામના પાદરમાં એક તળાવ છે ત્યાં જા. તળાવને કાંઠે એક વડલો છે. ત્યાં એક બાવાજી બેઠા છે. તેમની પાસે જઈને મારું નામ દઈને તેમને આ વાત પૂછજે. કદાચ તેઓ તારી શંકાનું સમાધાન કરી શકે."

કમાલ બીજે દિવસે મુસાફરી કરીને બાવાજી પાસે પહોંચી ગયો. ત્યારે ત્યાં કોઢિયાઓનું એક ટોળું જમા થયું હતું અને કોઢિયાઓ બાવાજીની રાહ જોતા હતા. વડ પાસે બાવાજીની ઝૂંપડી હતી. બાવાજી થોડીક વારે ઝૂંપડી-માંથી બહાર આવ્યા. તેમના હાથમાં ચીપિયો હતો. શરીરે ભભૂત લગાવી હતી. કપાળમાં ચિત્ર-વિચિત્ર ટીલાં–ટપકાં તાણ્યાં હતાં. બાવાજીની પાસે જે ધૂણી ધખતી હતી તેમાંથી રાખનો મૂઠો ભરી બાવાજીએ કોઢિયાઓના ટોળા ઉપર નાખ્યો. જેના ઉપર રાખ પડી તે બધાનો કોઢ દૂર થઈ ગયો. બાવાજીની 'જે' બોલતું ટોળું વીખરાઈ ગયું. કમાલને થયું બસ શીખવા જેવો તો આ મંત્ર છે. લાંબી કંઈ ઝંઝટ નહિ. એક મુઠી રાખમાં 'જય જયકાર.'

કમાલે બાવાજીને પોતાની ઓળખ આપી અને પોતાના આવવાનું પ્રયોજન કહ્યું. મંત્રની યાચના કરી. બાવાજી કહે, "હું તો બીજું કંઈ જાણતો નથી. કબીર જેવો જ્ઞાની નથી. ધૂણી ધખાવીને રામનામ દેતાં તન અને મન તપાવું છું. કોઈ રડતા આવે તો ધૂણામાંથી રાખની મૂઠી ભરી 'રામ'નું નામ લઈને તેમના ઉપર નાખું છું. રોગીઓ કેમ સાજા થાય છે તે હું શું જાણું ? છતાંય તારે આ વાત જાણવી હોય તો અહીંથી ચાર કોશ દૂર જા. ત્યાં નદીના કિનારા પાસે એક સંન્યાસીનો મઠ છે. એ મંત્ર-તંત્રના જાણકાર છે. તે તને આ વિશે કંઈ કહી શકે."

કમાલ વળી આગળ ચાલ્યો અને બે-ત્રણ દિવસમાં

નિશાની આપેલી નદી પાસે આવી પહોંચ્યો. સંન્યાસીનો મઠ પણ તેને જડી ગયો. સંન્યાસી પાસે જઈને તેમના પગમાં પડી ગયો. પછી ઊઠીને સંન્યાસીને બધી વાત કરી. સંન્યાસી કહે, " કબીર તો મારા ગુરુભાઈ. આવ્યો છે તો રહે અને બે-ચાર દિવસ આરામ કર. પછી શાન્તિથી તને આ વાત સમજાવીશ."

કમાલને તો રાતે ઊંઘ પણ આવે નહિ અને દિવસ લાંબો લાગ્યા કરે. ક્યારે સંન્યાસી બોલાવશે અને વાતનું રહસ્ય સમજાવશે, એમ અધીરો થઈ જાય. રાતે માંડ બે-ત્રણ ઝોકાં મારે અને સવારે નદીએ જઈ સ્નાન કરી આવે અને સંન્યાસીને પ્રણામ કરીને ઊભો રહે. એક દિવસે સાધુએ તેને પ્રેમથી પાસે બેસાડ્યો અને કહે, " કમાલ! તું નદી-કિનારે જા અને ઊભો રહે. થોડીક વારમાં ઉપરવાસમાંથી એક મડદું તણાતું તણાતું આવશે. મડદું દેખાય એટલે તું નદીના વહેણની વચ્ચે ચાલ્યો જજે અને મડદાને કિનારે ખેંચી લાવી મને બોલાવવા આવજે."

કમાલ આશ્ચર્યથી સંન્યાસી સામે જોઈ રહ્યો. પછી તે નદીના તટે આવીને ઊભો રહ્યો. થોડીક વારમાં મડદું તણાતું આવ્યું. કમાલ નદીના વહેણમાં જઈને તેને કિનારે ખેંચી લાવ્યો. સાધુએ આવીને મડદાના કાન પાસે મોં લઈ જઈને ફૂંક મારી. થોડીક વારમાં મડદામાં પ્રાણનો સંચાર થયો અને માણસ બેઠો થયો. એ માણસ સાધુને પગે પડ્યો અને તેનો પ્રાણ બચાવવા માટે ગદ્‌ગદ કંઠે આભાર

માનવા લાગ્યો.

કમાલને લાગ્યું કે બસ મેળવવા જેવો તો આ જ મંત્ર છે. આ મંત્ર પાસે બાવાજીનો મંત્ર પણ ઓછો પડે. કમાલ કહે, "બાપજી! બસ મને આ મંત્ર શિખવાડો. તમે કહો એટલા દિવસ રહું અને તમારી ચાકરી કરું." સાધુ કહે, "કમાલ! મેં તો કંઈ કર્યું નથી. 'રામ'નું નામ બોલીને ફૂંક મારી અને મડદું સજીવન થયું! ક્યાંક પ્રાણ રૂંધાયો હશે તે છૂટો થઈ ગયો અને માણસ જાગી ગયો."

કમાલના માન્યામાં આ વાત ન આવી. કબીરજી અંજલિ જળ છાંટીને કોઈનો રોગ મટાડે. બાવાજી ચપટી રાખ ફેંકીને આખા ટોળાનો કોઢ મટાડે અને સાધુ ફક્ત ફૂંક મારીને મડદામાં પ્રાણનો સંચાર કરે. વળી પાછા ત્રણેય જણ કહે છે કે તેઓ તો 'રામ' નામનો જ મંત્ર બોલે છે. કમાલને વિચારમાં પડેલો જોઈ સાધુએ કહ્યું, "કેમ માન્યામાં નથી આવતું ને! એમાં શું સમજાય તેવું નથી?" કમાલ કહે, "બાપજી! 'રામ' તો બધાય બોલે છે પણ સૌની અસર જુદી જુદી થાય છે. હુંય 'રામ'નું નામ બોલું છું, પણ તેનાથી કોઈનો રોગ તો શું પણ રૂંવાડુંય ફરકતું નથી. માનો ન માનો, પણ તમે બધા મારાથી કંઈ છુપાવો છો. તમે કોઈ બીજો જ મંત્ર બોલતા હશો."

સાધુ કહે, "વત્સ! તું આ મંત્રવિદ્યાનાં રહસ્યો સમજવા માટે હજુ બાળક જેવો છે તેથી તને અચરજ થાય છે. બધાય 'રામ'નો મંત્ર જ બોલે છે પણ બધાય-

નીય મંત્રસિદ્ધિ જુદી જુદી છે. વાસ્તવમાં મંત્રમાં બળ નથી. મંત્રમાં સાધકે બળ પૂરવાનું છે. બધાના 'રામ' તો એના એ જ છે પણ કોણે એ મંત્રમાં કેટલું બળ પૂર્યું છે એ વાત મહત્ત્વની છે. જેની જેવી સાધના તેવી તેની મંત્ર-સિદ્ધિ.

આપણે ત્યાં મંત્ર બાબત ઘણું અજ્ઞાન કે ગેરસમજ પ્રવર્તે છે. નવકાર મંત્ર તો છે એનો એ જ; પણ કોઈને ફળે છે તો કોઈને ફળતો નથી. વળી નવકાર મંત્રના પ્રભાવ વિશેની વાતો વાંચીએ ત્યારે લાગે કે ખરેખર આ વાતો સાચી હશે? આપણને તો એની સરખામણીમાં કંઈ મળતું નથી કે ફળતું નથી. એનું મૂળ કારણ એ છે કે નવકારની આપણી મંત્ર-સાધના ઘણી નિર્બળ છે. કહેવાય છે કે એક નવકાર મંત્રનું રટણ પણ સંસારસાગરની પાર ઉતારી દે છે. વાત ખોટી નથી પણ આપણે વાતને ખોટી રીતે પકડી છે. ખાલી કોરો નવકાર આપણે એક વખત બોલી જઈએ તેથી કંઈ સંસારસાગર પાર ન ઊતરાય. એ તો સામર્થ્ય યોગના નવકાર મંત્રની વાત છે. એમાં પહેલાં ઇચ્છા યોગ આવે પછી શાસ્ત્રયોગ એટલે વિધિયોગ આવે અને એમ સાધના ઉત્કૃષ્ટ થતી જાય. જ્યારે નવકારની આરાધના એની ચરમસીમાએ પહોંચે ત્યારે તેમાં સામર્થ્ય આવે અને એ સામર્થ્ય યોગનો નવકાર કહેવાય. મંત્રમાં બળ આપણે પૂરવાનું છે. મંત્રને પ્રાણવાન આપણે બનાવવાનો છે અને તે આપણી સાધના અને આરાધના દ્વારા થાય. આ વાત ફક્ત નવકાર મંત્ર માટે છે એમ નથી. જે મહામંત્રો

કહેવાય છે તે બધાય માટે આજ આમ્નાય છે, પછી તે ગાયત્રી મંત્ર હોય કે શિવનો પંચાક્ષરી મંત્ર હોય કે શ્રી કૃષ્ણ શરણં મમનો મંત્ર હોય; મંત્રમાં પ્રાણ પૂરવા માટે જપ જોઈએ, તપ જોઈએ, શુદ્ધિ જોઈએ, ધ્યાન જોઈએ, ચારિત્ર જોઈએ – બાકી રામ તો એના એ જ છે પણ સાધનાથી સૌના રામ જુદા પડે છે.

# મહુરત નથી

રાજગૃહી નગરીમાં એક કર્મકાંડી બ્રાહ્મણ રહેતો હતો. જ્યોતિષવિદ્યામાં પણ તે પારંગત હતો. પંડિત હતો. સમાજમાં તેનો માન-મરતબો સારો હતો. એક રાત્રિએ તેના ઘરમાં કેટલાક ચોરોએ પ્રવેશ કર્યો. તસ્કરોએ આમતેમ ખોળાંખોળ કરતાં તેમને દાગીનાનો એક દાબડો મળ્યો. ભીંતમાં છુપાવેલ-ગોઠવેલ સંચની પણ તેમને ભાળ મળી ગઈ. સંચ ખોલતાં જે થોડીક તોડફોડ કરવી પડી તેનાથી બ્રાહ્મણની પત્ની જાગી ઊઠી અને તે તુરત જ પરિસ્થિતિની ગંભીરતા સમજી ગઈ. તેણે ધીમેથી બ્રાહ્મણને ઉઠાડ્યો અને કહ્યું, "ઘરમાં ચોર આવ્યા છે. તમે કંઈક કરો." બ્રાહ્મણ શાન્ત પડી રહ્યો અને આંગળીઓના વેઢા ઉપર કંઈક ગણવા લાગ્યો. પણ તેણે ઊઠવાની કંઈ ચેષ્ટા કરી નહિ. વળી પાછી પત્ની બોલી, "તમે ઊઠો. આ ચોરોએ તો પોટલીઓ બાંધવા માંડી છે અને જોતજોતામાં આપણા દર-દાગીના ચાલ્યા જશે, તમે કંઈક તો કરો."

બ્રાહ્મણમાં લડવાની તો હામ હતી નહિ. પત્ની આ વાત સારી રીતે જાણતી હતી. તેણે કહ્યું, "છેવટે બૂમો તો

પાડો. કંઈ અવાજ તો કરો. પડોશીઓ જાગી ઊઠશે અને તેમના ભયથી ચોરો નાસી જશે. કંઈક કરતાં કંઈક તો બચી જશે. આમ પડયા રહેવાથી તો કંઈ બચવાનું નથી.'' પણ બ્રાહ્મણ તો શાન્ત જ રહ્યો. ન બૂમ પાડી કે ન હુંકારો કર્યો. છેવટે તસ્કરો ચોરેલા માલ સાથે પોતાને પંથે પડ્યા. પત્ની અકળાઈને બોલી, “હવે તો ઊઠો. જરા જુઓ તો ખરા કે શું ગયું અને શું રહ્યું ?” છેવટે બ્રાહ્મણ બોલ્યો, “જો અધીરી ન થા. અત્યારની ઘડી જ એવી છે કે બૂમ પાડીશું તો પણ માલ પાછો નહિ આવે. અત્યારે મુહૂર્ત જ એવું છે કે ચોર પકડાય નહિ. સમય આવે સૌ કરીશું.” બ્રાહ્મણની પત્ની બડબડાટ કરીને શાન્ત પડી. દિવસ ઊગતાં રોજની જેમ તેમણે વ્યવહાર શરૂ કર્યો. આમ કરતાં કરતાં વાતને છ મહિના થઈ ગયા. ત્યાં એક રાતે બ્રાહ્મણ ઊઠયો અને જોરથી બૂમો પાડવા લાગ્યો, “જાગો, જાગો. ચોર આવ્યા છે. પકડો, પકડો.” બ્રાહ્મણની બૂમો સાંભળી અડોશ-પડોશમાંથી લોકો જાગી ઊઠ્યા અને ઘરની બહાર આવી પૂછવા લાગ્યા, “ક્યાં છે ચોર ? કઈ બાજુ ચોર ગયા ? શું માલ ચોરાયો ?”

બ્રાહ્મણ કહે, “ઊભા રહો. શાન્તિથી મારી વાત સાંભળો. છ મહિના પહેલાં મારા ઘરમાં ચોર આવ્યા હતા. તેઓ ઘરમાંથી દાગીના લઈને ગયા છે.'' પાડોશીઓ ગુસ્સે થઈને બોલ્યા, “પણ આજે એનું શું છે ? આજે ભાગી રાતે બધાને શું કરવા જગાડ્યા ?” બ્રાહ્મણ કહે, “ભાઈઓ ! ધીરા પડો. તે દિવસે બરોબર મુહૂર્ત હતું નહિ, એવા મુહૂર્તમાં ચોર પકડાય નહિ. આજે યોગ્ય ઘડી-પળ છે. શોધ કરીશું તો

અવશ્ય ચોર પકડાશે." પડોશીઓ ગુસ્સે થઈ બ્રાહ્મણને ઠપકો આપવા લાગ્યા અને છેવટે તેની મૂર્ખાઈ ઉપર હસતા હસતા બધા વીખરાયા.

આ વાત આમ તો બહુ સીધી-સાદી અને ખાસ અર્થ વિનાની લાગે છે ને! પણ જરા શાન્તિથી વિચાર કરીશું તો લાગશે કે આપણે પણ પેલા બ્રાહ્મણની જેમ જાણે કોઈ યોગ્ય મુહૂર્તની રાહ જોઈને બેસી રહ્યા છીએ. બ્રાહ્મણના ઘરમાંથી તો દર દાગીના અને થોડીક વસ્તુઓ જ ચોરો લઈ ગયા હતા પણ આપણું તો સર્વસ્વ લૂંટાઈ રહ્યું છે અને આપણે ઘોર નિદ્રામાંથી જાગતા નથી. એક યુગપુરુષે કહ્યું છે :

"કામ–ક્રોધ–લોભ–મોહાઃ દેહે તિષ્ઠંતિ તસ્કરાઃ
હરન્તિ જ્ઞાન રત્નાન, તસ્માદ્ જાગૃહિ જાગૃહિ."

આપણી અંદર જ કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા તસ્કરો પેઠેલા છે અને તેઓ આપણાં જ્ઞાનરૂપી રત્નો લઈ જાય છે માટે જાગો. આપણાં આ મહામૂલાં જ્ઞાનરત્નો જે ચોરી જાય છે તે ચોરોથી–તસ્કરોથી તો આપણે અજાણ છીએ. બ્રાહ્મણને તો એ પણ ખબર હતી કે તેનું ધન ચોરાઈ ગયું છે પણ આપણી વિષમતા તો એ છે કે આપણું સર્વ લૂંટાઈ રહ્યું છે ત્યારે આપણને લાગે છે કે આપણે તો સમૃદ્ધ થઈ રહ્યા છીએ. કેવી મોટી કરુણા! એ ધર્મપુરુષ આગળ ચાલતાં કહે છે : "આપણું ઐશ્વર્ય, સંપત્તિ, વૈભવ, કીર્તિ બધું સ્વપ્ન જેવું છે. ક્યારે એ બધું સરી જાય તે કહેવાય નહિ. એક દરિદ્ર માણસે સ્વપ્નામાં સાહ્યબી જોઈ. જાણે વાડી–બંગલા–ગાડી–લાડી અને પરિવાર. એ

બધાની સાથે તો સુખ માણી રહ્યો છે ત્યાં તેની આંખ ઊઘડી તો તે ફૂટપાથ ઉપર જ સૂતેલો હતો. એમ આપણું ઐશ્વર્ય-સુખ-સાહ્યબી બધું સ્વપ્ન જેવું છે. ક્યારે આંખ મીંચાય તેનો ભરોસો નહિ. એક પળમાં બધું હાથમાંથી સરી જાય. પણ આપણા જીવનની મોટી કરુણા એ છે કે આપણે ગાઢ નિદ્રામાં પડ્યા છીએ. ધર્મ-ગુરુઓ, યુગપુરુષો વખતોવખત આપણને જાણે ઢોલ વગાડીને કહે છે કે જાગો-જાગતા રહો. પણ આપણે આંખ ઉઘાડીને ઘડીમાં તો ફરીથી મીઠી નિદ્રામાં સરી જઈએ છીએ. આપણાં જ્ઞાન રૂપી રત્નો ચોરાઈ રહ્યાં છે છતાંય આપણે જાગતા નથી. શું પેલા બ્રાહ્મણની જેમ આપણે પણ કોઈ યોગ્ય મુહૂર્તની રાહ જોઈને બેઠા છીએ? જેમ છ મહિના વીતી ગયા પછી ચોર ન પકડાય તેમ આપણે પણ જીવન વીતી જવા આવશે ત્યારે આપણી અંદર રહેલા કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા તસ્કરોને કેવી રીતે પકડીને બહાર કાઢી શકીશું?

આપણે આત્માનો ખરો વૈભવ જોયો નથી. આપણને તેના સુખનો અણસાર પણ નથી. તેથી તો આપણે મજાની મોહમય નીંદર માણી રહ્યા છીએ. જો આપણે સમયસર જાગી જઈશું અને પુરુષાર્થ કરીશું તો આપણે પેલા ક્રોધ આદિ તસ્કરોને પકડીને ઘર બહાર કાઢી શકીશું અને આપણી અણમોલ આંતરિક સંપત્તિને બચાવી શકીશું. સવારે ખીલેલાં પુષ્પો સાંજે કરમાઈ જાય છે. જોતજોતામાં યૌવન હાથતાળી આપીને છટકી જાય છે. જાણે હજુ તો ગઈકાલે જ સંસારમાં આવ્યા હતા, જન્મ્યા હતા અને આજે તો હવે મોટા થઈ ગયા,

પ્રૌઢ થઈ ગયા. અરે, વૃદ્ધ થઈ ગયા. હવે આપણા મૃત્યુનો બધાને એટલો રંજ નહિ રહે. જોતજોતામાં જરા–વૃદ્ધાવસ્થાએ આપણા ઉપર પંજો લંબાવ્યો છે. રોગોના હુમલા શરૂ થઈ ગયા છે. છતાંય આપણે ક્યાં સુધી આંખમીંચામણાં કરીને પડ્યા રહીશું? હવે નહિ જાગીએ તો પછી ઘણું મોડું થઈ જશે. બધું જ લૂંટાઈ ગયા પછી જાગનારના નસીબમાં રોવા સિવાય બીજું શું બાકી રહે છે?

એક શાણા શેઠની–શ્રેષ્ઠીની વાત આવે છે. પર્વના દિવસો આવતા હતા. શેઠે ઘરની વહુ-દીકરીઓને કહ્યું, "ઘરમાં ભંડાર ખુલ્લા છે. પૂરો જાપ્તો રાખજો, નહિ તો લૂંટાઈ જઈશું." સંધ્યાકાળે શેઠ ઘરે આવ્યા ત્યારે અંધારું હતું. ઘરની બહાર ચોકીદાર બેઠો હતો. શેઠે ઘરમાં જઈને કહ્યું, "જો આવી ચોકી રાખશો તો પર્વના દિવસોમાં લૂંટાઈ જઈશું." બધા વિચારમા પડ્યા. ત્યાં શાણી વહુએ આવીને દીવો કર્યો અને બોલી. "બાપાજી! હવે તમે ચિંતા કરશો નહિ. મેં ઘરમાં જ્ઞાનનો દીવો પ્રગટાવ્યો છે. મોહનો અંધકાર દૂર થયો છે, ઘરના બધા ખૂણા ઉપર પ્રકાશ પથરાઈ ગયો છે. હવે તસ્કરો ક્યાંયથી નહિ આવે. આપણને હવે લૂંટાવાનો ભય નથી."

પ્રશ્ન રહે છે કે જ્ઞાનનો દીપ કેવી રીતે પ્રગટાવી શકાય? આપણે ભૂલી જઈએ છીએ કે માહિતી એ જ્ઞાન નથી. આપણે પ્રમાદમાં જીવીએ છીએ તેથી આપણને આપણા સ્વરૂપનું જ જ્ઞાન નથી રહેતું. આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. મોહના વાદળોથી તે ઢંકાઈ ગયો છે. સૂર્યને જોવા માટે કોઈ દીવો

કરે એના જેવા આપણા પ્રયાસો છે. આપણે ખરો પુરુષાર્થ કરવાનો છે મોહનાં વાદળોને દૂર કરવાનો. પણ આપણી પ્રવૃત્તિ વિપરીત રહે છે. આપણે જવું છે પૂર્વમાં પણ દોડીએ છીએ પશ્ચિમ તરફ. આમ આપણી મંઝિલ દૂર ને દૂર જતી જાય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે દોડવાનું નથી. આપણે જરૂર છે એવા પવનની કે જે મોહનાં વાદળોને વીખેરી નાખે. તે માટે આપણે આપણી અંદર જોવું પડશે–તપાસવું પડશે. આપણે આપણી વૃત્તિઓનું નિરીક્ષણ કરવું પડશે. એ વૃત્તિઓને સમજવી પડશે અને જે વૃત્તિઓ આત્માના ગુણોનો ઘાત કરનાર છે તેને એક પછી એક દૂર કરવા માટે આપણે પુરુષાર્થ કરવાનો છે. આ અંદરની પ્રક્રિયા છે. તે માટે બહારની દોડથી કંઈ અર્થ નહિ સરે.

ભગવાન મહાવીરે કર્મની જટિલ સમસ્યા સમજાવી. કર્મબંધ કેવી રીતે થાય, તેનું શું ફળ આવે, તે કેવી રીતે ભોગવવાં પડે એ બધાનું વિષદ વર્ણન કર્યું. પણ જ્યારે કેવળજ્ઞાનની વાત કરી ત્યારે તેમણે મોહનો જ ઘાત કરવાની વાત ઉપર બળ મૂક્યું. કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે ચૌદ સોપાનની સીડી આપણે ચડવાની છે. એને ચૌદ ગુણસ્થાનકો કહે છે. આ ગુણસ્થાનકોમાં ઉત્તરોત્તર મોહને તોડવાની જ વાત છે. એકેક પગથિયે મોહ તૂટતો જાય તેમ જીવ પોતાની મંઝિલ તરફ આગળ વધતો જાય. છેવટે જ્યારે મોહનો સંપૂર્ણ નાશ થાય ત્યારે જીવ ચૌદમા પગથિયે આવીને ઊભો રહે અને કેવળજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઊઠે.

આ મોહનું અસ્તિત્વ ટકાવી રાખનાર બે સબળ

ધારાઓ છે. એક છે રાગની અને બીજી દ્વેષની. રાગ-દ્વેષની આ મહાનદીઓમાં ઘસડાતા-કૂટાતા-તણાતા આપણે ચૌદ રાજલોકમાં ઘૂમ્યા જ કરીએ છીએ. એમાંથી બહાર આવનાર વિરલાઓ જ હોય છે. ભગવાન મહાવીર તેમની ચરમ દેશનામાં, ધર્મના સાર જેવો ઉપદેશ આપતાં તેમના પટ્ટ શિષ્ય ગૌતમને કહે છે, "હે ગૌતમ, તું એક પળનો પણ પ્રમાદ કરીશ નહિ," એટલે કે ભગવાન જીવનની પળેપળ જાગ્રત રહેવાની—સજાગ રહેવાની વાત કરે છે. શેનાથી આપણે સજાગ રહેવાનું છે? આપણે મોહથી સજાગ રહેવાનું છે. પળેપળ જાગૃત રહેવાનું છે કે જેથી મોહ આપણી વૃત્તિઓનો પ્રેરક બની ન જાય કે મોહ આપણી પ્રવૃત્તિઓનો નિયામક બની ન જાય. આપણે દેવ-દર્શન, દેરાસર-ઉપાશ્રય, વ્યાખ્યાન-પ્રતિક્રમણ બધું ભલે કરીએ પણ જો ભગવાનની આ દેશનાના—ઉપદેશનાં આ રહસ્યને યથાયોગ્ય સમજીશું નહિ તો આપણી ધર્મવિષયક પ્રવૃત્તિઓ પણ આપણને ઝાઝી ઉપકારક નહિ નીવડે. આપણે મોહનિદ્રામાંથી જાગવાનું છે અને આળસ ખંખેરીને ઊભા થઈ જવાનું છે. એ માટે આપણે કયા મુહૂર્તની રાહ જોઈ રહ્યા છીએ? આ માનવભવમાં એ મુહૂર્ત નહિ આવે તો પછી તે ક્યારે આવવાનું? જાગવા માટે મુહૂર્ત જોવાનાં ન હોય એ તો જાગ્યા ત્યાંથી સવાર.

# રામ ક્યાં છે ?

એક પૌરાણિક કથા છે. રામાયણનો એ પ્રસંગ છે. રાવણ જંગલમાંથી સીતાને પોતાના વિમાનમાં નાખીને લંકા લઈ ગયો. રામ અને લક્ષ્મણ સીતાને શોધતા શોધતા ભારતના દક્ષિણ ભાગમાં આગળ વધ્યા જ્યાં તેમને હનુમાન, સુગ્રીવ વગેરે વાનરોનો સાથ મળ્યો. છેવટે ભાળ મળી કે સીતા લંકામાં અશોકવાટિકામાં છે. છેવટે સૌએ લંકા પહોંચીને રાવણ સાથે લડાઈ કરીને સીતાને છોડાવવાનું નક્કી કર્યું. પણ લંકા પહોંચવા માટે તો ઘૂઘવતો સમુદ્ર પાર કરવો પડે તેમ હતું. તેથી વાનરસેનાને દરિયો પાર કેવી રીતે કરાવવો એ મોટો પ્રશ્ન ઊભો થયો. છેવટે સમુદ્ર ઉપર પુલ બાંધવાનું નક્કી થયું. વાનરો ઠેર ઠેરથી મોટા મોટા પથ્થરો ઊંચકી લાવે, પછી રામભક્ત હનુમાન પથ્થર ઉપર રામનું નામ લખે અને દરિયામાં નાખે.

રામના નામવાળો પથ્થર દરિયામાં પડે પણ ડૂબે નહીં. એ તરવા લાગે. પણ જે પથ્થર ઉપર 'રામ'નું નામ ન લખ્યું હોય તે પથ્થર જો સમુદ્રમાં પડી જાય તો તે

ડૂબી જાય. આમ દિવસભર પુલ બાંધવાનું કામ ચાલ્યા કરે. રાત્રે વાનરો વિશ્રામ કરે. સાંજ પછી રામ પોતે પુલનું કામ ક્યાં સુધી આગળ વધ્યું તે જોવા માટે ફરવા નીકળે અને ભૂલ થઈ હોય તો તે સુધારીને બીજા દિવસના કામની સૂચના આપે. એક દિવસ રામના મનમાં વિચાર આવ્યો કે આ પથ્થરો મારા નામથી કેવી રીતે તરતા હશે? તેમના મનમાં અજાયબી થઈ. રામને જાતે જ પથ્થરો રામનામથી કેમ તરે છે તેની ચકાસણી કરવાનું મન થયું અને સંધ્યાકાળ પછી કોઈને ય સાથે લીધા વિના રામ દરિયા તરફ નીકળ્યા.

હનુમાનજી તો રામના પરમભક્ત. રામને કોઈ તકલીફ પડે નહીં તેમ તેઓ હંમેશાં તેમને અનુસરે. આજે તો રામે હનુમાનને પણ સાથે આવવાની ના પાડી, પરન્તુ પરમભક્ત પરમાત્માનો વિયોગ કેવી રીતે સહન કરે? છેવટે હનુમાનજી છાનામાના રામની પાછળ પાછળ ગયા. રખેને પ્રભુને કંઈ કામ પડે કે મુશ્કેલી નડે તો તુરત જ મદદે પહોંચી જવાય. રામ ચાલતા ચાલતા છેક દક્ષિણકાંઠે આવ્યા. સામે હતો ઘૂઘવતો મહાસાગર. રામે ખાતરી કરી કે કોઈ જોતું તો નથી ને? પછી તેમને લાગ્યું કે હવે હું એકલો જ છું. અને દૂર સુધી કોઈ દેખાતું નથી. આમ તેમ જોઈને તેમણે એક મોટો પથ્થર લીધો અને દરિયાકિનારે જઈને તે પથ્થર પાણીમાં નાખ્યો, પણ ગજબ થયો. પથ્થર ડૂબી ગયો. રામે મૂકેલો પથ્થર તર્યો નહિ. વળી તેમણે નાનો પથ્થર લીધો અને તેને પાણીમાં નાખ્યો, પણ તેય

ડૂબી ગયો. રામ વિમાસણમાં પડચા. થોડાક મૂંઝાયાયે ખરા. પણ છેવટે મન વાળ્યું કે ચાલો, એટલું સારું છે કે કોઈએ આ જોયું નથી. તેથી કોઈ આ વાત જાણવાનુંયે નથી. પરન્તુ જેવા રામ પાછા ફરવા ગયા ત્યાં તો હનુ-માનજીને હાથ જોડીને ઊભેલા જોયા. રામજી વળી વધારે મૂંઝાયા અને તેમણે હનુમાનને પૂછ્યું, "હનુમાન! તેં કંઈ જોયું?" હનુમાન કહે, "પ્રભુ! હું તમારી પાછળ છાયાની જેમ હતો. મેં સઘળું જોયું. આજે મને ખાતરી થઈ કે આપ જ પરમ પરમાત્મા છો." રામની મૂંઝવણ ઓર વધી ગઈ. ત્યાં હનુમાનજી બોલ્યા, "આજે મને સમજાઈ ગયું કે જેને રામ છોડે છે તે ડૂબી જાય છે. આપે પથ્થરોને છોડચા તે પાણીમાં ડૂબી ગયા જ્યારે અમે જે પથ્થરોના ઉપર 'રામ' નામ લખીને અંકિત કરીએ છીએ એના હૃદયમાં રામ વસી જાય છે. જે પથ્થરના હૈયે રામ વસેલા હોય છે, તે પથ્થરો તરી જાય છે. હે પ્રભુ! આજે મને સત્ય સમજાયું."

રામ અને હનુમાનના પ્રસંગવાળી આ પૌરાણિક કથા ઘણી માર્મિક છે. તેની અંદર ગૂઢ રહસ્ય રહેલું છે. જો આપણે આ રહસ્યને સમજીને તેના હાર્દ સુધી પહોં-ચીએ તો સંસારની આપણી ઘણી સમસ્યા–પ્રશ્નો હલ થઈ જાય. રામને હૈયામાં રાખે તે સંસાર તરી જાય. રામને હૈયામાં રાખવા એટલે શું? શું હૃદય ઉપર રામનું નામ કોત-રાવીએ તો તેમને હૃદયમાં રાખ્યા કહવાય કે પછી રામ નામનો અંચળો ઓઢીને ફરીએ તો બેડો પાર થઈ જાય?

કે પછી રામ રામ એમ રટણ કરીએ – જાપ જપીએ એટલે સંસાર પાર કરી જવાય? રામને હૃદયમાં રાખવા એટલે શું?

રામ એટલે પરમાત્માનું સ્વરૂપ. પરમાત્મા એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને પ્રસન્નતા તથા અનંત શક્તિ અને સામર્થ્ય. પરમાત્મા અનંત જ્ઞાનમય છે, અને તે જ્ઞાન શુદ્ધ હોય છે. તેમાં તેમનું દર્શન સીમાઓની પેલે પારનું હોય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન તેમને હસ્તામલકવત્ હોય છે. તે અનંત આનંદના સ્વામી હોય છે. તે આનંદ નિષેધાત્મક નથી હોતો. દુઃખ દૂર થવાનો આનંદ નિષેધાત્મક હોય છે. જ્યારે તેમનો આનંદ એના સહજ સ્વરૂપે હોય છે, અને તે અદ્‌ભુત હોય છે. તેમનામાં અનંત સામર્થ્ય અને શક્તિ રહેલાં હોય છે. તેથી કોઈ પણ વસ્તુ તેમને માટે અશક્ય નથી રહેતી. તત્ત્વજ્ઞાનમાં આ બાબતોને અનંત ચતુષ્ટયી કહેવામાં આવે છે. પરમાત્મા આ અનંત ચતુષ્ટયીના સ્વામી છે. આ ચારેય અનંતો પરમાત્માને આધારે રહેલા છે. રામને હૈયામાં વસાવવા એટલે રામના આ પરમાત્મતત્ત્વને પોતાના હૃદયમાં વસાવવું. આ પરમાત્મતત્ત્વનો જેનામાં આવિર્ભાવ થાય તે પોતે જ પરમાત્મા બની જાય.

આપણે બધા ટૂંકો અને સરળ રસ્તો શોધનારા છીએ એટલે આપણો આત્મા આ પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકતો નથી, અને તેનાથી દૂરનો દૂર રહે છે. 'રામ' શબ્દમાં અનંત શક્તિ છે. શબ્દની સાથે જ્યારે આપણે

રામના સ્વરૂપનું ચિંતન કરીએ છીએ ત્યારે વળી રામની અનંત શક્તિની આપણે વધારે નજીક જઈએ છીએ. રામ શબ્દનું સ્મરણ, તેમના સ્વરૂપનું ચિંતન આપણને રામની એટલે કે પરમાત્મતત્વની નજીક લઈ જાય છે.

પણ જ્યારે આપણે રામના નામના રહસ્યનો સાક્ષાત્કાર કરીએ છીએ ત્યારે આત્મા મોટી હરણફાળ ભરે છે. રામનામના રહસ્યને પામવા માટે રામના ગુણો, તેમનું સત્ય, તેમનો પ્રેમ, તેમનું વાત્સલ્ય, તેમની નીતિ, તેમની સહિષ્ણુતા, તેમની પિતૃભક્તિ, વડીલો તરફનો આદરભાવ, તેમનો પ્રજાપ્રેમ – આ બધું આપણે સમજવું પડશે. આ ગુણોને મૂલવીને જ્યારે આપણે હૃદયમાં ઉતારીએ ત્યારે એમ કહી શકાય કે હવે રામ આપણા હૃદયમાં ઊતરી રહ્યા છે. આમ જે મનુષ્ય રામના ગુણોને હૃદયમાં ધારણ કરે છે તે તરી જાય છે, પછી ભલેને તે પથ્થર હોય. એટલે કે પથ્થર જેવો જડ માણસ પણ રામના ગુણોને ધારણ કરીને આર્દ્ર બનતો જાય છે, હળવો થતો જાય છે. પછી તેને સંસારનો ભાર લાગતો નથી અને ગમે તેવા ઘૂઘવતા મહાસાગરમાં પણ તે તરવા લાગે છે. એટલે કે સંસારરૂપી સાગરમાં તે તરવા લાગે છે અને છેવટે પરમાત્મતત્ત્વ પ્રતિ તે ચાલ્યો જાય છે. આ માટે તપવું પડે, ખપવું પડે. વળી એ માટે હનુમાનજીની શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધા એટલે અંધવિશ્વાસ નહિ. શ્રદ્ધા એટલે ધ્યેયનિષ્ઠા અને અવિરત પ્રયાસ, લગન અને વિશ્વાસ.

આપણે સૌ તપાસી જોઈએ કે આપણો રામ ક્યાં

છે? આપણો રામ ફક્ત આપણા હોઠમાં વસેલો છે? આપણે ફક્ત રામનામનો અંચળો ઓઢ્યો છે કે પછી રામ જે પરમાત્મતત્ત્વ છે તેને આપણો આત્મા ખરેખર સ્પર્શ્યો છે? પરમાત્મતત્ત્વ પ્રતિની આપણી નિષ્ઠા કેટલી છે અને તેને પ્રાપ્ત કરવા માટેની આપણી ઝંખના કેટલી છે?

# ભાવધારા

મહારાષ્ટ્રમાં એક મોટા સાધક સંત થઈ ગયા. લોકો તેમને સંત એકનાથજીના નામે ઓળખે છે. સવારના પહોરમાં તે વહેલા ઊઠીને ગોદાવરી નદીમાં સ્નાન કરવા જાય અને માર્ગમાં ઈશ્વરનામનું રટણ કરતા પાછા વળે. એક વાર કોઈ એક માણસને તેમની મશ્કરી કરવાનો વિચાર આવ્યો. એકનાથજી સ્નાન કરીને પાછા ફરતા હતા તે સમયે તે માર્ગમાં ઊભો રહ્યો અને જેવા તે નજીક આવ્યા કે તે તેમના ઉપર થૂંક્યો. સંત પાછા ફર્યા. ફરી વાર ગોદાવરી નદીમાં સ્નાન કરીને પાછા એ જ રસ્તે નીકળ્યા. પેલો માણસ ત્યાં જ ઊભો હતો. તે ફરી વાર તેમની ઉપર થૂંક્યો. સંત ફરી પાછા સ્નાન કરવા ગોદાવરી તરફ ગયા. વળી પાછા ફરતાં એ જ માણસ તેમના ઉપર થૂંક્યો. આમ એક વાર નહિ, બે વાર નહિ પણ એકવીસ વાર સંત એકનાથ ગોદાવરીમાં સ્નાન કરવા પાછા ફર્યા. સંત પેલાને કાંઈ કહે નહિ, ગુસ્સે થાય નહિ, તેનો પ્રતિકાર કરે નહિ કે ન તો પોતાનો નિયમ છોડે. તેઓ ગોદાવારી નદીમાં સ્નાન કરી એ જ રસ્તે ભગવદ્દસ્મરણ કરતાં પાછા ફરવાના નિયમને

વળગી જ રહ્યા. આમ આવન જાવનમાં એ દિવસની સવારમાં બે કલાકથી પણ વધારે સમય નીકળી ગયો. એકનાથજી જ્યારે એકવીસમી વાર પાછા ફરી રહ્યા હતા ત્યાં પેલો માણુસ રડી પડ્યો અને સંતના પગમાં પડી ગદ્ગદ કંઠે માફી માગવા લાગ્યો. સંતે તેને ઊભો કરી છાતીએ લગાડીને કહ્યું, "ભાઈ! તું તો મારો પરમ મિત્ર ઠર્યો. આમ તો રોજ ગોદાવરી માતાના ખોળામાં એક જ વાર જતો હતો. આજે તો તારી કૃપાથી એકવીસવાર ગોદાવરી મૈયાના ખોળામાં બેસીને સ્નાન કરવાનો મને અવસર મળ્યો. બસ, આજે તો હું ધન્ય થઈ ગયો, તું તો મારો પરમ ઉપકારી છે."

વાત આમ નાની લાગે છે, પણ જરા એના ઉપર વિચાર કરીએ તો એ ઘણી મોટી છે. પેલા માણુસનું સંત એકનાથ પર થૂંકવું એ બાહ્ય નિમિત્ત હતું, જે કોઈને પણ ગુસ્સે કરી મૂકે કે હાથ ઉપાડવા વિવશ કરી દે. પણ સંત એકનાથજી ન તો ગુસ્સે થયા કે ન તો તેના ઉપર તેમણે હાથ ઉપાડ્યો. કારણ કે સંતનું ઉપાદાન એટલે કે પોતાનું પોત એટલું પ્રબળ હતું કે નિમિત્તનું તેમની પાસે કાંઈ ચાલ્યું નહિ. આ પ્રસંગની સાથે આપણે આપણા જીવનના પ્રસંગોનો વિચાર કરી જોઈએ. આપણી સમક્ષ ગુસ્સો થાય એવાં નિમિત્તો જ્યારે આવે છે ત્યારે આપણી શું સ્થિતિ હોય છે? આપણે તેની કેવી પ્રતિક્રિયા કરીએ છીએ? આપણે તો તેનો બદલો લેવા માટે કેવી યોજનાઓ ઘડીને એને શું નું શું કરી નાંખીએ? આપણું અપમાન

થાય ત્યાં આપણો અહમ્ કેવો ઘવાય છે? અને રોષ કેવો ભભૂકી ઊઠે છે? એની જ્વાળાઓ કેટલી ઊંચી હોય છે? જે બીજાને તો શું આપણને પણ બાળે છે.

સંત એકનાનાથજીની આ સિદ્ધિ કાંઈ નાનીસૂની ન હતી. વિરોધી નિમિત્તોની વચ્ચે પણ સ્થિર રહેવું તે કાંઈ નાની વાત નથી. એ સમજણ અને સાધના બંને માંગી લે છે. દરેક વ્યક્તિની અંદર બે પ્રકારની ભાવધારા વહે છે. એક ભાવધારા છે ઘૃણાની, ઈર્ષ્યાની, દ્વેષની. એ ભાવધારા નિષેધાત્મક ભાવની ધારા છે. બીજી બાજુ એ જ વ્યક્તિમાં મૈત્રી, પ્રેમ, અહિંસા, મૃદુતા, સહિષ્ણુતા, ઋજુતા એવા ભાવોની ધારા વહેતી હોય છે. આ વિધાયક ભાવોની ધારા છે. આપણી અંદર આ બંને ભાવધારા વહ્યા કરે છે અને જેવું કાંઈ નિમિત્ત મળે કે યથાતથા ભાવ પ્રગટ થાય છે અને આપણું વર્તન તે પ્રમાણે થઈ જાય છે.

સંત એકનાથજીમાં જે કાંઈ ઘટિત થયું તે આકસ્મિક નથી થયું. જો તેઓ કાયર હોત તો તે માર્ગ બદલી નાખત. જો તેમનું મનોબળ ઓછું હોત તો તે દિવસનો કાર્યક્રમ પડતો મૂકી દેત. તેમણે આવું કાંઈ ન કર્યું. તેઓ તેમના કાર્યક્રમને વળગી જ રહ્યા, કારણ કે કેમનું ઉપાદાન–પોત ઘણું જ દૃઢ હતું–બળવાન હતું. જે વ્યક્તિ પોતાની અંદરની વિધાયક ભાવધારાને જાણે છે, સ્પર્શે છે અને તેને સુદૃઢ કરે છે તે જ વ્યક્તિ આવાં બાહ્ય નિમિત્તો મળવા છતાં તેને વશ થતી નથી અને અડગ રહી શકે છે. આવી વ્યક્તિઓએ પોતાની સાધનાથી નિષેધાત્મક અપ્રશસ્ત ભાવધારાને

નિર્બળ કરી નાખી હોય છે, અને વિધાયક પ્રશસ્ત ભાવોની ધારાને બળવાન કરી હોય છે. આ ભાવધારાઓમાં ફેરફાર કરવો હોય તો પ્રથમ તો ભાવધારાઓને જાણવી પડે, પછી તેની સાથે સંપર્ક સાધવો પડે, અને ત્યાર પછી તેમાં પરિવર્તન કરવું પડે છે. આ પ્રક્રિયા કદાચ લાંબી નહિ હોય તો પણ તે અટપટી છે અને સાધના માગી લે છે.

આપણી અંદરની આ બંને ભાવધારાઓ બદલવાનો એક ઉપાય છે. સતત સ્મૃતિ અને સતત જાગરુકતા. જેનું માનસ સતત સજાગ છે, તે આ ભાવધારાઓને ઓળખી શકે છે. પછી તો એવા અંતરમનનું નિર્માણ થઈ જાય છે કે ભાવધારાની સ્મૃતિ આપણા મનમાં કાયમની પેદા થઈ જાય છે. અંતરની ભાવધારાઓ સાથે સંપર્ક સાધવા માટે સંપર્કસૂત્રો છે. આ પ્રકારનો સંપર્ક શબ્દથી, સ્પર્શથી, સંકલ્પથી, મનથી, ચિંતનથી એમ સૂક્ષ્મ રીતે સાધી શકાય છે, અને પછી તેમાં પરિવર્તન કરી શકાય છે. જપ–મંત્ર એ શબ્દ સૂત્રો છે પણ તેનો પ્રભાવ સમગ્રતયા વર્તાય છે. જો આપણે અમુક જ ભાવનું નિર્માણ કરવા માંગતા હોઈએ કે ભય, ઘૃણા ક્રોધ જેવાં અમુક ખાસ ભાવને બદલવા માંગતા હોઈએ તો તે માટેના ખાસ શબ્દો પસંદ કરવા જોઈએ. મહાપુરુષોના, સંતોના, મુનિઓના આશીર્વાદ પણ ભાવધારામાં ફેરફાર કરી શકે છે. તમે જોયું હશે કે સંતો માથા ઉપર હાથ મૂકી સ્પર્શથી આશીર્વાદ આપે છે. આ સ્પર્શની શક્તિ પણ ભાવધારાને સ્પર્શે છે. ધર્મમાં આપણે ત્યાં અનેક આલંબનો બતાવેલાં છે. આલંબન જેટલું સ્થૂળ

એટલો પ્રભાવ ઓછો. આલંબન જેટલું સૂક્ષ્મ એટલો તેનો પ્રભાવ વધારે. જ્યારે અન્ય વ્યક્તિની સહાયથી આ કાર્ય થવાનું હોય તો તે વ્યક્તિ વધારે શુદ્ધ અને શક્તિશાળી હોવી જોઈએ. પણ છેવટે અન્ય વ્યક્તિની સહાય પણ પારકી છે, અને પારકું એ પારકું અને પોતાનું એ પોતાનું. ધર્મ-પુરુષોએ જે બાર પ્રકારની ભાવનાઓ કહી છે અને બૌદ્ધોએ મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ એમ ચાર ભાવનાઓ ઉપર ભાર મૂક્યો છે, તે આપણી ભાવધારા બદલવામાં ખૂબ સહાયક નીવડી શકે છે. જે વ્યક્તિ પોતાની ભાવધારાઓને જાણે છે, સમજે છે અને તેમાં જરૂરી પરિવર્તન કરી શકે છે, ફેરફાર કરે છે તેનું પોતાનું પોત ઘણું ટકાઉ થઈ જાય છે. તેનું ઉપાદાન શક્તિશાળી અને સુદૃઢ થઈ જાય છે. પછી આવી વ્યક્તિઓ આવનાર નિમિત્તોને વશ થતી નથી અને જો થાય છે તો પણ નિમિત્તોનો તેમના ઉપરનો પ્રભાવ ઘણો ઓછો રહે છે. એકનાથજી જેવા સંતોએ પોતાની અપ્રશસ્ત ભાવધારા બદલી નાખી હોય છે. તેથી નિમિત્તોનો તેમના ઉપરનો પ્રભાવ ઘણો ઓછો રહે છે. નિમિત્તો તેમના ઉપર ખાસ અસર કરી શકતાં નથી, અને તેઓ સદા પ્રસન્ન અને સફળ રહે છે. આ વાત ફક્ત ધર્મની નથી, આ તો જીવવા માટેની છે, જીવન સફળ અને પ્રસન્ન રાખવા માટેની છે.

# ભવની ભાવટ

ગુજરાતમાં અખા ભક્ત થઈ ગયા. તેઓ તેમના ચાબખા માટે જાણીતા છે. તેઓ પરિસ્થિતિ જોઈને તેના ઉપર એવો શાબ્દિક કટાક્ષ કરે કે માણસને લાગે કે જાણે તેને કોઈએ ચાબખો માર્યો. અખા ભક્ત હતા. પણ એક રીતે તેઓ અનોખા હતા. આમ ભક્ત અને પાછા વેદાંતી. ભક્તિ અને જ્ઞાનની ગંગા-જમના તેમનામાં એકસાથે વહે.

એક વાર અખા ભક્તને યાત્રાએ જવાનો વિચાર આવ્યો. ભક્તે તો પગપાળો પ્રવાસ શરૂ કર્યો અને રાજસ્થાન તરફ નીકળ્યા. માર્ગમાં આવતાં નાનાંમોટાં યાત્રાધામો પાસે વિસામો કરે અને પૂર્ણ ભાવથી પ્રભુની ભક્તિ કરે. આમ કરતાં કરતાં તેઓ, કહેવાય છે કે, ભક્તિના પરમધામ ગણાતા મંદિરે જઈ પહોંચ્યા. શરીરમાં થાક હતો પણ પ્રભુને મળવાનો મનમાં ઉલ્લાસ હતો. અખા ભક્ત પગપાળા પ્રવાસ કરીને આવ્યા હતા તેથી વસ્ત્રો મેલાં-ઘેલાં હતાં. વાળ આમતેમ હવામાં ઊડતા હતા. ગળામાં માળાઓ ઝૂલતી હતી. જોતાં જ લાગે કે કોઈ દરિદ્ર માણસ છે. અખા ભક્ત મંદિરે પહોંચ્યા ત્યારે દર્શન બંધ થતાં હતાં એટલે ચોકીદાર દ્વાર બંધ કરતો

હતો અને દર્શનાર્થીઓને દૂર કરતો હતો. ભક્ત દ્વાર નજીક પહોંચ્યા ત્યાં દ્વાર ભીડાઈ ગયાં. હાથમાં આવેલો કોળિયો કોઈએ ઝૂંટવી લીધો હોય એવું ભક્તને લાગ્યું. અખા ભક્તે દ્વારપાળને વિનંતી કરી. "ભાઈ! એક પળ માટે મારા પ્રભુની ઝાંખી કરી લેવા દે, દૂરથી આવ્યો છું અને હૈયે દર્શનની મોટી આશા લઈને આવ્યો છું." ચોકીદાર માન્યો નહિ અને ભક્ત દર્શનથી વિમુખ રહ્યા. થોડીક વાર પછી દર્શન ખૂલ્યાં પણ ધક્કામુક્કી વચ્ચે ભક્ત ફંગોળાવા લાગ્યા. અખા ભક્ત ભગવાન પાસે માંડ પહોંચે અને વળી પાછા ધકેલાઈ જાય. તેમણે સેવકોને ખૂબ કાલાવાલા કર્યા પણ કોઈ કંઈ સાંભળે નહિ.

અખા ભક્તને તો ભગવાનને હૃદયમાં ઉતારવા હતા. આ યાત્રામાંથી, આ દર્શનમાંથી તેમને જીવનનું ભાથું ભરી લેવું હતું. ભગવાનના સ્વરૂપની એવી ઝાંખી કરી લેવી હતી કે ફરી વાર અવાય કે ન અવાય પણ હૃદયમાંથી ભગવાન નોખા ન થાય. ભક્તે સેવકોને વિનંતી કરી. "ભાઈ! મને આ ખૂણામાં થોડી વાર શાન્તિથી ઊભો રહેવા દો. દૂરથી આવ્યો છું અને ભગવાનને પામવાની ભાવના લઈને આવ્યો છું. મને દર્શનની એક ધન્ય પળ મળી જાય કે જીવનમાં પછી પ્રકાશને પ્રકાશ જ રહે." પણ આ ધક્કામુક્કી અને કલશોરમાં તેમને સાંભળે કોણ? ત્યાં તો અખા ભક્તની નજર પડી કે કેટલાંક વિશિષ્ટ સ્ત્રી-પુરુષો ખાસ અલાયદા રહીને નિરાંતે દર્શન કરતાં હતાં. તેમને કોઈ રોક-ટોક કરતું નહિ અને સેવકો લળી-લળીને તેમને સગવડ કરી આપતા હતા.

અખા ભક્ત વ્યવસાયે સોની હતા. હૃદયથી ભક્ત હતા તો જ્ઞાનથી વેદાંતી હતા. મનમાં ને મનમાં કંઈ નિર્ણય કરી લીધો. ભક્ત પાછા ફર્યા, બીજે દિવસે અખા ભક્તે શ્રીમંતનો-ધનવાનનો વેશ લીધો. કાંજીવાળું પાટલીદાર ધોતિયું, રેશમી અંગરખો, જરીવાળી પાઘડી, અંગ ઉપર ઘરેણાં અને પગમાં કીમતી મોજડી. હવે તો અખા શેઠ મંદિરે પહોંચ્યા. ભીડ તો પહેલાં જેવી જ હતી પણ પેલો જ ચોકીદાર નમી નમીને રસ્તો કરવા લાગ્યો. શેઠે મોજડી કાઢી તો તેણે સાચવવા માટે જાણે ખોળામાં જ લઈ લીધી. પેલો જ દ્વારપાળ બીજા દર્શનાર્થીઓને દૂર ખસેડીને શેઠને પ્રેમથી અંદર લઈ ગયો. આગળ વધતાં સેવકોને લાગ્યું કે કોઈ મોટા શેઠ આવ્યા છે. સેવકો કહે, "શેઠજી! ક્યારે પધાર્યા? આજે પ્રાતઃકાળમાં આપ જેવા પ્રભુભક્તનાં દર્શન થતાં જાણે હવે દિવસ સુધરી ગયો. ચાલો, અંદરની બાજુ. આ આડશમાં ઊભા રહીને તમે નિરાંતે દર્શન કરો."

શેઠને નિરાંતે દર્શન થયાં. આંખ ભરી ભરીને ભક્તે ભાવથી ભગવાનના સ્વરૂપને હૃદયમાં ઉતાર્યું. અખા ભક્ત ભગવાન સાથે એકાકાર થઈ ગયા. ત્યાં તો કોઈ ઉત્સાહી સેવકે તો શેઠને સંપૂર્ણ દર્શન થાય માટે ભગવાનના વાઘા પણ થોડાક આઘા-પાછા કરવા માંડ્યા. તો વળી કોઈ સેવક શેઠ માટે પ્રસાદની વ્યવસ્થા કરવા દોડ્યો. ત્યાં તો આરતી થઈ. અખા ભક્તે મન ભરીને ભગવાનને નીરખ્યા. ભક્ત જાણે પાવન થઈ ગયા આરતી પૂરી થતા સેવકો વળી શેઠની આસપાસ ફરવા લાગ્યા. ત્યા તો અખા શેઠ શરીર

ઉપરના દાગીના ઉતારવા લાગ્યા અને ભગવાન સન્મુખ ધરીને બોલવા લાગ્યા, "હે કડા, લે દર્શન કરી લે.' વળી કંઠી કાઢીને શેઠ બોલ્યા, 'અરે કંઠી! નિરાંતે દર્શન કરી લે.' વળી પાછા શેઠે આંગળીમાંથી વીંટી કાઢી અને બૂમ પાડીને વીંટીને દર્શન કરાવ્યાં. મંદિરમાં ભેગા થયેલા દર્શનાથીઓને આ તમાશો જોઈ નવાઈ લાગી. સેવકો વિમાસણમાં પડી ગયા. ત્યાં કોઈએ શેઠને કહ્યું, "શેઠજી! તમારા દાગીનાઓને કેમ દર્શન કરાવો છો? આ વળી કેવો ખેલ માંડયો?" શેઠ કહે: "ભાઈ હું તો ભક્ત છું, મેં તો મન ભરીને દર્શન કરી લીધાં. પણ જે દાગીનાઓ અને આભૂષણોને લીધે મને દર્શન કરવાનો આવો સરસ લાભ મળ્યો તેને તો મારે દર્શન કરાવવાં જ જોઈએ. ખરો ઉપકાર તો આ આભૂષણો અને અલંકારોનો છે, જેને પ્રતાપે મને પ્રભુના નિરાંતે દર્શન થયાં."

અખા ભક્ત પ્રભુથી નોખા ન હતા. પ્રભુને પધરાવવા માટે તેમણે હૃદયમંદિર ચોખ્ખું કરી રાખ્યું હતું. મોહ-માયા જેવા કષાયોને તેમણે વાળીઝૂડીને હૃદયમાંથી કાઢી મૂકયા હતા. ભક્તિભાવથી ભરેલ હૃદય ઈશ્વરની ભક્તિમાં લીન હતું અને સુખ ઈશ્વરગાન કરતું હતું. ભગવાન તેમ-નાથી કયાંય દૂર ન હતા. તેમનું હૃદય ભગવદ્‌ભાવથી ભીંજા-યેલું હતું. તેમને તો ભગવાનથી કોઈ દૂર કરી શકે તેમ ન હતું. પણ અખાના સમયમાં જે વાતાવરણ અને પરિસ્થિતિ હતી તેમા આજે પણ ઝાઝો ફેર પડયો હોય તેમ લાગતું નથી. ભગવાનના દ્વારે જ્યાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ

ત્યાં ધન–સંપત્તિનું સન્માન જોવા મળે છે અને ગરીબ ઠોકરો ખાય છે. ભાવની કે ભક્તિની ત્યાં જાણે કોઈ ગણના નથી. ભક્તને માંડ પગથિયાં ઉપર જગા મળે છે ત્યારે ધનવાન માટે પ્રભુના મંદિરમાં ગર્ભદ્વાર સુધીનો માર્ગ મોકળો થઈ જાય છે.

શું આવા ભેદભાવભર્યા વાતાવરણમાં ઈશ્વર ઊભો રહે ખરો ? આપણાં આવાં દર્શન કેવી રીતે ફળે ? ખરેખર આપણે પ્રભુને ઓળખવો છે ? આપણે ભગવદ્‌ભાવ સમજવા માગીએ છીએ ખરા ? આપણે એની અનુભૂતિ કરવી છે ખરી ? આપણે જો આ બધું પામવું હોય તો આપણે ભગવદ્‌ભાવને સમર્પિત થવું પડશે. પરમાત્માને સેવકો, પૂજારીઓ, શ્રેષ્ઠીઓ અને પાખંડી ધર્મગુરુઓના ગઢમાંથી બહાર લાવવો પડશે. ભગવાનને આ બધા ઘેરી વળ્યા છે અને ભક્ત તો મંદિરની બહાર જ રહી ગયો છે. આમ તો આપણે ક્યારેય પણ ભગવાનની નિકટ આવી શકવાના નથી. આજે જગતમાં યુવાનો અને બુદ્ધિશાળી વર્ગના લોકો ધર્મથી વિમુખ થતા જાય છે તે માટે આ પરિસ્થિતિ ઘણે અંશે જવાબદાર છે.

આપણે શા માટે દેવદર્શન, દેવવંદન કે પૂજન કરીએ છીએ ? જો જરા ઊંડાણથી વિચાર કરીશું તો લાગશે કે જે પરમાત્મતત્ત્વ છે તેનો આપણે સાક્ષાત્કાર કરવાનો છે. આપણે ભગવદ્‌ભાવ પામવાનો છે. એનામય થવાનું છે. જે આ પરમાત્મતત્ત્વને પામે છે તેનાથી પછી ભગવાન દૂર રહેતો નથી. ત્યારપછી તેનાં વાણી, વર્તન અને વિચાર

પરમાત્માને સમર્પિત થઈ જાય છે. જરા વિચારો તો ખરા. પરમાત્માની સૃષ્ટિમાં ક્યાંય ભેદભાવ નથી. ક્યાંય વેરો કે આંતરો નથી. સૂર્યનો પ્રકાશ સૌને સુલભ છે. વરસાદ ગરીબ કે અમીર જોયા વિના સૌ ઉપર એકસરખો વરસે છે. પવિત્ર નદી કે સરોવર કોઈનેય પોતાના જળમાં સ્નાન કરવાની ના નથી કહેતાં. જ્યાં ભેદભાવ મૂકવાનો છે, જ્યાં અભિમાનનાં પોટલાં ઉતારવાનાં છે એવા દેવદ્વારે જઈને ઘણી વાર આપણે ગુમાનનાં પોટલાં બાંધીને પાછા ફરીએ છીએ. જ્યાં સમગ્ર સમર્પિત કરીને ઝૂકવાનું છે, નમવાનું છે ત્યાં આપણે અક્કડ ને અક્કડ જ રહીએ છીએ. તેથી તો જીવન-ભર દેવ-દર્શન, ભજન-કીર્તન કરવા છતાંય આપણી ઝોળી ભરાતી નથી અને આપણે ભગવદ્ભાવથી વંચિત રહી જઈએ છીએ. જો જીવનમાં એક વાર પણ ભગવદ્ભાવનો પ્રસાદ મળી જાય તો પછી ભવની ભાવટ ભાંગી જાય.

# કર્મની કથની

ભગવાન બુદ્ધ તેમના શિષ્યગણ સાથે વિહાર કરી રહ્યા હતા. ધર્મ અને કર્મની ચર્ચા ચાલતી હતી ત્યાં ભગવાનના પગમાં એક અણીદાર શૂળ ભોંકાઈ ગઈ. તેઓ અટકી ગયા. સાથે જ તેમનો શિષ્ય આનંદ હતો. તેણે તેમના પગમાંથી શૂળ ખેંચી કાઢી. પણ શૂળ ઊંડી ગઈ હતી તેથી પગમાંથી લોહીની ધારા વહેવા લાગી. આનંદે પૂછ્યું, "ભંતે! આપને પણ દુઃખ સહેવું પડે તે કેવી વાત?" ભગવાને કહ્યું, "આનંદ! કેટલાય જન્મ પહેલાં એક માણસને મેં ભાલાથી વીંધી નાખ્યો હતો, એ કર્મનો હિસાબ થતાં થતાં આટલો બાકી હતો તે આજે ચૂકવાઈ ગયો."

ભગવાન મહાવીરના પૂર્વભવની પણ આવી જ એક વાત છે. ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં તેઓ સુખશૈયામાં સૂવા ગયા. તેમને નિદ્રામાં સહાય થાય અને સ્વસ્થ ઊંઘ આવે માટે સંગીતકાર મીઠું મધુર સંગીત તેનાં વાદ્યો ઉપર રેલાવતો હતો. વાસુદેવે શૈયાપાલકને સૂચના આપી કે જેવા તેઓ નિદ્રાધીન થાય કે સંગીત બંધ કરાવવું અને સંગીતકારને

વિદાય કરવો. થોડીક વારમાં તો વાસુદેવ નિદ્રાધીન થઈ ગયા પણ સંગીત એટલું મધુર અને માદક હતું કે શૈયાપાલક સાંભળતો જ રહ્યો અને તે પોતે જ ગાઢ નિદ્રામાં સરી ગયો. સંગીત સવાર સુધી ચાલતું રહ્યું. પ્રભાતે ત્રિપૃષ્ટ વાસુદેવ જાગ્યા ત્યારે સંગીત ચાલુ હતું અને શૈયાપાલક નિદ્રાધીન હતો. વાસુદેવના કોપે માઝા મૂકી અને શૈયાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડવાનો હુકમ કર્યો. હુકમનું પાલન થયું અને ચીસો પાડતો શૈયાપાલક મોતને આધીન થયો. આ ક્રૂર કર્મ વાસુદેવે રસથી કરાવ્યું હતું તેથી તેનો અનુબંધ પણ ગાઢ પડચો હતો. ભગવાન મહાવીર વર્ધમાનના ભવમાં જ્યારે કાઉસગ્ગ ધ્યાને ઊભા હતા ત્યારે આ કર્મ ઉદયમાં આવ્યું અને ગોવાળિયાએ ભગવાનના કાનમાં ખીલા ઠોકચા. કોઈ પણ વેદના સહજ રીતે સહી લેનાર ભગવાનથી પણ આ વેદના ન સહેવાઈ અને તેમના મુખમાંથી ચીસ નીકળી ગઈ.

કરેલાં કર્મો સૌને ભોગવવાં પડે છે પણ તે ક્યારે ઉદયમાં આવે, કેટલા જોસથી–તીવ્રતાથી ઉદયમાં આવે, ક્યાં સુધી તે ભોગવવાં પડે તેનું આખું શાસ્ત્ર છે–વિજ્ઞાન છે. કરણી તેવી ભરણી, વાવીશું તેવું લણીશું—એ વાત કરીને લગભગ બધા જ ધર્મોએ કર્મની મહાસત્તાનો સ્વીકાર કર્યો છે. ઈશ્વરને સર્વશક્તિમાન અને કર્માધ્યક્ષ ગણનાર ધર્મોએ પણ કર્મને અવગણવાની વાત કરી નથી. સંસારમાં સમૃદ્ધિની જે વિષમતા છે, બુદ્ધિની જે તરતમતા છે તેને માટે પણ કર્મને જ જવાબદાર ગણવામાં આવે છે. અરે, માણસનો

દેખાવ વ્યક્તિત્વ, તેની મોહકતા બધુંય ગતજન્મોનાં કર્મોને આધીન ગણાય છે. ઘણીવાર તો કેટલાક ધર્મપ્રચારકો આપણા પ્રત્યેક કાર્ય અને તેમાંથી નીપજતાં સારાં-નરસાં પરિણામો માટે કર્મને જ જવાબદાર ઠેરવે છે. ઘણા તો વળી એથીય આગળ વધીને ઋતુનાં પરિવર્તનો, અકસ્માતો, વ્યવહારના સંબંધો, રોગ, શત્રુ બધાય માટે કર્મના સિદ્ધાંતને આગળ કરે છે. એ રીતે કર્મના સીમાડાઓ એટલા વિસ્તૃત થઈ ગયા છે કે તેનો ક્યાંય અંત દેખાતો નથી. કર્મ એ એક પ્રબળ સત્તા છે અને આપણા જીવન ઉપર તેની ગાઢ અસર છે એ વાત નિર્વિવાદ છે. પણ આપણે એને એટલું સત્તાધીશ માની લીધું છે કે પછી જાણે આપણે કંઈ કરવાનું જ રહેતું નથી અને કર્મ નચાવે તેમ નાચ્યા કરવાનું. પરિણામે ઘણી જગાએ આપણે પુરુષાર્થની પ્રબળતા ભૂલી જઈએ છીએ અને નિષ્ક્રિય થઈ જઈએ છીએ. આમ કેટલીક વાર તો જે કર્મસત્તાનું ક્ષેત્ર નથી તે પણ કર્મસત્તાને આધીન કરીને આપણે પુરુષાર્થને પાંગળો બનાવી દીધો છે અને પરિણામે આપણે જાતે જ જ્યાં મુશ્કેલી ન હોય ત્યાં તેને નોંતરીએ છીએ કે જે મુશ્કેલીનું નિવારણ થઈ શકે તેમ હોય છતાં આપણે નિષ્ક્રિય થઈને પરિણામોને સ્વીકારી લઈએ છીએ. કર્મસત્તા અંગેની ભ્રામક માન્યતાઓ અને કર્મ વિજ્ઞાનની જાણકારી ન હોવાથી આવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

કર્મસત્તા એક મહાસત્તા છે પણ તેય સર્વસત્તાધીશ નથી. તેને પણ મર્યાદાઓ છે. કેટલાંય ક્ષેત્રો કર્મસત્તાની બહાર છે. કર્મવાદમાં-કર્મવિજ્ઞાનમાં એક મહત્ત્વની વાત એ

છે કે બાંધેલાં કર્મો તેને તે જ સ્વરૂપે ભોગવવાં પડે તેવું નથી. સંચિત કર્મમાં પણ સદ્ભાવ, સદાચાર, જપ, તપ વગેરે ક્રિયાઓથી ફેરફાર થઈ શકે છે અને કેટલીય વાર તો બંધાયેલા કર્મને નિમૂંળ કરી શકાય છે કે નિર્જરી શકાય છે. ઘણી વાર વેદના સાથે ભોગવવાં પડે તે કર્મને વિનાવેદનાએ પણ ભોગવી શકાય છે. બંધાયેલાં કર્મને લાંબાં કરવાં, ટૂંકાં કરવાં, અલ્પશક્તિવાળાં કરવાં, જલદીથી ભોગવવાં, ધીમે ધીમે ભોગવવાં, જુદા સ્વરૂપે ભોગવવાં એ બધું પુરુષાર્થને આધીન છે. કર્મમાં ફેરફાર કરવાની આ યુક્તિ–પ્રયુક્તિને કરણો કહેવામાં આવે છે. ઉદ્વર્તના, અપવર્તના સંક્રમણ, ઉદીરણા આ બધા પારિભાષિક શબ્દો આવાં કરણો માટે વપરાય છે.

પુરુષાર્થથી કર્મનાં પરિણામોની ધાર બુઠ્ઠી કરી શકાય છે અને શૂળીનો ઘા સોયથી પણ સરી શકે છે. મનુષ્ય ધારે તો પોતાની અનુકૂળતા પ્રમાણે પણ કર્મ ભોગવી શકે છે. આ બધું કાર્ય ચૈતન્યસત્તાનું છે. કર્મ અંગે બીજી મહત્ત્વની વાત એ છે કે તે નિમિત્ત પામ્યા વિના ઉદયમાં નથી આવતાં. કર્મને પોતાનો પ્રભાવ પ્રસ્થાપિત કરવા માટે નિમિત્તો જોઈએ છીએ. આ નિમિત્તો છે—દ્રવ્ય, કાળ, ક્ષેત્ર, ભવ અને ભાવ. કેટલાંક કર્મોનો ઉદય ક્ષેત્રને આધીન હોય છે તો કેટલાંક કર્મો અમુક કાળ વિના ઉદયમાં આવી શકતાં નથી. કેટલાંક કર્મોને તો તેના પરિપાક માટે યથા ભવ–યોનિની રાહ જોવી પડે છે. કર્મના સંક્રમણ ઉપર દ્રવ્યનો અને ઉદીરણા ઉપર ભાવનો ઘણો પ્રભાવ પડે છે. જો માણસ પોતાના પુરુષાર્થથી આ નિમિત્તોને બદલી નાખે, દૂર રાખી

શકે તો કર્મ ઉદયમાં આવી શકતું નથી કે પાછું પડી જાય છે. ઋતુઓ અને અરાજકતાની અસરમાંથી માણસ ક્ષેત્ર બદલીને બચી જઈ શકે. તીવ્ર વેદનાની અસરમાંથી માણસ ઔષધપ્રયોગ કરીને ઊગરી જાય. એ રીતે જે કર્મનો પરિપાક અમુક કાળે જ થવાનો હોય તેને પરિપાક થતા પહેલાં અગાઉથી સગવડે ભોગવી લેવાથી તેની અસરમાંથી નિવૃત્ત થઈ જઈ શકે. એના માટે પારિભાષિક શબ્દ છે–ઉદીરણા. સવારે, બપોરે, સાંજે તેમજ દિવસે અને રાત્રિએ કર્મના પ્રભાવમાં આનુષંગિક ફેરફારો થાય છે-તેનો લાભ લઈ શકાય. દેવભવની પ્રાપ્તિ થયા વિના અદ્ભુત સુખો ન ભોગવાય અને નર્કની વેદના પણ યથા–તથા ભાવની પ્રાપ્તિ વિના ન મળે. ભાવ એ તો બહુ મહત્ત્વનું પરિબળ છે. તે તો કર્મસત્તાનો પાયો હચમચાવી શકે છે. ભાવ તો ઉદ્દંડ કર્મને પણ નરમ બનાવી શકે છે. આમ પુરુષાર્થ નિમિત્તોને રોકી શકે છે– તેને બદલી શકે છે, તેને બાજુએ રાખીને છટકી જઈ શકે છે. આ બધી કર્મસત્તાની મર્યાદાઓ છે. કર્મસત્તા મહાન સત્તા છે પણ તેને પણ પોતાની સીમાઓ છે. કર્મ સર્વશક્તિમાન કે સર્વસત્તાધીશ નથી. તેની સામે ચૈતન્યસત્તા છે જે પુરુષાર્થને પ્રેરે છે–ફેરવે છે. તેનાથી કર્મમાં ફેરફારો થઈ શકે છે. કેટલીક વાર તો તે કર્મને ઉદયમાં આવતા પહેલાં જ નષ્ટ કરી નાખે છે. ચૈતન્યસત્તા કર્મનાં નિમિત્તોને ખસેડીને કર્મના પ્રભાવની બહાર નીકળી જઈ શકે છે. જો કર્મ બાંધ્યાં તેમજ ભોગવવાં જ પડતાં હોય તેમાં કંઈ ફેરફારો ન થઈ શકતા હોત તો પછી સદાચાર, સત્સંગ,

દેવ–વંદન, સેવા–પૂજા, જપ–તપ કોઈનોય કંઈ અર્થ જ ન રહેત. વાસ્તવમાં તો ચૈતન્યસત્તા પાસે કર્મસત્તા વામણી છે. એક વાર આ વાત સમજાઈ જાય, મનમાં જચી જાય પછી આપણે કર્મને દોષ દઈને બેસી નહિ રહીએ પણ તેની સામે થઈશું અને આપણી પ્રગતિનો માર્ગ મોકળો કરી લઈશું.

# વિના વાંકે

તિબેટમાં એક વયોવૃદ્ધ લામા તેમની રહસ્યવાદી રીત-રસમ માટે જાણીતા હતા. દૂર જંગલોમાં કોઈ એકાંત સ્થળે વસતા હતા. તેઓ પોતે ઇચ્છે તો જ કોઈને દર્શન આપે અને ઠીક લાગે તો વાતચીત કરે કે ઉપદેશ આપે. આવા જ કોઈ સંત–અવધૂતની શોધમાં નીકળેલો એક અમેરિકન પ્રવાસી તિબેટ પહોંચી ગયો પણ લામાનો પત્તો લાગે નહિ. એક વાર તે ગાઢ જંગલોમાં ઘૂમી રહ્યો હતો ત્યાં એક ખીણની ધારે તેને એક તિબેટી મળ્યો. તેણે કહ્યું, “હું તમને લામા પાસે લઈ જાઉં, ચાલો.” એક મોટી ખીણમાં વચ્ચે ઊંચી ટેકરી હતી તેના ઉપર આ લામા વસતા હતા. આ ખાઈ ઓળંગવાનો કોઈ માર્ગ ન હતો, કોઈ પુલ પણ ન હતો. પેલો તિબેટી પેલા અમેરિકનને કોઈ ગહન રીતે આ ખીણ પાર કરાવીને ટેકરી ઉપર લામા પાસે લઈ આવ્યો.

વૃદ્ધ લામા ધ્યાનમાં મગ્ન હતા. એક લાલ દરી ઉપર તેઓ બેઠા હતા. તેમની આસપાસ પીળા રંગનો ગેબી પ્રકાશ ફેલાયલો હતો, અમેરિકન લામાને વંદન કરીને બેઠો અને આમતેમ જોવા લાગ્યો. ત્યાં તેણે લામાની પાસે એક શબ

પડેલું જોયું—જે જોતાં જ તે ચમકી પડયો અને ભયભીત થઈ ગયો. લામાએ મંદ સ્મિત કરતાં પૂછયું : “તમને અહીં કોણ લાવ્યું ? તમે અહીં કેવી રીતે પહોંચ્યા ?” વિદેશી કહે, “આપનો કોઈ શિષ્ય મને તમારી પાસે લઈ આવ્યો પણ તે કયે માર્ગે મને અહીં લઈ આવ્યો તેની મને ખબર નથી.”

લામા કહે, “તમે આ શબને ધારીને જુઓ, તમને કોણુ લાગે છે ?”

વિદેશી તો શબને જોતાં જ ચકિત થઈ ગયો. એ જ માણસ તેને લામા પાસે ખીણુ ઓળંગાવીને લઈ આવ્યો હતો.

લામાએ કહ્યું, “આ માણસ સાત વર્ષ પહેલાં મૃત્યુ પામ્યો હતો. હું તેના વાસનાદેહ પાસેથી સાત વર્ષથી ધાર્યું કામ લઉં છું અને હજુ બીજાં સાત વર્ષ સુધી એની પાસેથી ધાર્યું કામ લઈ શકીશ.” ઇત્યાદિ.

આપણા બહાર દેખાતા દેહની અંદર આપણું વાસના-શરીર છે. તેની અંદર કેટલાય જન્મોના ગાઢ સંસ્કારો પડેલા હોય છે. આ સંસ્કારો ઘણી વખત પોતાની મેળે જ ઉદયમાં આવે છે કે કોઈ નિમિત્ત મળતાં બહાર આવે છે. આપણી ઇન્દ્રિયો દ્વારા આ સંસ્કારો વ્યક્ત થાય છે. ઇન્દ્રિયો આ સંસ્કારો વ્યક્ત થવાનું સાધન છે. આપણી વાસનાઓ ઇન્દ્રિયો દ્વારા ડોકાય છે. મકાનમાં બારી—બારણાંનું જેવું સ્થાન છે તેવું સ્થાન શરીરમાં ઇન્દ્રિયોનું છે. અંદર જેવો પ્રકાશ હોય તેવો પ્રકાશ બહાર આવે. બહારનો પ્રકાશ,

પવન ઇત્યાદિ એ જ રીતે બહારથી અંદર જાય. ઇન્દ્રિયો, તેના વિષયો–રૂપ, રસ, ગંધ, સ્પર્શને એ રીતે ગ્રહણ પણ કરે છે. ઇન્દ્રિયોનાં બારી–બારણાં દ્વારા આપણું ચૈતન્ય વ્યક્ત થાય છે.

લગભગ બધા જ ધર્મોએ વત્તા–ઓછા પ્રમાણમાં ઇન્દ્રિયનિગ્રહની વાત કરી છે. એમાંય કેટલાક સંપ્રદાયોએ ઇન્દ્રિયનિગ્રહને જ કેન્દ્રમાં રાખ્યો છે અને તેના ઉપર એટલો બધો ભાર મૂકયો છે કે અંદરથી આવતા વાસનાના પ્રવાહની વાત જ વીસરાઈ ગઈ. આ બાબત ભક્ત સુરદાસની વાત જગજાહેર છે. મનને ગમે તેવી છે. છતાંય જરા ઊંડાણથી વિચાર કરીએ તો લાગે કે તેનું જે રહસ્ય છે, તેનો જે મર્મ છે તેના ઉપર એ વાતમાં યોગ્ય ભાર નથી મુકાયો. ભક્ત સુરદાસ તેમના આગળનાં વર્ષોમાં બિલ્વમંગલ તરીકે પ્રસિદ્ધ હતા. તે સમયે તેઓ ચિંતા નામની એક નર્તકીના પ્રેમમાં લુબ્ધ હતા. તેમના પિતાના મૃત્યુ સમયે પણ તેઓ તેમની પ્રિયતમાના આવાસમાં હતા. છેવટે એ જ નર્તકી ચિંતાના ઉપદેશથી તેમણે સંસાર છોડયો અને સાધુ થઈ ગયા હતા. પણ એક વખત રસ્તામાં તેમને તેમની પ્રિયતમા ચિંતા જેવું કોઈ જતું લાગ્યું એટલે તેઓ ભાન ભૂલીને તેની પાછળ દોડયા. એ ચિંતા હતી નહિ, પણ સુરદાસને પોતાની ભૂલ સમજાઈ અને સાથોસાથ પોતાની અંદર પડેલી વાસનાની પ્રતીતિ થઈ. તેમને ખૂબ પસ્તાવો થયો. અંદર પડેલી વાસનાને સળગાવી દેવા માટે તેમણે ભિક્ષામાં ધકધકતો લાલચોળ સળિયો માગ્યો અને પોતાની

આંખોમાં ચાંપી દીધો. પરિણામે તેઓ અંધ બન્યા.

આ વાત સાંભળવામાં રોચક લાગે છે પણ વિચાર કરતાં તેની યથાર્થતામાં ક્યાંક દોષ લાગે છે. દોષ કોનો હતો ? આંખોનો દોષ કે અંદર પડેલા વિકારોનો દોષ ? આંખોએ તો અંદર પડેલા વિકારોને બહાર આવવાનો ફક્ત માર્ગ આપ્યો. જો કોઈને પણ ડામ દેવાની જરૂર જ હતી તો તે અંદર પડેલા વિકારોને, નહિ કે વાસના વ્યક્ત કરનાર આંખોને. ગામડાંઓમાં એક કહેવત પ્રચલિત છે. ડામ દેવો હતો ઊંટને પણ ઊંટની ડોક સુધી હાથ ન પહોંચ્યો એટલે પાસે ઊભેલા બળદની ડોક ઉપર ડામ દીધો, કારણકે ત્યાં સુધી હાથ પહોંચતો હતો.

ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને સ્વાભાવિક રીતે ગ્રહણ કરે છે. તેથી ઇન્દ્રિયનિગ્રહની વાત અમુક હદ સુધી જ બરોબર રહે. ક્યાં સુધી ઇન્દ્રિયોને રોકી શકાય ? જ્યા સુધી શરીરનું અસ્તિત્વ છે ત્યાં સુધી ઇન્દ્રિયોનું પણ પણ મહત્ત્વ છે. તેનો સદંતર અનાદર થઈ શકે તેમ નથી. હા, ઇન્દ્રિયોના ઘોડાઓને છૂટા મૂકવાની વાતમાં આપણે સંમત ન થઈએ પણ વિષયોના અભાવની વાત પણ અવાસ્તવિક લાગે છે. શબ્દ સાંભળ્યા વગર કેમ ચાલશે ? જે શબ્દ નથી સાંભળતો તેનું સ્વાસ્થ્ય પણ સારું રહેતું નથી. તેનો વિકાસ પણ અટકી જાય છે. સારા રંગોથી મન પ્રસન્ન રહે છે. પ્રકૃતિના હર્યાંભર્યાં દશ્યો કેટલાંય રહસ્યોને સ્ફુટ કરી આપે છે. સંગીતના સૂરો તો કદીક સૂરબ્રહ્મની પ્રતીતિ કરાવે છે. સંગીત તો ઇન્દ્રિયાતીત આનંદ છે.

સંગીતમાં તન્મય થઈ જનાર એક પ્રકારની સમાધિની નજીક હોય છે. અરે, વનસ્પતિજગત પણ સંગીતનાં સ્પંદનોથી આનંદકલ્લોલમાં ઝૂમી ઊઠે છે તો પછી મનુષ્યની તો વાત જ શું કરવી ?

જીવનના વિકાસમાં, જીવનની પ્રસન્નતામાં ઇન્દ્રિયો અને તેના વિષયોનું પણ એક આગવું સ્થાન છે. ભલે આપણે તે સ્થાનને કેન્દ્રમાં ન રાખીએ પણ તેને પરિધિની બહાર તો રાખી શકાય તેમ જ નથી. પરમાત્માની સૃષ્ટિ ખૂબ સુંદર છે. ઇન્દ્રિયો જેવાં બારીબારણાં દ્વારા તો એ સૃષ્ટિની ઝાંખી થાય છે. આપણી અંદર રહેલા ચૈતન્યનો પ્રકાશ પણ ઇન્દ્રિયો દ્વારા તો બહાર આવે છે. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ કે ભગવાન શંકરની વાણી ઇન્દ્રિયો દ્વારા જ બહાર આવતી હતી અને શ્રોતાઓ તેને ઇન્દ્રિયો દ્વારા જ ગ્રહણ કરી શકતા હતા. જે ઇન્દ્રિયો ચૈતન્યનું વહન કરનાર છે તેને દોષિત ગણીને કાઢી નાખવી કે તેનું સમગ્રતયા દમન કરવું એ બરોબર નથી. ખરેખર તો આપણે રોકવાનો છે વાસનાઓના પ્રવાહને જેનું ઉગમસ્થાન આપણી અંદર છે પણ તે બહાર દેખાય છે ઇન્દ્રિયો દ્વારા. જો કોઈને પણ ડામ દેવાનો જ હોય તો તો વાસનાઓના મૂળમાં ડામ દેવાનો છે કે જ્યાં ખરો રોગ પડેલો છે. ખરેખર તો ડામ દેવાની વાત પણ બરોબર નથી. આપણે વાસનાઓના પ્રવાહને પલટી નાખવાનો છે. ગંદકી કે દુર્ગંધ ફેલાવતા આ પ્રવાહને બદલી નાખવામાં આવે તો પછી ઇન્દ્રિયોરૂપી આ બારી-બારણાં દ્વારા ચૈતન્ય ડોકાશે. એમાંથી

પ્રેમ અને કરુણા બહાર આવશે. એ ઇન્દ્રિયો પછી શુભને અને સુંદરને જ ગ્રહણ કરશે. આમ વાસનાપ્રવાહ બદલાઈ જતાં ચારેય બાજુ પ્રસન્નતા ફેલાશે.

આમ મૂળ વાત વાસનાઓના ઉગમસ્થાન સુધી પહોંચવાની છે. ત્યાં જઈને અનિષ્ટમાંથી ઇષ્ટનું સર્જન કરવાનું છે. ઇષ્ટને બહાર લાવવાનું છે–સબળ કરવાનું છે. ત્યાર પછી ઇન્દ્રિયો ઇષ્ટરૂપ, ઇષ્ટ શબ્દ, ઇષ્ટ ગંધ, ઇષ્ટ રસ અને ઇષ્ટ સ્પર્શને જ ગ્રહણ કરશે. તેનાથી શરીર સ્વસ્થ રહેશે, મન પ્રસન્ન રહેશે અને સમગ્ર જીવન પ્રફુલ્લિત થઈ જશે. ત્યાર પછી ઇન્દ્રિયો દ્વારા જે બહાર આવશે તે નિર્મળ અને પાવનકારી હશે.

વાસનાઓનું પરિવર્તન કેવી રીતે થાય તે માટે આચારાંગ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે "એવી સત્તાની ઉપાસના કરો કે જેનું અસ્તિત્વ શબ્દાતીત છે, રૂપાતીત છે, ગંધાતીત છે, રસાતીત છે અને સ્પર્શાતીત છે. આ છે આત્માનું અસ્તિત્વ. ત્યાં બધી વાસનાઓ અને વિકારો સમાપ્ત થઈ જાય છે અને રહી જાય છે આત્માના અસ્તિત્વનો બોધ. એક સમય માટે પણ જો અસ્તિત્વનો બોધ થઈ જાય તો પછી વીજળીના એક ઝબકારામાં જેમ આગળનો માર્ગ સ્પષ્ટ થઈ જાય છે તેમ આગળનો માર્ગ આપોઆપ મોકળો થઈ જાય."

*

# પળનાં મૂલ્ય

ભગવાન બુદ્ધ સાધના પાર પાડયા પછી, સંસારનાં રહસ્યોનો તાગ મેળવ્યા પછી, કહેવાય છે કે એક વાર પોતાના ગામ કપિલવસ્તુમાં પધાર્યા. હવે તે રાજકુમાર ગૌતમ ન હતા પણ તે તો બુદ્ધ બની ગયા હતા. તેથી તેમને લોકો ભગવાન બુદ્ધ કહેતા હતા.

કેટલાક ભિખ્ખુઓ તેમની સાથે હતા. કેટલાક રાજકુમારો અને શ્રેષ્ઠીઓ પણ તેમની પાછળ પાછળ ચાલતા હતા. બુદ્ધં શરણં ગચ્છામિ; ધમ્મં શરણં ગચ્છામિ; અને સંઘં શરણં ગચ્છામિના નારાઓથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. કપિલવસ્તુમાં પ્રવેશ કરતાંની સાથે જ તેમણે પોતાના અસલ ઘરનો રસ્તો પકડ્યો. પોતાના મૂળ આવાસ ઉપર આવી પહોંચ્યા જ્યાં રાજા શુદ્ધોધન રહેતા હતા. પુત્ર ગૌતમને જોતાં પિતાની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં અને તે ગદ્દગદ કંઠે બોલ્યા, "ગૌતમ! પાછો આવી ગયોને? મને ખાતરી હતી કે તું પાછો આવીશ. તેં જતા રહીને મને ખૂબ દુઃખ આપ્યું છે. પણ જા, તારી બધી ભૂલો માફ. પણ હવે હું તારાં પીળાં ચીવરો–વસ્ત્રો ચલાવી નહિ લઉં. આ ભિક્ષાપાત્રો

પણ બહાર નાખી દે. તારા આ બધા સાથ-સંગાથને પાછો મોકલી દે. હવે આપણું રાજ સંભાળી લે.”

ભગવાન બુદ્ધ બોલ્યા, “પિતાશ્રી! મેં જે રાજ-પાટ, વૈભવ, મહેલો બધાંનો ત્યાગ કર્યો એમાં મને અગ્નિની જ્વાળાએ દેખાતી હતી. હું એનાથી દાઝતો હતો. હવે હું એ આગમાંથી બહાર આવી ગયો છું. મારાં બળ્યાં-ઝળ્યાં અંગ-ઉપાંગો હવે શીતળતાનો અનુભવ કરે છે ત્યાં તમે તો ફરીથી મને આગમાં લપટાવાનું કહો છો.”

પિતા કહે, “ગૌતમ! શું તું મને સમજાવે છે? હું તને બાળપણથી ઓળખું છું. તારી એક એક ચેષ્ટાઓનો હું જાણકાર છું. તું દુનિયાને ગમે તેમ કહે પણ મારી પાસે એ નહિ ચાલે. હવે આ ખેલ બસ થયો. આ વેશ જલદીથી ઉતારી નાખ અને રાજવસ્ત્રો ધારણ કરી આપણું રાજ-કાજ સંભાળી લે.”

ભગવાન બુદ્ધ કહે, “પિતાશ્રી! કૃપા કરી તમે મારી સામે તો જુઓ. શું હું તે જ છું કે જે તમારું ઘર છોડી ગયો હતો? આજે તમારી સમક્ષ જે ઊભો છે તે ગૌતમ બુદ્ધ તમારા ઘરમાં જન્મ્યો ન હતો. ચિત્તમાં ઢૂકડી મારી વિચાર કરો. આપ તો અગ્નિના કુંડમાં બેઠા છો અને મને તેમાં ઝંપલાવવા આમંત્રણ આપો છો અને આગ્રહ કરો છો. હું કેમ કરીને તમારી આજ્ઞા પાળું?”

શુદ્ધોધન કહે, “ગૌતમ! તું મને છેતરી શકીશ નહિ. તારી શબ્દજાળથી હું ભુલાવામાં પડવાનો નથી.”

ભગવાન બુદ્ધ કહે, “પિતાજી! તમે જેને જાણો છો

તે તમારો પુત્ર 'હું' નથી. ખરું કહું તો જે 'હું' છું તેને હું જ જાણતો નથી. પળે પળે 'હું' સરકયા કરે છે. કંઈક જાણું તે પહેલાં તો હું બદલાઈ જાય છે. ત્યાં તમને વધારે શું સમજાવું? "સર્વં ક્ષણિકં બધું જ ક્ષણિક છે."

ભગવાન બુદ્ધનું આ કથન દેખાય છે એટલું સરળ નથી. તે ઘણું ગહન છે. ગાઢ ચિંતન અને ધ્યાનના પરિપાક પછી ભગવાનની આ વાણી નીકળી છે. તમે ગમે એટલા વર્ષના હો ત્યાં જરા અટકી જાઓ અને વિચારી જુઓ–શું આપણે એના એ જ રહ્યા છીએ? પોળમાં કે શેરીમાં લડતા-ઝઘડતા, પડતા–આખડતા, અથડાતા–કૂટાતા બાળપણમાં કે કિશોરાવસ્થામાં આપણે જે હતા તે આજે છીએ ખરા? યૌવનના પગથાર ઉપર તરવરતા આપણે જે હતા તે પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાસ્થાને આરે આપણે છીએ ખરા? ના, આપણે એના એ રહ્યા જ નથી. આપણામાં દરેક રીતે ઘણું પરિવર્તન થઈ ગયું છે. આપણાં વાણી, વર્તન, વિચારો બધું જ બદલાઈ ગયું છે અને તે પણ એટલી હદે કે પરાયાં તો શું પણ આપણાં જ સ્વજનો પણ આપણને ઓળખવામાં ભૂલ કરી બેસે. આપણામાં આવેલાં બાહ્ય અને આંતરિક પરિવર્તનો જોઈને આપણે પોતે જ આશ્ચર્યમાં ગરકાવ થઈ જઈએ. આ બધું પરિવર્તન એક રાતમાં નથી થયું. આપણે દરેક પળે, દરેક ક્ષણે બદલાતા રહીએ છીએ. દરેક પળે આપણે નવા રૂપે જન્મતા રહીએ છીએ અને આપણા મૃત્યુની પ્રક્રિયા પણ આપણા જન્મની સાથે જ શરૂ થઈ ગઈ હોય છે.

જયારે આપણી પ્રાણધારાનો સંપૂર્ણ વિલય થઈ જાય

છે ત્યારે લોકો મૃત્યુને જાણે છે–સમજે છે. પણ ખરેખર તો મૃત્યુ જન્મતાંની સાથે જ શરૂ થઈ ગયું હોય છે. સંસારમાં બધું જ જડ અને ચેતન ક્ષણિક છે. પળે–પળે આપણું મન, આપણું શરીર, આપણા સંસ્કાર, આપણા વિચારો બધું જ બદલાઈ રહ્યું છે. દરેક ક્ષણે આપણે નાશ પામીએ છીએ અને દરેક ક્ષણે આપણું નવસર્જન થાય છે. આમ આપણી હર–પળ પરિવર્તનની પળ છે. જેમ જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે એમ સમસ્ત સંસારની પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક પળ જન્મ અને મરણની શૃંખલાથી–સાંકળથી જોડાયેલી છે. એની કડીએ કડીએ આપણે જન્મીએ છીએ અને મરીએ છીએ. પરંતુ દરેક પળ–ક્ષણ પરિવર્તનની પળ છે. આ પરિવર્તન જડમાંય ઘટે છે અને ચેતનમાંય વર્તાય છે. પરિવર્તન હંમેશાં સારા માટે જ થાય તેમ નહિ. ઘણીવાર માણસ પળે પળે નીચે નીચે પડતો જાય છે, અને આપણે અરેરાટી સાથે બોલી ઊઠીએ – અહા! કેવો સારો માણસ હતો! તેનામાં આગળ વધવાની કેટલી સંભાવનાઓ હતી અને છેવટે ક્યાંનો ક્યાં જઈ પડ્યો!

એ જ રીતે ઘટના કદીક જુદી જ રીતે ઘટે છે. આપણે બોલી ઊઠીએ છીએ–અરે! એ તો મારી સાથે રમતો હતો, તે સમયે એનામાં ખાસ કંઈ દેખાતું હતું નહિ પણ આજે માન્યામાં ન આવે એટલો આગળ વધી ગયો! આ બધું કેવી રીતે ઘટિત થાય છે? કારણ કે પળે–પળે ક્ષણે–ક્ષણે આપણામાં પરિવર્તન ઘટિત થાય છે. આપણામાં ફેરફારો થયા

જ કરે છે. સમસ્ત સંસારમાં પ્રત્યેક ક્ષણ સરતી જ જાય છે અને દરેક પળે પરિવર્તન થતું જ રહે છે. પ્રત્યેક પળ હકીકતમાં પરિવર્તનની પળ છે. તેથી તો જે પળને જાણે છે, જાળવે છે, સમજે છે તે જીતી જાય છે–તે ઊર્ધ્વગામી બને છે. જે પળ પ્રત્યે સભાન નથી, પળ સાચવી શકતો નથી તેનો માર્ગ અધોગામી નીવડે છે. આવો માણસ સંજોગોથી ધકેલાતો–અથડાતો–કૂટાતો, જેના સઢ ફાટી ગયા છે, હલેસાં તૂટી ગયાં છે એવા વહાણની જેમ સંસારસાગરમાં દિશાશૂન્ય બનીને ભટકી જાય છે. જે પળને પારખે છે, ક્ષણને સાધી લે છે તે જ જીવનમાં મર્મને પામી જાય છે.

# ભાવનાનો ચમત્કાર

એક વખત અમેરિકાનો એક યુવાન ફ્રાંસની સંસ્કૃતિના વિશિષ્ટ અભ્યાસ માટે પેરિસમાં આવ્યો. ફ્રેન્ચ જીવનની ઝાંખી કરવા માટે તેણે ફ્રેન્ચ પરિવારમાં જ રહેવાનું પસંદ કર્યું. યોગાનુયોગ એ ફ્રેન્ચ પરિવારમાં એક સમવયસ્ક કન્યા પણ હતી. આ કન્યા જ આ અમેરિકન યુવાનની સરભરા કરતી હતી. આ યુવાન ફ્રાન્સની સંસ્કૃતિનાં ધામો જેવાં વિખ્યાત સ્થળોએ જતો હતો, સાહિત્ય સ્વામીઓને મળતો, ફ્રાન્સના કળાકારો સાથે ચર્ચાઓ કરતો અને તેમની કલાકૃતિઓના સંદર્ભ સમજવા પ્રવાસ કરતો હતો. કોઈક વાર ફ્રેન્ચ યજમાન યુવતી પણ તેની સાથે જતી હતી. અમેરિકન યુવાને ફ્રેન્ચ ભાષા પણ શીખવા માંડી હતી અને ખરાં–ખોટાં ઉચ્ચારણો કરીને તે યજમાન કુટુંબમાં વાતો કરતો. એનાથી ફ્રેન્ચ યુવતીને આનંદ આવતો હતો અને ઘણી વાર તે શિલટથી યુવાનને ફ્રેન્ચ ભાષાના અમુક પ્રયોગો સમજાવતી હતી. સમય જતાં સહવાસમાંથી બન્ને વચ્ચે સ્નેહ ઉદ્ભવ્યો અને છેવટે

તેમણે લગ્ન કરવાનો વિચાર પણ કર્યો. આ અમેરિકન યુવાન લગ્ન માટે સંમત હતો પણ તેની પૂર્વશરત હતી કે તે જ્યાં સુધી પગભર ન થાય ત્યાં સુધી લગ્ન કરવાં નહિ. એની પાછળનો આશય શુદ્ધ હતો તેથી છેવટે ફ્રેન્ચ યુવતીએ પણ એ વાતનો સ્વીકાર કર્યો. અમેરિકાના આ વિદ્યાર્થીએ ફ્રેન્ચ સંસ્કૃતિનો અભ્યાસ પરિપૂર્ણ થતાં પોતાને દેશ જવાની ઇચ્છા જણાવી અને પાંચ વર્ષમાં આવીને પોતાની ફ્રેન્ચ પ્રેમિકાને લગ્ન કરવાની ખાતરી આપી. ફ્રેન્ચ યુવતીને પોતાના પ્રેમમાં શ્રદ્ધા હતી અને તેણે તે વાત મંજૂર રાખી. છેવટે ભારે હૈયે તેણે અમેરિકન યુવાનને વિદાય આપી. યુવાને પણ પાંચ વર્ષમાં પૂર્ણ રીતે પગભર થઈને પાછા આવીને લગ્ન કરવાનું વચન આપ્યું અને યુવતીને પછી અમેરિકા પોતાના દેશ લઈ જવાની ખાતરી આપી. વિદાયનો ભાર હોવા છતાં સમૃદ્ધ ભાવિ જીવનની આશા સાથે બન્ને છૂટાં પડ્યાં.

ફ્રેન્ચ યુવતીએ ઉત્સાહથી પોતાનું મન અન્ય પ્રવૃત્તિઓમાં પરોવી દીધું અને જોતજોતામાં એક વર્ષ પૂરું થવા આવ્યું ત્યાં તેને વિચાર આવ્યો: "મારો પ્રિયતમ પાંચ વર્ષે આવશે ત્યારે હું કેવી દેખાતી હોઈશ! મારાં રૂપ-રંગ ઓસરી તો ગયાં નહિ હોય! તે મને ઓળખી શકશે? તેને હું આકર્ષક તો લાગીશ ને? પાંચ વર્ષમાં મારી ઉંમર વધી ગઈ હશે, શરીરમાં પરિવર્તન થયું હશે, તે જોઈને મારા પ્રિયતમનો ઉત્સાહ ઠંડો તો નહિ પડી જાયને?" આમ વિવિધ વિચારોમાં યુવતી અટવાવા લાગી. આમ ચિંતામાં તો તેની વય જાણે વધતી હોય એવું લાગ્યું. તેનાથી તેને વિચાર

આવ્યો, "જો ચિંતાથી, શંકાથી, ભીતિથી મારું શરીર કરમાતું જાય અને મારી ઉંમર જાણે વધી જતી હોય તેમ થાય તો પછી મારા વિચારોમાં પરિવર્તન કરતાં મારી ઉંમર કેમ રોકાઈ ન જાય? શું મારા શરીરની કાન્તિ, રૂપ, રંગ એવાં ને એવાં ન રાખી શકાય?" આમ ચિંતનની ધારાએ પોતાની દિશા બદલી. છેવટે ફ્રેન્ચ યુવતીએ સંકલ્પ કર્યો કે પોતે હવે વૃદ્ધ નહિ થાય. પ્રિયતમ આવશે ત્યાં સુધી તેનાં રૂપ અને રંગ બસ આમ ને આમ જ રહેશે.

ફ્રેન્ચ યુવતીએ મનોમન ભાવના કરવા માંડી: "બસ, મારું પરિવર્તન અટકી ગયું છે. મારી ઉંમર અહીં જ થંભી ગઈ છે. હું એવી ને એવી જ રહું છું." સવાર, બપોર, સાંજ તેણે સ્વસ્થતાથી આ ચિંતન કરવા માંડ્યું. પોતાના સંકલ્પને તે પુષ્ટ કરતી ગઈ. પોતાની ભાવનાને તે વધારે ને વધારે પટ આપતી ગઈ. હવે તો તેને પોતાને જ લાગવા માંડ્યું કે તેની ઉંમર થંભી ગઈ છે, વૃદ્ધાવસ્થા દૂર જ રહી ગઈ છે, તે તો હતી તેવી જ યુવાન રહે છે—એ વિચારોથી તે પોતે પણ આનંદમાં અને ઉત્સાહમાં આવી ગઈ. આમ કરતાં પાંચ વર્ષ પૂરાં થવા આવ્યાં અને પેલા અમેરિકન યુવાનને પાછા આવવાનો સમય થયો. તે હવે આવી રહ્યો છે–તે ખબર પણ આવી અને ફ્રેન્ચ યુવતી પોતાના પ્રેમીને લેવા સામે ગઈ.

પણ આ શું? અમેરિકન યુવાનના વાળ વધારે સફેદ થઈ ગયા હતા. તેના મોં ઉપર કરચલીઓ પડી હતી. તેની

ચામડીનો રંગ ફિક્કો પડી ગયો. જાણે તેની યુવાની ઓસરી રહી હતી. જ્યારે બીજી બાજુ ફ્રેન્ચ યુવતી તો હતી તેવી જ તાજગીવાળી, સ્ફૂર્તિવાળી દેખાતી હતી. ફ્રેન્ચ યુવતીના રૂપરંગમાં ક્યાંય ઓટ આવી ન હતી. ખરેખર જાણે તેની ઉંમર અહીં અટકી જ ગઈ હતી. તેનું વાર્ધક્ય રોકાઈ ગયું હતું. જોકે બન્નેના દિલના ભાવમાં તો ક્યાંય ઓટ આવી ન હતી. બન્ને વચ્ચેનો પ્રેમ તો હતો તેવો જ ઉત્કટ રહ્યો. હતો. બન્નેનું મિલન ખુશ રહ્યું અને તુરત જ તેમણે લગ્ન કરી લીધાં. લગ્ન કર્યા પછી થોડાંક જ વર્ષો થયાં અને ફ્રેન્ચ યુવતીની ઉંમર જાણે એકદમ વધવા લાગી. ફક્ત બે-ત્રણ વર્ષમાં જ ફ્રેન્ચ યુવતીનાં રૂપરંગ બદલાઈ ગયાં અને વાર્ધક્યનાં ચિહ્નો તેના ઉપર દેખાવા લાગ્યાં.

આ એક સત્ય ઘટના છે. આ ઘટનાની પાછળ જો કોઈ પણ ચમત્કાર હોય તો તે ભાવનાનો ચમત્કાર છે. જૈન દર્શનમાં અનિત્ય આદિ બાર ભાવનાઓનું સવિસ્તર વર્ણન આવે છે. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રય, સંવર, નિર્જરા, ધર્મભાવના, લોકભાવના અને બોધિ ભાવના. બૌદ્ધ દર્શને પણ મૈત્રી, કારુણ્ય, પ્રમોદ અને માધ્યસ્થ–એમ ચાર ભાવનાઓનું ઘણું મહત્ત્વ આંક્યું છે. જો મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વને બદલી નાખવા માટે કોઈ પણ સમર્થ હોય તો તે ભાવનાઓ જ છે. જૈન દર્શને તો ભાવનાઓને રસાયણ સાથે સરખાવી છે. જેમ વૃદ્ધાવસ્થા રોકવા માટે કે સ્વસ્થ રહેવા માટે રસાયણનો ઉપયોગ રોજ કરવામાં આવે છે તેમ ભાવનાઓનો સંપુટ તો રોજ

લેવાનો છે. એકનો એક વિચાર જ્યારે ઘૂંટાય છે ત્યારે તે સંકલ્પ બને છે. જ્યારે સંકલ્પ સૂક્ષ્મ બનીને આપણી અંદર ઊતરે છે ત્યારે તે બળવાન થઈ જાય છે. આપણી અંદર જે સંસ્કારો પડેલા છે, જે વાસનાઓ ઊભરાય છે એ બધાને સ્પર્શ કરીને, ઢંઢોળીને તેમાં પરિવર્તન કરવાની તાકાત ફક્ત ભાવનાની છે. ભાવના દ્વારા જ આપણે આપણા રાગ–દ્વેષની ધારાઓનું પરિવર્તન કરી શકીએ. ભાવના કુસંસ્કારોને મૂળમાંથી ઉખાડી શકે છે અને સારા સંસ્કારોને સુદૃઢ કરી શકે છે. જ્યાં સુધી ધર્મ આપણામાં પરિવર્તન લાવી શકતો નથી ત્યાં સુધી ધર્મ ફક્ત બાહ્યોપચાર જ બની રહે છે. આવો ઔપચારિક ધર્મ કોઈનુંય ઝાઝું ભલું કરી શકતો નથી. ભાવના તનને અને મનને સ્વસ્થ રાખી શકે છે. ભાવનાનો પ્રભાવ ફક્ત આપણા ઉપર જ પડે છે એવું નથી, અન્ય ઉપર પણ ભાવનાનો પ્રભાવ પાડી શકાય છે. આપણી ભાવના જેટલી સૂક્ષ્મ અને શક્તિશાળી હશે એટલી તે અન્યને પણ અસર કરી શકશે. પોતાના કે અન્યના હૃદયપરિવર્તનમાં અથવા વિચારપરિવર્તનમાં ભાવના ઘણો ભાગ ભજવી શકે છે. ભાવના દ્વારા પરિવર્તન ઘટિત થઈ શકે છે. પેલી ફ્રેન્ચ યુવતી પોતાના ઉત્કૃષ્ટ સંકલ્પ દ્વારા, પોતાની પુષ્ટ ભાવના દ્વારા જ પોતાના શરીરનાં પરિવર્તનોને રોકી શકી હતી અને યુવાન રહી શકી. પોતાનો પ્રિયતમ મળી જતાં તેનો સંકલ્પ શિથિલ થઈ ગયો. તેણે યુવાન રહેવાની ભાવના ભાવવાનું છોડી દીધું એટલે રોકાઈ ગયેલું શારીરિક પરિવર્તન–થંભી ગયેલું યૌવન આગળ વધવા માંડ્યું અને ઝડપથી તેની

અવસ્થા બદલાવા લાગી. આપણે ભાવનાના પ્રયોગને અધ્યાત્મની રીતે ભલે મૂલવીએ કે ન મૂલવીએ પણ એ સત્ય છે કે ભાવનાને આધારે પરિવર્તન રોકી શકાય છે અને પરિવર્તન કરી પણ શકાય છે. આજનું મનોવિજ્ઞાન હવે આ વાતની પૂર્તિ કરે છે.

*

# મૂંઝવણ મટી

ભારતના અધ્યાત્મજગતમાં સ્વામી વિવેકાનંદનું સ્થાન વિશિષ્ટ રહ્યું છે. તેમનું મૂળ નામ નરેન્દ્ર હતું. તેમણે તે કાળે પણ અનુસ્નાતક સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. તેમની જિજ્ઞાસાને સંતોષી શકે તેવા ગુરુની તેમને શોધ હતી. યોગાનુયોગ તેમને સ્વામી રામકૃષ્ણ પરમહંસને મળવાનું થયું. આત્મા–પરમાત્મા એવા કેટલાય ગહન પ્રશ્નોનું તેમને રામકૃષ્ણ પાસેથી સમાધાન મળ્યું. તેથી તેમણે રામકૃષ્ણને ગુરુપદે સ્થાપ્યા. પરંતુ નરેન્દ્રનો જીવ મુમુક્ષુનો જીવ હતો. રોજ ને રોજ તેમના મનમાં નવા નવા પ્રશ્નો ઉપસ્થિત થાય અને તેઓ ગુરુ પાસે દોડી જાય અને પોતાના પ્રશ્નો રજૂ કરે. રામકૃષ્ણ પરમહંસ મંદ મંદ સ્મિત કરતાં તેમના પ્રશ્નોના ઉત્તર આપતા જાય. એક વખત સ્વામી વિવેકાનંદે ગુરુને કહ્યું: "તમારી સાથે વાત કરું છું ત્યારે મારું મન શાંત થઈ જાય છે પણ તમારાથી દૂર જાઉં છું ત્યાં વળી પાછું મારું મન ક્ષુબ્ધ થઈ જાય છે. મને ક્યાંય શાન્તિ મળતી નથી. મારું આ દુઃખ ટળે એવું કંઈક કરો."

સ્વામી રામકૃષ્ણે કહ્યું, "જ્યાં સુધી તારા પ્રશ્નોનું સમાધાન તને જાતે જ પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી તું આ દશામાંથી મુક્ત થઈ શકશે નહિ. તર્કથી બધા પ્રશ્નોનું સમાધાન શક્ય નથી. જા, તું મા કાળીના મંદિરે જઈ ત્યાં માને તારું દુઃખ કહી દે. માની પાસે તારી બધી મૂંઝવણ વ્યક્ત કરી નાખ. તેના આશીર્વાદથી તારું દુઃખ ટળી જશે અને તારી મૂંઝવણનો અંત આવશે."

સ્વામી વિવેકાનંદ મા કાળીના મંદિરે ગયા. મૂર્તિ સમક્ષ ઊભા રહ્યા અને થોડીકવારમાં તો ધ્યાન લાગી ગયું. વિવેકાનંદની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં. ધ્યાન છૂટતાં તેઓ ગુરુ પાસે આવ્યા. રામકૃષ્ણે પૂછ્યું, "માને તારું દુઃખ કહી દીધું ? તારી મૂંઝવણ ટળી ગઈ ?" વિવેકાનંદ મૌન રહ્યા. તેમણે ગુરુને કંઈ પ્રત્યુત્તર ન આપ્યો. ગુરુએ કહ્યું, "આવતી કાલે ફરીથી માની પાસે જજે અને તારા દુઃખનું નિવેદન કરજે. તારી મૂંઝવણ વિષે કહેજે અને માના આશીર્વાદ માગજે."

બીજે દિવસે વિવેકાનંદ ફરીથી મા કાળીના મંદિરે ગયા. ફરીથી માની સમક્ષ જઈને ઊભા રહ્યા અને માની સામે જોતાજોતામાં ધ્યાન લાગી ગયું. ધ્યાનની બહાર આવ્યા કે તુરત જ હર્ષાશ્રુ સાથે મંદિરની બહાર આવ્યા. બહાર ઓટલા ઉપર જ સ્વામી રામકૃષ્ણ શિષ્યની રાહ જોતા ઊભા હતા. વિવેકાનંદ તેમને વંદન કરીને ઊભા રહ્યા અને પોતે જાતે જ કહેવા લાગ્યા, "ગુરુદેવ ! મને ક્ષમા કરો. હું માની પાસે ગયો અને માનાં દર્શન કરતાં

ભાન જ ભૂલી ગયો અને મારું દુઃખ કહેવાની વાત તો ક્યાંય જતી રહી. આપને જોયા ત્યારે જ મને એ વાત યાદ આવી."

સ્વામી રામકૃષ્ણે કહ્યું, 'ચાલ, કંઈ વાંધો નથી. કાલે ફરીથી માની પાસે જજે. મા દયાળુ છે. તેને તારી મૂંઝવણ કહેજે. માના આશીર્વાદથી તારા પ્રશ્નોનું સમાધાન મળી જશે. તારા દુઃખનો અંત આવશે. જ્યાં સુધી તારી મૂંઝવણ દૂર ન થાય ત્યાંસુધી માની પાસેથી ખસીશ નહિ. તારી સર્વ વિપત્તિ માને કહેજે. તારી દુર્દશા દૂર કરવા માની પાસે યાચના કરજે. તેના આશીર્વાદ માગજે."

સ્વામી વિવેકાનંદ ત્રીજીવાર મંદિરમાં ગયા. પહેલાંની જેમ જ માનાં દર્શન કરીને ઊભા રહ્યા. માની મૂર્તિની આંખમાંથી અમી નીતરતાં હતાં. એ અમીધારામાં ભીંજાતા ભીંજાતાં વિવેકાનંદને સૂધ-બૂધ રહી નહિ. તેમની આંખ મીંચાઈ ગઈ. કેટલીયવાર પછી તે જાગ્યા અને બહાર આવ્યા. મંદિરની બહાર પગથિયા પાસે જ ગુરુ રામકૃષ્ણ મળી ગયા. તેમણે પૂછ્યું, "નરેન્દ્ર! કેમ, હવે તો તારી મૂંઝવણ દૂર થઈને?"

વિવેકાનંદ બોલ્યા, "આ સમયે હું માને મળ્યો પણ મા પાસે માગવાનું વીસરી ગયો. મા સમક્ષ જઈને ઊભો રહ્યો અને 'મા' કહીને કંઈ માગવાનો વિચાર કરું ત્યાં તો મા સાથે તદ્રૂપ થઈ ગયો. માની અને મારી વચ્ચે કંઈ અંતર જ ન રહ્યું. પછી તો આપત્તિ કે વિપત્તિ એવી કોઈ મૂંઝવણનું અસ્તિત્વ જ હતું નહિ, ત્યાં હું શું માગું?

કોની પાસે યાચના કરું ? કોના આશીર્વાદ માગું ? દુઃખ જ ન હતું ત્યાં તેને દૂર કરવાની વાત જ ક્યાંથી હોય ? ”

સ્વામી રામકૃષ્ણે મંદ મંદ સ્મિત કરતાં વિવેકાનંદના માથા ઉપર હાથ મૂક્યો અને કહ્યું, “ બસ, આ જ છે અનન્ય ભાવ. અનન્ય ભાવમાં સ્વરૂપ સિવાય કંઈ બચતું નથી. ત્યાં રહી જાય છે ફક્ત અસ્તિત્વ. ચૈતન્યની અનુભૂતિ. જ્યાં સત્ અને ચિત્ હોય ત્યાં તેની સાથે આનંદ તો સ્વાભાવિકજ હોય. ”

વિવેકાનંદની આ અવસ્થા એક વિશિષ્ટ અવસ્થા છે. એને વિવિધ રીતે મૂલવી શકાય અને સમજી શકાય. આ અવસ્થાને પહોંચ્યા પછી જીવને કંઈ માગવાની જરૂર રહેતી નથી. જ્યાં સુધી જીવ દેહના પ્રભુત્વ હેઠળ છે ત્યાં સુધી વિવિધ માગણીઓ પૂરી કરવી પડે છે. જ્યાં દેહાધ્યાસ છે ત્યાં આશા છે, આકાંક્ષા છે, અપેક્ષા છે અને જ્યારે તે ફળે નહિ ત્યારે દુઃખ છે, નિરાશા છે, વેદના છે. કાળીમાની સામે મીટ માંડતાં માંડતાં વિવેકાનંદમાં એવું પરિવર્તન ઘટિત થઈ ગયું કે પછી તેમને કંઈ પણ માગવાની જરૂર જ રહી નહિ. અરે, માગવાની વાત તો બાજુએ રહી પણ જરૂરનું વેદન જ રહ્યું નહિ. એ અવસ્થામાં વિવેકાનંદ, આપત્તિ અને વિપત્તિની પેલે પાર પહોંચી ગયા હતા.

આ પરિસ્થિતિનું નિર્માણ કેવી રીતે શક્ય બન્યું ? આ વાત વિચારવા જેવી છે અને તે ચિંતન માગી લે એવો વિષય છે. સામાન્ય રીતે આપણું મન એવી રીતે

ઘડાયેલું છે કે આપણને કોઈનો અનુગ્રહ કે કૃપા ગમે છે. સાચું કહીએ તો આપણે એવી કૃપા કે અનુગ્રહ માટે વલખાં મારીએ છીએ અને ઠેર ઠેર ભટકીએ છીએ. વિના પ્રયાસે કંઈ મેળવવાની ખેવના આપણી પાસે શું કરાવતી નથી! આપણે સ્વમાન ભૂલી જઈએ છીએ, સિદ્ધાંત ભૂલી જઈએ છીએ, અન્યનું હિત ભૂલી જઈએ છીએ, કોઈનો અધિકાર ભૂલી જઈએ છીએ અને આપણને બધે સ્વ, સ્વ અને સ્વ જ દેખાય છે. પછી આપણને યોગ્યતા અયોગ્યતાનું ભાન તો ક્યાંથી જ રહે? બસ, પછી તો આપણે હુંકાર અને મમકાર લઈને જીવનના જંગમાં ઝઝૂમીએ છીએ. જીવનના ઘણાબધા સંઘર્ષોના મૂળમાં કૃપા મેળવવાની, વિના મહેનતે કંઈ લાભ મેળવી લેવાની વૃત્તિ પડેલી છે. એ વૃત્તિ જો નિયંત્રણમાં ન રહે તો પછી એટલે સુધી વકરી જાય છે કે પછી આપણે લાભ મેળવવા ખરું-ખોટું કરતાં અચકાતા નથી. ગમે તેવા સ્વજનને પણ છેહ દેતાં આપણે પાછા પડતા નથી.

કૃપા એ છેવટે તો કૃપા છે. એને મહેરબાની કહો કે અનુગ્રહ કહો. આ બધા શબ્દો સમાનઅર્થી નહિ હોય તો પણ એકબીજાની નજીક તો છે જ. આ શબ્દોમાં મીઠાશ તો શું પણ એક પ્રકારની માદકતા રહેલી છે. એમાં આપનાર કોઈ અન્ય છે અને આપનારનું સ્થાન હમેશાં ઊંચું તો રહેવાનું જ. વિવેકાનંદ માકાળી સાથે તદ્રૂપ થઈ ગયા પછી આત્મશક્તિ અને પરમાત્મશક્તિ વચ્ચે ભેદ રહ્યો નહિ. જ્યાં સુધી ભેદનું અસ્તિત્વ છે ત્યાં સુધી દુઃખ છે, મૂંઝવણ છે, ભય

છે. ભેદ હોય ત્યાં સુધી સ્વરૂપનું અનુસંધાન થઈ શકે નહિ. અનંત સામર્થ્યનો અધિપતિ એવો આત્મા પોતાની શક્તિથી સભાન નથી, પોતાની સમૃદ્ધિથી જ્ઞાત નથી એટલે તે અન્યની કૃપા કે અનુગ્રહ અથવા મહેરબાની ઇચ્છે છે. એકવાર આત્માને પોતાના સ્વરૂપનું ભાન થઈ જાય પછી તેને કૃપાની કે અનુગ્રહની કોઈ જરૂર રહેતી નથી. પછી તો શક્તિનો સ્રોત પોતાની અંદર જ લાધે છે. એ જ્ઞાનગંગોત્રીમાં સ્નાન કરીને જીવ શુદ્ધ અને બુદ્ધ થઈ જાય છે.

વિવેકાનંદનો આત્મા કાળીમાનાં દર્શન કરતાં કરતાં એવો તો જાગી ગયો કે તેમની ચેતનાશક્તિ એવી તો અનાવૃત થઈ ગઈ કે પછી તેમને પોતાનું દુઃખ એ દુઃખ જ ન લાગ્યું. એક રીતે તેઓ સુખ અને દુઃખના વેદનથી પણ પર થઈ ગયા હતા. જ્યાં પ્રશ્ન જ ન રહે, જ્યાં મૂંઝવણ જ ન રહે ત્યાં તેને ટાળવાની કે સમાધાન મેળવવાની વાત જ ક્યાં રહે? મૂળ વાત છે ચૈતન્યશક્તિને અનાવૃત કરવાની. એ માટે વિવેકાનંદને મા કાળીનું આલંબન મળ્યું. આપણે ત્યાં કહેવાય છે કે તીર્થંકરો અનુગ્રહ કરે નહિ પણ તેમની સેવા-પૂજા–ભક્તિ કરતાં આપણા ઉપર અનુગ્રહ થાય છે. એ રીતે તીર્થંકર જેવું પુષ્ટ–સબળ આલંબન આ કાળમાં બીજે ક્યાં મળવાનું? આત્મા પોતે જ અનંત શક્તિનો સ્રોત છે પણ એ સ્રોતના પ્રાદુર્ભાવ માટે આલંબનની જરૂર હોય છે. આલંબન જેટલું પુષ્ટ અને તેના વિષેની સમજણ જેટલી પરિપક્વ એટલી શીઘ્ર સફળતા અને નિકટ ધ્યેયસિદ્ધિ.

*

# બિંબ–પ્રતિબિંબ

ગ્રીક અને ચીની કલાકારોની વાત છે. બન્ને વચ્ચે વિવાદ થયો. ચીની કલાકારો કહે, "અમે તમારા કરતાં ચઢિયાતા છીએ." ગ્રીક કલાકારો કહે, "તમે તો અમારી કલાની સામે ટકી શકો જ નહિ." આમ વાત વધી પડી અને મામલો ખરાખરી ઉપર ગયો. છેવટે ન્યાય કરાવવા માટે બન્ને દેશના કલાકારો સુલતાન પાસે ગયા. સુલતાને બન્નેની વાત સાંભળી અને બન્નેએ પોતપોતાના સમર્થનમાં જે કંઈ ચિત્રો વગેરે રજૂ કર્યાં હતાં તેનું નિરીક્ષણ કર્યું.

સુલતાન કહે, "પણ આમ આટલાથી કંઈ નિર્ણય થાય! મારે મારી રીતે તમારી કસોટી કરવી પડે, પછી જ હું ન્યાય કરી શકું." બન્ને દેશના કલાકારોએ એ વાત સ્વીકારી લીધી. સુલતાને બન્ને પક્ષોને એકેક સુંદર કક્ષ-ઓરડો આપી તેમાં તેમની કલાકૃતિ રચી પ્રદર્શિત કરવા જણાવ્યું.

આમ તો આ બન્ને ઓરડા સામસામે જ હતા. વાસ્તવમાં તો એક જ મોટા ખંડના બે ભાગ જ કરવામાં આવ્યા હતા. જો વચ્ચેનું પાર્ટિશન કાઢી નાખવામાં આવે

તો બન્ને ઓરડા એક જ થઈ જાય. ચીની કલાકારોએ કામ શરૂ કર્યું. સુલતાન પાસે કેટલીય જાતના રંગો–પીંછીઓ ઇત્યાદિ સામાન મંગાવ્યો અને દિવસ–રાત ઓરડાની દીવાલો ઉપર ભાતભાતનું ચિત્રકામ ચીની કલાકારો કરવા લાગ્યા. અવનવા રંગો અને ચિત્રોથી ચીની કલાકારોનો ઓરડો શોભી ઊઠ્યો. બીજી બાજુ ગ્રીક કલાકારોએ કહ્યું : "અમારે ન જોઈએ રંગો કે ન જોઈએ પીંછીઓ. અમારી કલા નોખા પ્રકારની છે." બન્ને ઓરડાઓ વચ્ચે પાર્ટિશન રાખવામાં આવ્યું હતું પણ તેની બન્ને બાજુએ જબરી ચહલપહલ થયા જ કરતી હતી. કોણ શું કરે છે તેનાથી બન્ને પક્ષો અજાણ રહ્યા હતા. ગ્રીક કલાકારોએ જાત-જાતનાં બ્રશ, વાળા–કૂંચી કાઢ્યાં અને દિવસ–રાત પોતાના ઓરડાની દીવાલો ઘસતા જ રહ્યા. તેમણે દીવાલો સાફ કરી, તેના ઉપરની ધૂળ–કચરો કાઢી નાખ્યો અને ઘસી ઘસીને દીવાલને કાચ જેવી લીસી અને ચકચકિત કરી નાખી. તેમની દીવાલો એટલી તો ચોખ્ખી થઈ ગઈ હતી કે જાણે એક નિર્મળ પટ. સામે આવનાર વસ્તુનું પ્રતિબિંબ એમાં અદ્ભુત રીતે ઊઠી આવતું હતું.

ચીની કલાકારોએ પોતાનું કાર્ય પૂરું કરીને સુલતા-નને જોવા બોલાવ્યા. સુલતાન પોતાના દરબારીઓ સાથે આવી પહોંચ્યા. દરબારીઓ ચિત્રો જોતા જાય, એની રેખાઓ જુએ, એમાં થયેલી રંગની જમાવટ જુએ અને વાહ વાહ કરતા જાય. સુલતાન પણ ચીની કલાને જોઈને ખુશ થયો અને ચીનના કલાકારોનો ઉત્સાહ વધી ગયો. ચીની કક્ષ જોયા

પછી સુલતાન અને દરબારીઓ ગ્રીક કલાકારોના ઓરડામાં આવ્યા. પણ ગ્રીક કલાકારોના ખંડમાં તો એક પણ ચિત્ર નહિ. તેમણે તો દીવાલો કોરી ને કોરી જ રાખી હતી. સુલતાને પૂછ્યું, "તમારી કલાનું શું? મારે શું જોઈને ન્યાય આપવાનો?" ગ્રીક કલાકારોએ ખંડનું વિભાજન કરનાર પાર્ટિશન દૂર કર્યું. પાર્ટિશન દૂર થતાં ચીની કલાકૃતિઓ, ગ્રીક કલાકારોએ સ્વચ્છ અને નિર્મળ કરેલી દીવાલો જે કાચ જેવી થઈ ગઈ હતી, તેના ઉપર ઝગમગી ઊઠી. ચીનના કલાકારોની જે કૃતિઓ-ચિત્રો હતાં અને તેમાં રંગની જે મેળવણી કરી હતી તેનું પ્રતિબિંબ દ્વિગુણિત થઈને ગ્રીકકલાકારોની દીવાલો ઉપર શોભી રહ્યું હતું. નિર્મળ દીવાલો એક જુદો જ ભાવ દર્શાવતી હતી. જાણે સ્વચ્છ આકાશમાં ઉષા કે સંધ્યાના રંગો નીખરી ઊઠયા હોય! રંગોની બહુલતા વાદળ જેવી લાગતી હતી. વાદળોની પાછળ જાણે ચંદ્ર અમૃતવર્ષા કરી રહ્યો છે. અને ટમટમતા તારાઓ જીવંત બનીને દીવાલ ઉપર ધબકી રહ્યા છે. સુલતાનની આંખ ઠરી ગઈ દરબારીઓ સ્તબ્ધ થઈ ગયા, બિંબ કરતાં પ્રતિબિંબ વધારે કલાત્મક અને અદ્ભુત લાગતું હતું. ચીની કલાકારોની કલા સુંદર હતી પણ છતાંય ખંડમાં ક્યાંક અપૂર્ણતા લાગતી હતી. પાર્ટિશન દૂર થયા પછી ગ્રીક કલાકારોની દીવાલો ઉપર ચીની કલાકારોનાં ચિત્રોનું જે પ્રતિબિંબ પડ્યું તેનાથી આખો ખંડ વધારે શોભી ઊઠ્યો હતો અને સમસ્ત દશ્યમાં એક

પ્રકારની પરિપૂર્ણતા લાગતી હતી–એકતા લાગતી હતી–સુમેળ સધાતો હતો.

સરળ દેખાતી આ વાતમાં ઘણો ગૂઢાર્થ રહેલો છે. જેનું અંતર નિર્મળ છે તેમાં સત્યનું પ્રતિબિંબ ઝિલાય છે. જેનું હૃદય મલિન ભાવોથી ભરેલું છે તે સત્યને ઝીલી શકતો નથી. તેનાથી સત્ય જિરવાતું પણ નથી. ભલે માણસનો બહારથી ગમે એટલો ઠાઠમાઠ હોય પણ છેવટે તો ધૂળ ઉપર લીંપણ જેવો જ ઠરવાનો. જેણે પોતાના આંગણમાંથી કચરો કાઢ્યો નથી, વાળીઝૂડીને આંગણું સ્વચ્છ કર્યું નથી તે પોતાના આંગણાને લીંપી-ગૂંપીને સુશોભિત કરે તો પણ તે વ્યર્થ છે. ધૂળ ઉપરનું લીંપણ છેવટે ઊખડી જ જવાનું અને આંગણું ખાબડ–ખૂબડ થઈ જવાનું. આપણે જીવનમાં સૌન્દર્ય ઝંખીએ છીએ પણ એ માટે આપણે સુંદર થવું પડે – એ પૂર્વશરત છે. કલાપીનું કવન છે: સૌન્દર્યો પામતા પહેલાં સુંદર થવું ઘટે. કેટલું યથાર્થ?

ચિત્તશુદ્ધિને ધર્મોએ ખૂબ મહત્ત્વ આપ્યું છે. આપણી મોટાભાગની ધાર્મિક ક્રિયાઓનો મૂળ ઉદ્દેશ ચિત્તશુદ્ધિ છે એ વાત લગભગ વિસરાઈ ગઈ છે. આપણે મૂળ વાત ભૂલીને ફક્ત ધાર્મિક ક્રિયાઓને પકડીને જીવનભર બેસી રહીએ તો સ્વભાવિક છે કે અંતિમ પરિણામ નિરાશાજનક જ રહેવાનું. મંઝિલ નક્કી કર્યા વિના ફક્ત ચાલ્યા જ કરનાર પ્રવાસી જેવો આપણો ઘાટ થઈ જાય તેમાં કંઈ આશ્ચર્ય નથી. તેથી તો જીવનની અંતિમ અવસ્થામાં ઘણાને મૂંઝવણ થાય છે

અને જીવન છૂટી પડ્યું એમ લાગ્યા કરે છે. શુદ્ધ ચિત્ત-માં જ પરમાત્માનું અવતરણ થઈ શકે છે. પરમાત્મ તત્ત્વને જો સાકાર કરવું હોય, તેનો આવિર્ભાવ કરવો હોય તો પેલા ગ્રીક કલાકારોની જેમ આપણે ચિત્તને ઘસી ઘસીને ઊજળું કરવું પડે અને ખૂણેખાંચરે ક્યાંય ચિત્તમાં કચરો ન રહી જાય તેનું ધ્યાન રાખવું પડે. જેનું ચિત્ત શુદ્ધ હશે, મન નિર્મળ હશે તેના હૃદયમાં પરમાત્માનું અવરતણ અવશ્ય થશે.

આપણે ચિત્તશુદ્ધિ કેવી રીતે કરીશું? ક્રોધ, અહું, માન-અભિમાન, માયા–છળકપટ અને લોભ તથા મોહથી આપણું ચિત્ત મલીન થયેલું છે. આ મળ અનાદિ કાળનો છે; જન્મ–જન્માંતરનો છે. રાગ અને દ્વેષની ધારાઓ અંતરનાં પરિણામોને સતત મલીન કરતી રહે છે. જો આપણે ચિત્તશુદ્ધિ કરવી હશે તો સૌ પહેલાં રાગ-દ્વેષની આ ધારાઓને બંધ કરવી પડશે. સંવર કરવો પડશે. જો તેને સમૂળી અટકાવી ન શકાય તો પછી તેને પાતળી કરવી પડશે, તેનું જોર–વેગ ઘટાડવો પડશે. ત્યાર પછી અંદર – મનની ઉપર મેલના થરના થર જામ્યા છે તેને ઘસી ઘસીને કાઢવા પડશે. નિર્જરા કરવી પડશે. જો એટલાથી મન શુદ્ધ ન થાય તો પછી તપથી તપાવીને પણ મનનો એ મેલ – મળ દૂર કરવો પડશે. મનનો મેલ દૂર થાય, ચિત્ત શુદ્ધ થાય માટે તો દરેક ધર્મે પોત-પોતાની રીતે વિશિષ્ટ ક્રિયાઓનું, ભજન–કીર્તન વગેરેનું આયોજન કર્યું છે. જપ-તપ, વ્યાખ્યાનો–ધર્મકથાઓ,

દેવદર્શન-પૂજન બધાંનું લક્ષ ચિત્તશુદ્ધિ છે. દેવ-ગુરુનું સાંનિધ્ય, સત્સંગ ચિત્તશુદ્ધિનાં પ્રબળ સાધનો છે. તેથી તો આપણી ધર્મક્રિયાઓએ શુભ અને કલ્યાણકારી નિમિત્તોનો આગ્રહ રાખ્યો છે. એક વાર આ નિમિત્તોને સહારે ચિત્તશુદ્ધિ થઈ જાય પછી પરમાત્માના અવતરણની ઝાઝી રાહ જોવી નહિ પડે. ત્યારે પરમાત્મ તત્ત્વનું સ્વયંસ્ફુરણ થાય છે અને આત્મા પરમાત્મ તત્ત્વને સહજ પામે છે.

*

# એકાંત-ભીડ

બગદાદમાં એક સૂફી સંત થઈ ગયા. તેમનું નામ જુનેજા. એક વાર સંત ફરતા ફરતા જંગલમાં જઈ ચઢયા. ત્યાં તેમણે એક ફકીરને રડતો જોયો. સંત વિચારમાં પડી ગયા. ફકીરને વળી રડવાનું કેવું! તેમણે પૂછયું, "ભાઈ! તું કેમ રડે છે? મને તારા દુઃખનું કારણ કહે." ફકીર કહે, "જવા દોને વાત. તમારાથી મારું દુઃખ નહિ ટળે." સંત કહે, "ભાઈ! મને કહે તો ખરો. કદાચ હું તને મદદરૂપ થઈ શકું." ફકીર કહે, "તો સાંભળો, ભગવાનને મેળવવા ઘર-ગામ છોડયાં, સારો સંસાર છોડયો. અહીં વર્ષોથી સાધના કરું છું પણ ભગવાન મળતો નથી." સંત કહે, "ભગવાન કંઈ રડવાથી મળશે નહિ. એને માટે તો સાધના કરવી પડે. તપવું પડે, ખપવું પડે." ફકીર કહે, "સાધના તો વર્ષોથી કરું છું, પણ આજેય વર્ષો પહેલા હતો ત્યાંનો ત્યાં જ છું." સંત કહે, "ભાઈ! સાધના કરવા માટે બધાને છોડવા પડે, એકલા જીવવું પડે. તો જ ભગવાનનું અનુસંધાન થાય." ફકીર વિચારમાં પડયો. મેં સંસાર છોડયો છે. એકલો જ રહું છું, તોય સંત આમ કેમ

બોલે છે? તેને વિચારમાં પડેલો જોઈને સંત બોલ્યા, "તું એકલો ક્યાં છે? તારી અંદર કેટલી બધી ભીડ જામેલી છે? તું ભીડમાં તો વસે છે. આ ભીડમાં ભગવાન ક્યાંથી આવે? તું માર્ગ ભૂલ્યો છે. જા, પાછો તારા ગામમાં જા. ઘેર પહોંચીને સૌના સાથમાં રહીને એકલો થઈને જીવવા માંડ. તને તારું સમાધાન મળી જશે."

એકલા પડવું, એકલા થતાં શીખવું એ અધ્યાત્મનું મહત્ત્વપૂર્ણ સૂત્ર છે. માણસ જન્મે છે એકલો, મરે છે એકલો. એકલતા તે જીવનની એક સચ્ચાઈ છે. છતાં માણસ એનાથી ભાગતો ફરે છે. ભીડમાં જીવવાની વૃત્તિ તેની મૌલિક વૃત્તિ છે. બાળપણમાં તે મા–બાપ, ભાઈ–ભાંડુના સાથમાં ઊછરે છે, સહેજ મોટો થતાં સહાધ્યાયીઓ અને મિત્રો તેને ઘેરી વળી છે. સહેજ મોટો થયો ત્યાં પત્ની, બાળકો, અડોશી–પડોશી અને સહકાર્યકરોની ભીડ તે જમાવે છે અને ભીડમાં તે ભળી જાય છે. અરે, કોઈ ન મળે ત્યારે તે રેડિયો, ટી.વી., છાપું અને છેવટે એનાથી ના ચાલે અને અધૂરપ લાગે ત્યારે તે કૂતરાં–બિલાડાં, પશુ–પક્ષી ગમે તેનો સાથ મેળવી લે છે.

આ બધી તો બહારની ભીડની વાત થઈ. એ ભીડ તો સામાન્ય છે, સહી શકાય તેવી છે. પણ ખરી ભીડ માણસની અંદર જામેલી હોય છે. અંદર તો જરા ઝાંખી કરો. ઓહો! કેટકેટલા વિચારોનો ત્યાં મેળો જામ્યો છે. કેટલીય યોજનાઓ ત્યાં ખડકાય છે. કેટકેટલી સ્મૃતિઓ, યાદો ત્યાં સળવળી રહી છે. ભાવિની કેટલીય કલ્પનાઓએ

ત્યાં મહેલો રચ્યા છે. અંદર તો કેટલાંય વેર–ઝેર ઊભરાય છે. લોભ કેવો ખદબદે છે! કેટલાંય કપટ અને માયાનાં જાળાં ગૂંથાયેલાં પડયાં છે. કેટલાય સંઘર્ષો ત્યાં જામ્યા છે. માણસ ક્ષણભર પણ એકલો પડતો નથી. અંદર તો કેટલીય ખેંચંખેંચ છે – તાણ છે. એનાથી બચવા એકાંતમાં જઈને પલાંઠી વાળીને તે બેસે છે પણ જ્યાં આટલી ભીડ જામી હોય ત્યાં એકાંત કયાંથી મળે? અંદર ઘમસાણ ચાલે છે. એક વિચાર આવે નહિ ત્યાં તો બીજો તૈયાર ઊભો જ હોય. કેટકેટલાં સુખ અને દુઃખથી તેનું અંતર ઊભરાઈ જાય છે. ભૂતકાળની કેટલીય નિરાશાઓ તેને ઘેરી વળે છે. ભવિષ્યની કેટલીય આશાઓ તેને લલકારે છે. આ ભીડમાં શાન્તિ કયાં મળે! અને શાન્તિ વિના સિદ્ધિ કેવી?

વાસ્તવમાં કોણ એકલપણાનો અનુભવ લઈ શકે? જે પોતાને ઓળખી શકે તે એકલો થઈ શકે. આ વિચારોની વણઝાર મારી નથી. ભાવિની કલ્પનાઓ મારી નથી. ઊભરાતી સ્મૃતિઓ–યાદો મારી નથી. આ બધા વિભાવો છે, પરાયા છે – એમ જેને ભાન થાય તે આ ભીડમાંથી બચી શકે. આ વિચારો, યોજનાઓ, કલ્પનાઓ અને સ્મૃતિઓનું મૂળ કારણ છે એક પ્રકારની મૂર્છા – મોહ. જે માણસ પોતાના પ્રત્યે જાગ્રત છે તેને આ ભીડ સતાવતી નથી. જેવો માણસ જાગ્રત થાય છે કે વિચારો વિખેરાવા લાગે છે, ભીડ છૂટવા લાગે છે, કલ્પનાઓ શમી જાય છે. સ્મૃતિઓ સળવળતી નથી. બધાં શાન્ત થવા માંડે છે. તે પછી અંદરની શાન્તિમાં તેને પોતાની સિદ્ધિનાં દર્શન થવા લાગે છે. પોતાનો માર્ગ

તેને સ્પષ્ટ દેખાવા લાગે છે. જેવી જાગરૂકતા ઘટી કે આ બધાં પાછાં આવી જાય છે, અને સ્ટેજનો કબજો લઈ લે છે. પછી આંતરિક વૃત્તિઓ, કષાયો વગેરે પાછા પોતાનો અડ્ડો જમાવી દે છે અને ઊભી થવા માંડેલી બધી શાંતિને ડહોળી નાંખે છે.

એકલાપણાના અનુભવને સહન કરવો તે સૌથી વધુ કઠિન છે, વિકટ છે. માણસ ગમે તે કામ પાર પાડી શકશે પણ ભાગ્યે જ એકલો રહી શકશે. એકલાપણાની અનુભૂતિ એ સાધના છે. એમાં ઘણી શક્તિ રહેલી છે. આ અનુ-ભૂતિમાં અદ્વિતીય આનંદ રહેલો છે. આજે અંદરની અને બહારની ભીડ જીવનની મોટી સમસ્યા છે. બન્ને ભીડો પરસ્પર વિરોધી ગુણધર્મો ધરાવે છે. જ્યારે માણસ બહારની ભીડમાં ભળે છે ત્યારે વાસ્તવમાં તે એકલો જ હોય છે, કારણ કે ત્યાં તે પોતાની સફળતા, પોતાની પ્રતિષ્ઠા, પોતાનો સ્વાર્થ, પોતાનું હિત એમ વિચારતો હોય છે. તેમ કરતાં તે સ્વાર્થી અને અસહિષ્ણુ બને છે અને છેવટે હિંસા, જૂઠ, ચોરી વગેરેનો આશ્રય લેતાં અચકાતો નથી. બીજી બાજુ જે સાધક છે તે જાગરૂક છે. તેની વાત આનાથી વિપરીત છે. તે પોતાની અંદરથી વાસનાઓ, સંસ્કારો, કષાયો અને અસદ્‌વૃત્તિઓને કાઢી મૂકીને અંદરથી એકલાપણાનું જીવન જીવે છે. પછી તેની અંદર ભીડ રહેતી નથી. તેનું જીવન શાન્ત અને સ્વસ્થ રહે છે.

આમ આરાધક અને વિરાધક બન્ને વચ્ચે મોટો ભેદ રહે છે. આરાધક અંદરથી એકલો, શાંત અને સ્વસ્થ રહે

છે, પણ બહારથી પરહિતને લક્ષમાં રાખીને વાણી અને વર્તનનો વ્યવહાર રાખે છે અને તે રીતે સંસારની ભીડમાં રહેતો લાગે છે. જ્યારે વિરાધકની મોટી ભીડ હોય છે. કારણ કે ત્યાં બધી અસદ્‌વૃત્તિઓ અને કષાયો ઊછળતા હોય છે. બહારના વ્યવહારમાં તે પોતાનો જ સ્વાર્થ સાધતો હોય છે. જેથી તે એકલો જ હોય છે. આ જ યોગી અને ભોગી વચ્ચેનો ભેદ છે. યોગીને અંદર એકાંત, બહાર ભીડ; ભોગીને અંદર ભીડ, પણ બહાર એકલતા. આમ આંતરિક રીતે એકલાપણાનું જ્ઞાન એ ધર્મનો પહેલો પાઠ છે, જ્યારે એકલાપણામાં જીવવાની કળા સાધવી એ ધર્મનો અંતિમ પાઠ છે. જેને આ વાત જચી જાય અને સદી જાય છે તેનો આગળનો માર્ગ આપોઆપ ખૂલી જાય છે. ભગવાનની પ્રાપ્તિ કે ઇષ્ટની સિદ્ધિ પછી તેનાથી ઝાઝી દૂર રહેતી નથી.

*

## ના, આ હંસ છે

એક ગૃહસ્થ વેપાર અને વ્યવહારના કામકાજમાંથી નિવૃત્ત થયા. ઉત્તરાવસ્થા ધર્મધ્યાનમાં વિતાવવાની ઇચ્છાથી એક સારા યોગ્ય ગુરુની શોધ કરવા લાગ્યા પણ મન ક્યાંય ઠરે નહિ. તેમની પત્ની વ્યવહારુ હતી. તેણે પતિને કહ્યું, "એ કામ મને સોંપી દો, તમને સાચા ગુરુ શોધવાનું નહિ ફાવે અને ક્યાંક ફસાઈ જશો." યોગ્ય ગુરુ ન મળે તો માર્ગ મળવાની વાત તો દૂર રહી પણ ક્યાંક રવાડે ચડાવી દે. પત્ની ઓછું ભણેલી હતી પણ ગણેલી વધારે હતી. તે વ્યવહારકુશળ હતી. તેણે એક પાંજરું મંગાવ્યું અને તેમાં એક કાગડાને પકડીને રાખ્યો.

ગામ નાનું હતું અને અવારનવાર સંત-સંન્યાસી આવે ત્યારે ગામ બહાર આવેલા મંદિરમાં ઉતારો કરે. પેલી સ્ત્રી મંદિરમાં જાય અને તપાસમાં રહે કે કોણ સંન્યાસી આવ્યા છે, કેવા લાગે છે? એમ કરતાં જો કંઈક મન માને તો તેમને ઘરે ભિક્ષા માટે બોલાવી લાવે. સંત-સંન્યાસીને ભોજન કરાવ્યા પછી તે તેમને પેલા પાંજરા પાસે લઈ જાય અને કહે: "મહારાજ! આ પાંજરામાંનો મારો હંસ જોયો?

કેવો રૂડોરૂપાળો છે!"

સંન્યાસી વિચારમાં પડી જાય અને સ્વભાવિક રીતે જ કહે, "બેન! આ તો કાગડો છે. તું તેને હંસ કેમ કહે છે?" પણ પેલી સ્ત્રી પોતાની હઠ પકડી રાખે અને કહે: "અરે, જરા ધ્યાનથી જુઓ. આ તો મારો હંસ છે" સંત-સંન્યાસી ફરી કહે, "બેન આ તો કાગડો છે." સ્ત્રી કહે કે તે તો હંસ છે." આમ રકઝક ચાલે. પછી છેવટે સ્ત્રી સંન્યાસી-સાધુને વિદાય આપે અને કહે, "મહારાજ! તમને મારી વાત નહિ સમજાય." ઘણી વાર આ ટપાટપીમાં સંત સંન્યાસી ખિજાઈ જાય અને ચાલતી પકડે.

ગામલોકોને સ્ત્રીની આ વાત ન સમજાય અને તેમને પણ નવાઈ લાગે કે આ બાઈએ આ શું માંડયું છે? પણ બાઈએ પોતાનો આ ક્રમ ચાલુ જ રાખ્યો. તે કોઈનું માને નહિ. એમ કરતાં કરતાં વળી પાછા એક સંત ગામમાં આવ્યા અને તેમણે મંદિરમાં ઉતારો કર્યો. પેલી બાઈ મંદિરમાં પહોંચી ગઈ. તેને આ સંત કંઈક જુદા લાગ્યા અને તેણે ભિક્ષા માટે તેમને ઘરે આવવા આમંત્રણ આપ્યું. બીજે દિવસે સંત નક્કી કર્યા પ્રમાણે ભિક્ષા લેવા બાઈને ઘરે પધાર્યા. રોજના ક્રમ પ્રમાણે ભોજન પતી ગયા પછી અહીંતહીંની વાત નીકળી અને પછી બાઈએ પાંજરું બતાવ્યું અને કહ્યું, "મહારાજ! પાંજરામાં આ હંસ જોયો? કેવો સરસ છે? મેં એને પાળ્યો છે." સંત વિચારમાં પડી ગયા કે કોઈ પણ જેને હંસ ન કહે એવા કાળા કાગડાને આ બાઈ હંસ કેમ કહેતી હશે! પછી સંત શાન્તિથી

બોલ્યા, “ બેન ! આ તો કાગડો છે. તું એને જાણીબૂઝીને હંસ કેમ કહે છે ? ”

પેલી સ્ત્રી કહે, “ અરે સાહેબ ! જરા ધ્યાનથી જુઓ. આ તો હંસ છે. તમને કાગડો કેમ દેખાય છે ? ” સંતે ફરીથી સમજાવ્યું કે, “આ કાગડો છે.” પણ નિયમ મુજબ બાઈએ રકઝક શરૂ કરી કે, “ આ હંસ છે. ” સંતે તેને સમજાવવા શુભનિષ્ઠાથી પ્રયાસ કર્યો. પછી કહે, “ બેન ! આ પાંજરામાં છે તો કાગડો, પણ તને હંસ લાગે અને તારે તેને હંસ માનવો હોય તો પછી એમાં હું શું કરી શકું ? ચાલો, ઠીક છે. દરેકને પોતપોતાની દૃષ્ટિ હોય છે અને એ જ પ્રમાણેની એ પોતાની સૃષ્ટિ રચે છે. પણ બેન ! એક વાતનો ખ્યાલ રાખજે કે જો સત્ય પામવું હોય, ખરી વાત સમજવી હોય તો એક વાત પકડીને બેસી જઈશ નહિ. આંખ–કાન ઉઘાડા રાખી સૌની વાત સાંભળજે અને વિચાર કરજે. જો તું મતાગ્રહમાં ફસાઈ જઈશ તો તને ક્યારેય સત્યની ઝાંખી નહિ થાય.” આમ સંત તો ‘ નમો નારાયણ ’’ બોલીને વિદાય થયા. સંતની પીઠ વળી ત્યાં પેલી બાઈએ પતિને કહ્યું, “ જાઓ દોડો ! હવે એ સંત-મહાત્માને બોલાવી લાવો. તેઓ ગુરુ માટે લાયક છે. એમની નિશ્રામાં રહી શકાય. આવા ગુરુ જ કલ્યાણને માર્ગે લઈ જઈ શકે. ’’

ભગવાન મહાવીરે તો ત્યાં સુધી કહ્યું છે કે પોતાના મતનો આગ્રહ એ પણ હિંસાનો એક પ્રકાર છે. આવો આગ્રહ શરૂઆતમાં સૌમ્ય સ્વરૂપે દેખા દે છે. તે સમયે

આપણને ખબર નથી પડતી કે આ સરળ લાગતો મહેમાન આપણને તો શું પણ સૌને મુશ્કેલીમાં મૂકી દે એવો છે. શરૂમાં તો આપણા મતને આપણે માનેલા સત્યના વાઘા પહેરાવેલા હોય છે તેથી આપણને તે સત્યાગ્રહ લાગે છે. ત્યાર પછી તો આપણને સત્યાગ્રહનું મમત ચઢે છે અને જો એને થોડીક સફળતા મળી જાય તો તો પછી એને દુરાગ્રહ બનતાં વાર નથી લગાતી. થોડાક અનુયાયીઓ મળી જાય અને આપણા મતનો સ્વીકાર થતો લાગે ત્યાં તો પછી દુરાગ્રહ વળી પોતાનો રંગ બદલે છે અને તે હઠાગ્રહમાં પરિણમે છે. આમ આગ્રહમાંથી સત્યાગ્રહ, તેમાંથી દુરાગ્રહ અને તેથી આગળ હઠાગ્રહ એમ શૃંખલા રચાતી જાય છે. એનાથી આપણે સત્યથી દૂરના દૂર જતા જઈએ છીએ એટલું જ નહિ, પણ આપણે અન્યને દુઃખ આપતાં કે બીજાઓને દુભવતાં સહેજેય અટકતા નથી. આમ આગ્રહ એક પ્રકારની હિંસાનું સ્વરૂપ પણ ધારણ કરી લે છે.

સૌમ્ય દેખાતા આગ્રહમાંથી જ સંપ્રદાયોની શરૂઆત થાય છે. વળી સંપ્રદાયોને પોતપોતાનું આગવું હિત હોય છે અને ઘણી વાર તો તે લોકોના હિતથી વિપરીત પણ હોય છે. અનુયાયીઓની ભીડ જામતાં સંપ્રદાયો આક્રમક રૂપ ધારણ કરે છે. પછી તો અમે કહીએ તે જ સાચું અને તેમ જ થશે. તેમ નહિ થાય તો અમે લડીશું–મારીશુંપણ અમારી વાત પ્રમાણે જ સૌએ કરવું પડશે. એમાંય વળી રાજકારણ આવી ગયું કે સંપ્રદાયને રાજકીય પીઠબળ મળી ગયું તો પછી કહેવું જ શું ? સત્ય તો બિચારું બાપડું બનીને સંપ્રદાય-

ની વાડમાં કેદ થઈ જાય છે. વાત આટલેથી અટકથી નથી. પછી તો અન્ય કે વિરોધી સંપ્રદાયોને ગમે તે સાધનોનો આશરો લઈને મિટાવી દેવાની વાત આવી જાય છે. આમ સામાન્ય સૌમ્ય સ્વરૂપે શરૂ થયેલો આગ્રહ–મતાગ્રહ આગળ જતાં રુદ્ર રૂપ ધારણ કરી લે છે. એમાંય જ્યારે સંપ્રદાય ધર્મનો અંચળો ઓઢી લે છે ત્યારે એ ઝનૂની બની જાય છે અને એનું બળ ઘણું વધી જાય છે. ત્યારપછી લોકોનું ભલું કરવાની વાત તો ક્યાંય રહી જાય છે અને તે પછી લોકોને ભડકાવવાનું કામ કરે છે. આમ લોકકલ્યાણની વાત કરનારો આગ્રહ છેવટે લોકવિરુદ્ધ આચરણમાં પરિણમે છે.

આપણે ત્યાં ધર્મ અને સંપ્રદાય બન્ને શબ્દો વચ્ચે ઘણી ભેળસેળ થઈ ગઈ છે. તેથી તો ઘણીવાર ધર્મ વિના વાંકે વગોવાય છે કે દંડાય છે. યથાર્થ કહેવાયું છે કે દુનિયામાં જેટલી લડાઈઓ અને યુદ્ધો થયાં છે તેમાંનાં વધારેમાં વધારે ધર્મને નામે થયાં છે. જગતમાં કેટલુંય લોહી સંપ્રદાયોના મમતને કારણે જ વહ્યું છે. વિધિની વિષમતા તો એ છે કે આજે ધર્મને નામે કેટલાંય વ્યાખ્યાનો અપાય છે અને ધર્મની વાતો સૌથી વધારે થાય છે અને જગત ધર્મથી વધારે ને વધારે વિમુખ થતું હોય તેમ લડાઈ-ઝઘડા જોતાં લાગે છે. આ બધા ઝઘડા મતાગ્રહને કારણે છે, સંપ્રદાયોને કારણે છે. ખરેખર તો ધર્મને કારણે કદી લડાઈ થઈ શકે ખરી ? ધર્મ એ ચેતનાનો વિષય છે. ધર્મ સહિષ્ણુતા શીખવે. એમાં તો ત્યાગ અને સંયમ હોય છે. ધર્મ નિર્મળ બનાવે. જ્યાં લડાઈ–ઝઘડા છે, મતાગ્રહ છે ત્યાં

ભોગ છે, સ્વાર્થ છે સ્વચ્છંદ છે, અસહિષ્ણુતા છે. એક રીતે જોતાં તો એમ જ લાગે કે સંપ્રદાયોમાંથી જાણે ધર્મ જ નીકળી ગયો છે. જે સંપ્રદાય પોતાના અનુયાયીઓને અધ્યાત્મમાં લઈ જતો નથી કે અધ્યાત્મને નજર સમક્ષ રાખતો નથી તે ઝાઝું ભલું કરી શકતો નથી. આવા સંપ્રદાયો મોટે ભાગે લોકોને ભડકાવવાનું જ કામ કરી શકે છે અને સરવાળે લોકોનું અહિત જ કરી બેસે છે. ઘણી વાર તો આવા સંપ્રદાયોને કારણે જ ધર્મની છબી ધૂંધળી દેખાય છે. જે સંપ્રદાયના પાયામાં ધર્મ હોય છે ત્યાં ક્રૂરતા નથી હોતી, ત્યાં કરુણા રેલાતી હોય છે અને તે સૌને માટે કલ્યાણકારી નીવડે છે.

*

## પ્રમાદનો પડછાયો

એક માણુસ ઘણો દરિદ્ર હતો. સવારથી સાંજ સુધી આમતેમ આથડે ત્યારે માંડ પેટ ભરાય એટલું રળી શકે. ઘરના માણુસો પણ આ ગરીબીથી પરેશાન હતા. તેને લીધે ઘરમાં પણ વખતોવખત કજિયા–કંકાસ થતા હતા. કુટુંબમાં કે ગામમાં પણ આ દરિદ્રી માણુસનો કે તેની પત્નીબાળકોનો પણ વક્કર રહ્યો ન હતો. જેનાથી લક્ષ્મી રિસાય છે તેના સંબંધો પણ વણુસે છે. પરેશાન માણુસ સાચી વાત કે ખોટી વાતનો મર્મ પામી શકતો નથી અને બીજાનો વાંક કાઢીને અકારણ દુઃખમાં વધારો કરે છે. ઘણી વાર તો જે વાત હોય નહિ તે તેને દેખાય છે અથવા તો તે જ પ્રમાણે છે જ એમ તે જાતે જ માની લે અને જાતે જ દુઃખી થયા કરે છે. કારણકે પરેશાન માણુસે ઘણુંખરું પોતાનો દોષ જોવાની કે પોતાના જીવનની કરણી મૂલવવાની શક્તિ ગુમાવી દીધી હોય છે. એવામાં ગામમાં એક સંત-મહાત્મા આવ્યા. દરિદ્રતાથી વ્યથિત માણુસ તેમની પાસે ગયો અને પોતાની વીતક કથા કહી. સંતે સોનેરી સલાહ આપી કે આપત્તિ કાળમાં સગાઓના સાથમાં ન રહેવું પણ પરદેશ

ખેડવો. આ માણસને સંતની વાત ઠીક લાગી અને ઘરે આવી તેણે પરદેશ જવાની તૈયારી કરવા માંડી. સારા શુકન જોઈ ઘરની બહાર નીકળ્યો અને ચાલવા લાગ્યો ત્યાં તેને લાગ્યું કે તેની પાછળ છાયા જેવું કોઈ ચાલી રહ્યું છે. તેણે પૂછ્યું, "તું કોણ છે? તું મારી પાછળ પગલે પગલું માંડીને કેમ ચાલી આવે છે?"

પેલી છાયા કહે, "હું દરિદ્રતા છું, ગરીબાઈ છું. તને છોડીને બીજે ક્યાં જાઉં? હું તો તારી સાથે જ રહેવાની."

પેલો માણસ કહે, "ભલે તું મારી સાથે રહે, પણ મને કહે તો ખરી કે તું મારી સાથે જ કેમ રહે છે?"

દરિદ્રતા કહે, "ભાઈ! તું પ્રમત્ત છે. તું પ્રમાદમાં રહે છે અને મૂર્છામાં જીવે છે, તારું જીવન વિસ્મૃતિનું જીવન છે, તેથી મને તારી સાથે ફાવી ગયું છે."

માણસ કહે, "તો તું મારાથી દૂર ક્યારે થવાની? મને ક્યારે છોડવાની?"

દરિદ્રતા કહે, "જ્યારે તું જાગરૂક હશે, સજાગ થશે, ત્યારે મને નહિ ફાવે અને મારે તારો સાથ છોડી બીજે ક્યાંક જવું પડશે."

પેલો દરિદ્ર માણસ બોલ્યો, "તો હવે હું પરદેશ જતો નથી. ઘરે પાછો વળું છું. હવે મને સત્ય સમજાઈ ગયું. રસ્તો મળી ગયો."

દરિદ્રતા માત્ર ધનની જ હોય છે એવું નથી. માણસ

અનેક પ્રકારે દરિદ્ર હોય છે. માણસ તન, મન અને ધન· એમ ત્રણેય પ્રકારે દરિદ્રી હોઈ શકે છે. એમાં ભાવ દરિ· દ્રતા તો સૌથી હીણી છે. તે માણસને ક્યારેય આગળ વધવા દેતી નથી. જેની પાસે સહિષ્ણુતા, ધૈર્ય, મૈત્રી, દયા, વિનય, ઉત્સાહ જેવા ભાવ નથી તે ખરેખર દરિદ્ર છે. આવો માણસ મૂર્ચ્છામાં જીવે છે, વિસ્મૃતિમાં જીવે છે. દાર્શનિકો તેને પ્રમાદની અવસ્થા કહે છે. પ્રમાદ અને મૂર્ચ્છાનાં અનેક રૂપો છે. વિકથા અર્થાત્ કોઈ પણ પ્રકારની લેવાદેવા વિનાની અન્ય વિશેની વાતો, ઇન્દ્રિયોના વિષયોમાં આસ· ક્તિ, પદપ્રાપ્તિનો રાગ, કીર્તિનો મોહ – આમ મૂર્ચ્છાની, પ્રમાદની યાદી તો ઘણી લાંબી થઈ શકે છે. જે માટે રાગ હોય, મોહ હોય તે જો ન મળે તો તેમાંથી ઉદ્ભવતો દ્વેષ, કલહ ઉત્પન્ન કરે છે. દ્વેષ અને કલહની મૂર્ચ્છા ખૂબ સઘન હોય છે. તેને વેર–ઝેર, લડાઈ–હિંસા, ધિક્કાર–ક્રોધ, કપટ-મમત એમ અનેક માથાં હોય છે. અંતે તો તે માણસના સમગ્ર જીવનને ભરખી જાય છે.

સમય મળતો નથી – મરવાની પણ ફુરસદ નથી એમ વારંવાર ફરિયાદ કરનારના જીવનમાં જરા ડોકિયું કરી જોજો. એવા માણસો રાજકારણની કે યુદ્ધની કે એવી ફાલતુ વાતોમાં કેટલો બધો સમય વેડફતા હોય છે! અડોશ– પડોશની પંચાતોમાંથી તેઓ ઊંચા આવતા નથી. નિંદાનો રસ તો ઘણો મીઠો અને માદક હોય છે. સુધરેલા લોકો ઘણી વાર ઉપર ઉપરથી પ્રશંસા કરતા હોય તેમ લાગે પરંતુ તેનો આંતરપ્રવાહ તો નિંદાનો જ હોય છે. આવા

પ્રમાદમાં કે વિસ્મૃતિમાં જીવતા માણસો સરવાળે દુઃખી જ હોય છે, તેઓ ક્યારેય આગળ વધી શકતા નથી. તેઓ ધર્મનાં સ્થાનોમાં જાય છે તો પણ ત્યાંથીય કોરા ને કોરા જ રહીને પાછા ફરે છે. જ્યાંથી કરોડો મળે એવાં ધર્મસ્થાનોમાંથી તેઓ જાણે કોડીઓ લઈને પાછા ફરે છે. કરુણતા તો એ છે કે તેઓ મૂર્ચ્છામાં હોવાથી તેમને આ ભયંકર ખોટનો ખ્યાલ જ આવતો નથી. ભગવાન મહાવીરે આ સંબંધે ખૂબ માર્મિક રીતે કહ્યું છે :

"રાતો નિરંતર વીતતી જાય છે. જે વીતી ગઈ તે વીતી ગઈ. ગયેલી રાતો પાછી આવતી નથી. પંખીઓ તો સાંજેય માળામાં પાછાં આવી જાય છે પણ ગયેલો કાળ ક્યારેય પાછો આવતો નથી."

આમ અતીત ક્યારેય વર્તમાન બની શકતો નથી. જે પોતાનો સમય સાર્થક કરે છે તે ધર્મ જ કરે છે. જે પાતાનો સમય ભાવ દરિદ્રતામાં ગાળે છે તે તો સમય વેડફે જ છે અને અધર્મમાં જીવે છે. જાગવું એ ધર્મ છે. સજગતા ધર્મનું આવશ્યક અંગ છે. જે માણસ ધર્માભિમુખ છે તેની ક્ષણેક્ષણ સભાન અવસ્થામાં પસાર થાય છે, તે પ્રત્યેક ક્ષણને યથાર્થ કરે છે. નથી તો તે અતીતમાં અટવાતો કે નથી તે ભાવિની વ્યર્થ કલ્પનાઓમાં રાચતો. અતીત તો ફક્ત ભવિષ્યના આયોજન માટે છે, તેથી કેટલાક દ્રષ્ટાઓ અને દાર્શનિકો કહે છે કે વર્તમાનમાં જીવો. વર્તમાન ક્ષણને પકડો એનો અર્થ એ નહિ કે ભાવિનો વિચાર કરવાનો નહિ કે અતીતમાંથી બોધ લેવાનો નહિ. વર્તમાન-

માં જીવો એટલે સભાનતાપૂર્વક એકેક ક્ષણનો ઉપયોગ કરો. આજે આપણે જે કરીએ છીએ તેમાંથી જ આપણા ભવિષ્યનું નિર્માણ થાય છે. આજે આપણને જે ભાગ્ય તરીકે પ્રાપ્ત થયું છે તે આપણો અતીત છે. ભૂતકાળમાં આપણે જે કંઈ પુરુષાર્થ કર્યો હતો, જે સારી-ખોટી પ્રવૃત્તિ કરી હતી તેણે આજના આપણા ભાગ્યને ઘડ્યું છે.

તેથી તો પ્રમાદ વિના, મૂર્ચ્છા વિના વર્તમાનમાં જે જીવે છે, જે વર્તમાન ક્ષણને પકડે છે – તે જીવન જીતી જાય છે; જે મૂર્ચ્છામાં જીવે છે, વિસ્મૃતિમાં જીવે છે, સજગતાપૂર્વક નથી જીવતો તે જીવન હારી જાય છે. સજગતા પણ યોગનો એક પ્રકાર છે. કેટલાક ધર્મચિંતકો તો ત્યાં સુધી કહે છે કે જાગરૂકતા – સજગતા એ જ ધર્મ છે અને પ્રમાદ-મૂર્ચ્છા એ જ અધર્મ છે. શબ્દમાંથી અશબ્દમાં જવા, તર્કમાંથી અતર્કમાં જવા, ચિંતનમાંથી અચિંતનમાં જવા આપણને એક સહારાની જરૂર પડે છે. એ સહારો એટલે જાગરૂકતા કે સજગતા. ભગવાન મહાવીરે તેથી તો કહ્યું. "હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહિ."

*

# મર્મ વિનાનો ધર્મ

જાપાન બાજુ ઝેન સંપ્રદાય પ્રચલિત છે. ઝેન સંતો અગમ-નિગમના જાણકાર હોય છે પણ તેમની રહેણીકરણી અને ધર્મપ્રસારની રીતરસમ અન્ય ધર્મો કરતાં જરા વિશિષ્ટ હોય છે. સામાન્ય રીતે તેઓ જનસમુદાયમાં ભળવાનું ટાળતા હોય છે અને તેઓ પોતાના ધ્યાન-ચિંતનમાં મગ્ન રહેવાનું વધુ પસંદ કરે છે. ઉપદેશ આપવાની તેમની રીત પણ અનોખી હોય છે. આવા એક ઝેન સંત પાસે એક ધર્મિષ્ઠ માણસ ગયો અને તેણે પ્રશ્ન કર્યો: 'ભંતે! હું મોટી મુંઝવણમાં મુકાયો છું. જ્યારે હું સંસારનાં કામોમાં રચ્યોપચ્યો રહેતો હતો અને ધર્મ વિષે વિચારતો ન હતો ત્યારે સુખી હતો. પણ જ્યારથી મેં ધર્મ સાંભળવા માંડયો છે, ધર્મ-ક્રિયાઓ કરવા માંડી છે અને ધર્મચીંધ્યા માર્ગે ચાલવાનું શરૂ કર્યું છે ત્યારથી મારી મુશ્કેલીઓ વધી ગઈ છે." સંતે ભક્તની મૂંઝવણ અને મુશ્કેલીઓ વિષે પૂછતાં તેણે કહ્યું, "હવે મારા માટે વ્યવહારમાં ટકવું મુશ્કેલ થતું જાય છે. સગાંસંબંધીઓના સંબંધોમાંથી મીઠાશ ચાલી ગઈ છે. મારે ત્યાં મિત્રોની અવરજવર ઘટી ગઈ છે. મારે આંગણે

પડોશનાં બાળકો હવે રમવા–કૂદવા આવતાં નથી. મારી ચારે બાજુ જાણે પાપ છવાઈ ગયું છે અને તેના ભાર નીચે હું દબાઈ રહ્યો છું," સંત કહે, "તો પછી ધર્મ તારી પકડમાં નથી આવ્યો. અંતરખોજ કરી જો." પેલો ધર્મપ્રેમી માણસ કહે, "ધર્મમાં મેં ક્યાંય ઊણપ રાખી નથી. દેવમંદિર, દેરાસર, ઉપાશ્રય નિયમિત જાઉં છું. વ્યાખ્યાન–કથા–વાર્તા, સાધુઓની સેવા–સુશ્રૂષા વગેરેમાંથી માંડ મને નવરાશ મળે છે. જપ–તપમાં પણ હું ક્યાંય ઓટ આવવા દેતો નથી. અરે, મારા ઘરની વહુ–છોકરીઓ, નોકર-ચાકર સૌને મેં ધર્મક્રિયાઓમાં જોડી દીધાં છે. તેઓ પણ આખો દિવસ ખડે પગે રહીને મારી ધર્મક્રિયાઓમાં સહાય કરે છે." સંત કહે, "તો પછી તને મુશ્કેલી ક્યાં લાગે છે? મૂંઝાય છે શામાં?" ભક્ત બોલ્યો, "સાહેબ! બધું બરોબર લાગે છે પણ મારા મનને શાન્તિ નથી. મારું ચિત્ત પ્રસન્ન નથી રહેતું. દિવસે દિવસે મારા ઉત્સાહમાં ઓટ આવતી જાય છે. ક્યાંક કંઈક ખૂટતું લાગે છે." સંતે કહ્યું, "તો પછી ધર્મ વિષેના તમારા ખ્યાલોમાં જ કંઈ ભૂલ હશે. તમે ધર્મ નહિ પણ ધર્મનું માળખું પકડ્યું લાગે છે. તમે જેને ધર્મ માનો છો તે તેમજ તમારી ધર્મક્રિયાઓ ઉપર ફરીથી વિચાર કરી જુઓ. ઊંડાણમાં ઊતરીને ચિંતન કરો. ક્યાંક મોટી ભૂલ જતી હશે."

ઝેન સંપ્રદાયના સંત અને તેમના જિજ્ઞાસુ ભક્ત વચ્ચે જે સંવાદ થયો તે શું આપણી પણ વાત નથી? જે ધર્મ અને ધર્મક્રિયાઓમાં આપણે રચ્યાપચ્યા રહીએ છીએ તેના

સ્વરૂપનો વિચાર આપણે કરીએ છીએ ખરા? શું ધ્યેયની સ્પષ્ટતા વિના જ આપણે ચાલ્યા કરીએ છીએ? ગામેગામ દેવમંદિરો છે. દેરાસરો છે, ઉપાશ્રયો છે. બધે સાધુ–સંતો વિહાર કરતા આવે છે અને જાય છે, ધર્મક્રિયાઓ થાય છે, પૂજાઓ ભણાવાય છે, સપ્તાહોનું આયોજન થાય છે, પૂજનો ગોઠવાય છે, ઠેર ઠેર ભક્તોની અને આસ્થાવાળાં સ્ત્રી-પુરુષો-ની ભીડ જામે છે. સેવા–પૂજાની દોડધામ ચાલે છે. વ્યાખ્યાન અને કથાવાર્તામાં જવાની અહીંતહીં દોડધામ રહે છે. સાધુ–સંતોની ગોચરી અંગે ભાવિક ભક્તો અને શ્રાવકો વ્યસ્ત રહે છે. વળી ચોમાસુ આવે ત્યારે તો ધર્મની મોસમ જામે છે. અઠ્ઠાઈઓ અને માસખમણનાં તપોની પરંપરા સર્જાય છે. જપ–તપ, શ્રવણ, ભજન–ભાવના, કીર્તન, સેવા અને પૂજા, ધાર્મિક મહોત્સવો વગેરેથી આસ્તિક લોકોનું જીવન ભરાઈ જાય છે અને સંસારવ્યવહાર માટે કચવાતે મને લોકો સમય કાઢે છે. આ બધી પ્રવૃત્તિ શેના માટે છે? કયું ધ્યેય હાંસલ કરવા આપણે જીવન સમર્પિત કરી રહ્યા છીએ તેનો આપણે વિચાર કર્યો છે ખરો? જે માણસ ક્યાં જવું છે તે નક્કી કર્યા વિના ચાલ્યા જ કરે છે અને ક્યાંય પહોંચતો નથી, તેના જેવો તો આપણો ઘાટ નથી ને! પ્રવૃત્તિ એટલે પ્રગતિ એમ માની લેવાય નહિ. ઘણા વેગથી ચાલનાર પણ જો દિશાનો ખ્યાલ ન રાખે અને ફક્ત ગોળ ગોળ ફર્યા જ કરે તો તે ઠેરનો ઠેર પણ રહી જાય છે. ધ્યેયની સ્પષ્ટતા વિનાની દોડધામ અને આશય વિનાની પ્રવૃત્તિ નિરર્થક નીવડે છે અને અંતે નિરાશામાં પરિણમે છે.

આપણે જો આસપાસ નજર નાખીશું અને નિરીક્ષણ કરીશું તો લાગશે કે ધર્મ અને ધર્મ–ક્રિયાઓમાં ઓતપ્રોત થઈ ગયેલાં કેટલાંય સ્ત્રી–પુરુષોનાં જીવન શુષ્ક થઈ ગયાં હોય છે અને તેમની અંદરના આનંદમાં ઓટ આવી ગઈ હોય છે. તેમની ભીતરની ભીનાશ તેમણે ગુમાવી હોય છે અને તેઓ નીરસ જીવન વ્યતીત કરતાં હોય છે. જેમ જેમ તેઓ ધર્મક્રિયાઓમાં ઓતપ્રોત થતાં જાય છે તેમ તેમ તેઓ વધારે ચુસ્ત—રિજિડ થતાં જાય છે. ઘણીવાર તો વ્રત–જપ-તપ કરનારાઓમાં ગુસ્સાનું પ્રમાણ વધારે જોવા મળે છે અને તેઓ વધારે અસહિષ્ણુ પણ બની જતાં હોય છે. તેમના ઉત્સાહમાં ઓટ આવતી જાય છે અને તેમનો આનંદ અને પ્રસન્નતા ઘટતાં જાય છે. ઘણીવાર તો આ પ્રકારના ધાર્મિક સ્ત્રી પુરુષોમાં – પોતે ધર્મિષ્ઠ છે એ વાતની સભાનતાથી તેમનો માનકષાય પણ વધારે ભડકતો હોય. ભગવાન અને ધર્મ વિષેના ભ્રામક ખ્યાલોમાં રહેનારાઓની આશા–આકાંક્ષાઓ જ્યારે ફળતી નથી ત્યારે તેઓ દોષનો ટોપલો ભગવાનને માથે નાખી હતાશ થઈ જાય છે. ઘણીવાર તો નિર્દોષ બાળકો સાથે તેઓ મુક્ત મનથી રમી શકતાં નથી કારણ કે કેટલાક ધર્મપુરુષો તેને મોહના ચાળા ગણાવે છે અને તેનાથી દૂર રહેવા ઉપદેશો આપે છે. ક્યાંક તો પ્રકૃતિના હર્યાભર્યા સૌન્દર્યને જોવામાં કે વખાણવામાં પણ તેમને પાપની ગંધ આવે છે અને કર્મબંધનનો તેમને ડર રહેતો હોય છે.

કુદરતે માણસને જીવવા માટે પોતાની સમૃદ્ધિ છૂટે હાથે વેરેલી છે. આકાશમાં સૂર્ય, ચંદ્ર અને ટમટમતા

અસંખ્ય તારાઓ છવાયેલા છે. ઉષા અને સંધ્યાના રંગો માણસના મનને ભરી દે છે. પૃથ્વીનો પટ નદી–નાળાં–સમુદ્રો–વાવ અને તળાવોથી ભરાયેલો છે. પહાડો અને હરિયાળીથી છવાયેલાં મેદાનો જાણે કુદરતના સંકેતો આપે છે અને મનને ભરી દે છે. મનુષ્યને જીવવા માટે પરમાત્માએ જાણે છૂટે હાથે લહાણ કરી છે અને પોતાના ભંડારો ખુલ્લા મૂકી દીધા છે. આ બધાની અવગણના કરીને, તેનો નિષેધ કરીને, સમજ્યા વિના તેનાથી નાસતા–ભાગતા રહીને આપણે કયો ધર્મ હાંસલ કરવા માગીએ છીએ? આમ પ્રકૃતિ અને તેના ભાવોનો નિષેધ કરનારને, અવગણનારને જીવન નીરસ લાગે કે તેમના ઉત્સાહમાં ઓટ આવતી જાય તેમાં નવાઈ શી?

વાસ્તવમાં ધર્મ તો જીવનને સમૃદ્ધ કરનાર હોય છે. ધર્મ ખોટો નથી પણ તેને સમજવામાં, તેને મૂલવવામાં આપણે ક્યાંક થાપ ખાઈ જઈએ છીએ અને તેથી તો આપણી યુવાન પેઢી હવે ધર્મથી વિમુખ થતી જાય છે. ધર્મના આપણા ખ્યાલોમાં ક્યાંક મૂળભૂત ભૂલ થતી લાગે છે. આપણી ધર્મક્રિયાઓ જડ થઈ ગઈ છે અને ક્યાંક તો તેમાંથી પ્રાણ પણ ચાલ્યો ગયો હોય છે. આજના યુવાનોને આવા ધર્મ સાથે મનમેળ ન રહે તે સ્વાભાવિક છે. ધર્મને આપણે દેવ-મંદિરો, દેરાસરો અને ઉપાશ્રયોનો ધર્મ બનાવી દીધો છે. જીવન અને ધર્મ વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. મોટા ભાગના લોકો તો એમ માને છે કે ધર્મ એટલે નિવૃત્ત થઈ ગયા પછી, જ્યારે બીજી કોઈ પણ પ્રવૃત્તિ કરવાનો અવકાશ ન રહ્યો હોય, ત્યારે આદરવાની પ્રવૃત્તિ કે

એક પ્રકારનો સહારો. ખરેખર તો જીવન જીવવાનું બળ આપે તે ધર્મ. જીવનના પ્રશ્નોનું ધર્મ, સમાધાન આપનાર હોય. ધર્મ પ્રેરણા આપે. ગમે તેવી આપત્તિઓ વચ્ચે ટકી રહેવાનું બળ ધર્મમાંથી મળી રહે. પણ આપણે ધર્મને એવા સ્તરે ધકેલી દીધો છે કે જ્યાં તેણે પોતાનો ખરો અર્થ ગુમાવી દીધો છે. તેથી આજના યુવાનો પાસે કે શિક્ષિત લોકો પાસે ધર્મની વાત કરતાં પણ વિચાર કરવો પડે તો તેમાં તેઓનો ઝાઝો દોષ નથી. આપણે ધર્મના સ્વરૂપને બદલી નાખ્યું છે અને તે હવે સહજ અને સ્વાભાવિક રહ્યું નથી. ધર્મનો મર્મ મોટે ભાગે ખોવાઈ ગયો છે અને ધર્મનું માળખું ટકી રહ્યું છે. જો આપણે આ બાબત ચિંતન કરીશું તો આપણે ધર્મના મર્મને પામી શકીશું. જ્યારે આપણે ધર્મક્રિયાઓના હાર્દ સુધી પહોંચીશું ત્યારે ધર્મ આપણને બળ આપનાર બની રહેશે. ત્યાર પછી ધર્મ કરતાં જીવન નીરસ નહિ રહે અને આપણું જીવન પ્રસન્નતાથી અને પ્રેમથી ભરાઈ જશે.

*

# આત્મવંચના

વર્ષો પહેલાંની વાત છે, પણ આજેય જાણે નવી ને નવીલાગે છે. ઉજ્જયિની નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ કરતો હતો. તે સમયે સોપારકના પ્રદેશમાં સિંહજિત નામે રાજા રાજ કરતો હતો. બન્ને પ્રદેશો મલ્લવિદ્યા માટે જાણીતા હતા અને રાજાઓ મલ્લવિદ્યાને સારું એવું ઉત્તેજન આપતા હતા. દેશમાં વર્ષોવર્ષ કુસ્તીનાં દંગલો યોજાય અને તેમાં ભાગ લેવા દેશ–પરદેશથી મલ્લો આવે. રાજા અને પ્રજા મલ્લકુસ્તીમાં ઘણો રસ લે અને રાજ્ય તરફથી ખાસ હરીફાઈ રાખવામાં આવે. વિજેતા મલ્લને મોટું ઇનામ મળે અને રાજા તેનું બહુમાન કરે.

તે સમયે ઉજ્જૈન નગરીમાં અટ્ટણ નામનો એક મલ્લ હતો. તેનામાં અખૂટ શારીરિક બળ હતું અને કોઈ તેની સામે ટકી શકતું નહિ. વર્ષને અંતે જે આખરી હરીફાઈ થાય તેમાં આસપાસનાં રાજ્યો ભાગ લે અને પોતપોતાના મલ્લોને મોકલે. તે સમયે રાજ્યમાં મોટા ઉત્સવનું આયોજન થાય અને ભાતભાતની રમતોની હરીફાઈ ગોઠવાય પણ મલ્લકુસ્તીની સ્પર્ધામાં તો ઉજ્જૈનના અટ્ટણ મલ્લની જ જીત

થાય. અટ્ટણની જીતને રાજા અને પ્રજા હરખથી વધાવી લે. આમ ઉજ્જૈનની યશપતાકા વર્ષોવર્ષ લહેરાતી રહે.

બીજાં બધાં રાજ્યો તો ઠીક પણ પડોશના સોપારકના રાજવી સિંહજિતથી આ વાત ન ખમાય. સિંહજિતને આવી કીર્તિ મેળવવાની ઘણી હોંશ હતી. તેમણે શાન્તિથી પોતાના મલ્લોના પરાજયનાં કારણો ઉપર વિચાર કર્યો અને તે નિવારવા માટે તેમણે રાજ્યમાં આ ક્ષેત્રના નિષ્ણાતો હતા તેમની સલાહ સૂચના લીધી. છેવટે તેમણે એક તંદુરસ્ત અને બળવાન માણસની પસંદગી કરી અને તેને મલ્લ તરીકે તાલીમ આપવા માંડી. વડીલ અને અનુભવી મલ્લોએ તેને વિધવિધ દાવપેચ શીખવાડ્યા અને તેના આહાર-વિહાર દરેક બાબતનું ધ્યાન રાખ્યું. આ નવયુવાન મલ્લનું નામ ફલિહ હતું. સિંહજિત જાતે પણ આ ફલિહની તાલીમમાં રસ લે અને તેને પ્રોત્સાહન આપે. વર્ષની આખરે ફલિહની તાલીમ પૂરી થઈ અને તેના ઉસ્તાદોએ તેને યથાયોગ્ય મલ્લ તરીકે જાહેર કર્યો. ત્યાર પછી સોપારકના સિંહજિતે પોતાના રાજ્યમાં કુસ્તીના દંગલનું આયોજન કર્યું અને દેશ-પરદેશથી મલ્લોને તેમાં ભાગ લેવા આમંત્રણ મોકલાવ્યાં. અનેક રાજ્યોના મલ્લો કુસ્તીમાં ભાગ લેવા આવી પહોંચ્યા અને એમાં ઉજ્જૈનનો વિખ્યાત અટ્ટણ મલ્લ પણ આવ્યો.

સોપારકમાં મોટો ઉત્સવ મંડાયો. રોજ જુદા જુદા મલ્લોની કુસ્તી થાય પણ સૌની નજર તો ઉજ્જૈનના અટ્ટણ મલ્લ ઉપર જ મંડાયેલી હતી. છેવટે આખરી હરીફાઈમાં અટ્ટણ અને ફલિહ જ રહ્યા અને છેલ્લે દિવસે તેમની વચ્ચે

મલ્લયુદ્ધ થયું. આખો દિવસ કુસ્તી ચાલી પણ બેમાંથી કોઈ કોઈને મચક આપે નહિ. ઘડીમાં અટ્ટણ જીતતો લાગે તો બીજી ઘડીએ ફલિહ જીતતો લાગે. બન્ને વચ્ચેની સ્પર્ધા ઘણી રોમાંચક બની ગઈ હતી. સાંજ પડતાં કુસ્તી મુલતવી રાખવી પડી અને બીજે દિવસે આખરી હરીફાઈ રાખવાની જાહેરાત થઈ. બન્ને મલ્લ દિવસના દાવ-પેચમાં ઘણા પછડાયા હતા અને ખોખરા થઈ ગયા હતા પણ ખેલ બરાબરીનો હતો તેથી મરણિયા થઈને લડ્યા હતા. રાત પડતાં સોપારકનો રાજવી સિંહજિત જાતે પોતાના રાજ્યના મલ્લ ફલિહ પાસે ગયો. ફલિહને ક્યાં વાગ્યું છે તેની તપાસ કરી વૈદ્યોએ તેના ઘાવ ઉપર મલમપટ્ટા કર્યા અને વિધવિધ માલિસ કર્યાં. ઉસ્તાદોએ આખા દિવસના દાવ-પેચની ચર્ચા કરી અને ફલિહ તાજોમાજો થઈ ગયો અને તેનો વિશ્વાસ વધી ગયો.

બીજી બાજુ ઉજ્જૈનના રાજપ્રતિનિધિઓ તેમના રાજ્યના અટ્ટણ મલ્લ પાસે ગયા અને તેની ખબરઅંતર પૂછી. ઉજ્જૈનના રાજવીએ જાતે માણસ મોકલીને અટ્ટણની ખબર પૂછાવી હતી. અટ્ટણ સારો એવો ખોખરો થઈ ગયો હતો પણ તેણે તે કબૂલ્યું નહિ. તે તો સૌને કહેવા લાગ્યો, "તમે નાહકની ચિંતા કરો છો. કાલે કુસ્તી શરૂ તો થવા દો. હું જોતજોતામાં ફલિહને પટકી નાખીશ." તેણે પોતાના ઘાવનો ઉપચાર પણ ન કર્યો અને વધુ પડતા વિશ્વાસમાં પૂરતો આરામ પણ ન કર્યો. અટ્ટણે પોતાના ઝખમો છુપાવ્યા, તેની અવ-ગણના કરી, તેનો ઉપચાર ન કર્યો, તેના તરફ બેદરકાર

રહ્યો. બીજે દિવસે બન્ને મલ્લો મેદાનમાં સામસામે આવ્યા ત્યારે ફલિહ તાજો–માજો હતો પોતાની નિર્બળતા જાણી ચૂકયો હતો. તેણે તેના ઉપર વિચાર કર્યો હતો અને તે કેવી રીતે સબળ થઈ શકે તે વાતથી સભાન હતો. બીજી બાજુ અટ્ટણ ગુમાનમાં હતો, બેપરવાહ હતો, પોતાની નિર્બળતા ઉપર વિચાર કર્યો ન હતો. જોતજોતામાં તો ફલિહે અટ્ટણને પટકી નાખ્યો અને વિજય હાંસલ કર્યો. સોપારકે ફલિહના વિજયને વધાવી લીધો અને સિંહજિતની મહેનત સફળ નીવડી.

આ વાત સામાન્ય લાગે છે પણ ઘણી માર્મિક છે. સામાન્ય લાગતી વાત જ આપણે ઘણી વાર ભૂલી જઈએ છીએ અને પરિણામે જીવનની બાજી હાથમાંથી સરી જાય છે. આપણે આખા જગતની પંચાત કરીએ છીએ, બીજાઓ કયાં ભૂલે છે, કયાં થાપ ખાય છે, તેઓ કયાં નિર્બળ છે તેની પિષ્ટપીંજણ કર્યા જ કરીએ છીએ પણ આપણી પોતાની વાત વિચારતા નથી. આપણે કયાં નિર્બળ છીએ, આપણામાં કયાં ખામી છે, આપણામાં શું ખૂટે છે તેનો આપણે સ્વસ્થ ચિત્તે વિચાર કર્યો છે ખરો ? આપણે સફળ થવા કયાં પૂર્તિ કરવાની છે, કયાં આપણામાં સુધારો કરવાની જરૂર છે એ બાબત મોટે ભાગે આપણે બેદરકાર રહીએ છીએ. ઉજ્જૈનના પેલા અટ્ટણ મલ્લની જેમ આપણે તો ગુમાનમાં અને મિથ્યાભિમાનમાં મહાલ્યા કરીએ છીએ અને માનીએ છીએ કે હું આમ કરી નાખીશ અને તેમ કરી નાખીશ. પરિણામે આપણે કશું કરી શકતા નથી અને જિંદગી હાથતાળી આપીને

આપણા હાથમાંથી સરકી જાય છે.

આપણે નિર્બળ છીએ, આપણામાં દોષો છે, ઊણપો છે – એ વાતથી જીવનમાં નિષ્ફળ જતા નથી પણ આપણે એ નિર્બળતાઓ અને દોષોનો સ્વીકાર નથી કરતા, તેનો ઉપચાર નથી કરતા માટે નિષ્ફળ જઈએ છીએ. આપણે ગુમાનથી અને મિથ્યાભિમાનથી ઘેરાયેલા છીએ. આપણે પરિસ્થિતિનો સાચો ક્યાસ કાઢ્યા વિના જ જીવન સંગ્રામમાં ઝંપલાવીએ છીએ અને ઝઝૂમીએ છીએ અને તેથી જ મોટે ભાગે નિષ્ફળ જઈએ છીએ અને હતાશ થઈએ છીએ. સોપારકના ફલિહ મલ્લની જેમ જે પોતાની નિર્બળતા જાણે છે અને તેને ઓળખે છે અને પછી તેનો ઉપચાર કરી લે છે તે મજબૂત થઈ જાય છે. પછી તે નિર્બળ નથી રહેતો. આમ જે સાવધ છે તેના જીવનનો ગઢ મજબૂત થઈ જાય છે. પછી એ ગઢ વિરોધી સંજોગોના હુમલાથી પડતો નથી અને અડીખમ ટકી રહે છે. ખરેખર તો આપણે આપણું પોતાનું સાચું ચિત્ર જોઈ શકતા નથી કે જોવા માગતા નથી. આપણે આપણી નિર્બળતાઓને ઢાંકતા ફરીએ છીએ. આપણી નિષ્ફળતાઓનો સ્વીકાર જ નથી કરતા અને મિથ્યા કલ્પનાઓમાં રાચ્યા કરીએ છીએ. ખરેખર તો આપણે આભાસનું જીવન જીવીએ છીએ. સાચી પરિસ્થિતિનો સ્વીકાર કરવા જ આપણે તૈયાર નથી હોતા ત્યાં પછી તેના ઉપચારની તો વાત જ ક્યાં રહી ? સત્યનું દર્શન ઘણીવાર સુખદ નથી હોતું પણ સાથે સાથે એ વાત પણ ખરી છે કે સત્યના સ્વીકાર વિના સફળતા પણ મળતી નથી.

# બંધન અને મુક્તિ

એક વાર એક ગુરુ અને શિષ્ય ગાયોને સાથે લઈને યાત્રાએ નીકળ્યા. માર્ગમાં એક વડ નીચે રાતવાસો કરવા રોકાયા. ત્યાં આશ્રમમાંથી એક શિષ્યે દોડતા આવીને કહ્યું, "ગુરુજી ! આશ્રમમાં ઓચિંતાના અતિથિઓ આવ્યા છે ને તમને ખાસ કામે પાછા બોલાવે છે."

ગુરુએ ગાયોને ગળે હાથ ફેરવીને દોરી બાંધતા હોય તેવો દેખાવ કરીને ગાયોને જુદા જુદા ઝાડ પાસે ઊભી કરી દીધી અને સાથે લાવેલા શિષ્યને કહ્યું, "કાલે સાંજ સુધીમાં હું પાછો આવી જઈશ, ત્યાં સુધી તું અહીં જ રહેજે અને ગાયોનું ધ્યાન રાખજે. સવારે ગાયોને જંગલમાં ચરવા લઈ જજે અને પાણી વગેરે આપજે."

સવારે ઊઠીને શિષ્યે જોયું તો ગાયો જ્યાં હતી ત્યાં જ ઊભી હતી. ખરેખર તો ગાયો બાંધેલી હતી જ નહિ તેથી શિષ્યે ડચકારો કરીને ગાયોને ચરાવવા લઈ જવા હાકલ કરી પણ ગાયો ત્યાંથી ખસી નહિ. છેવટે શિષ્યે ગાયોને લાકડી ફટકારી પણ ગાયો ત્યાંથી હાલે જ નહિ. શિષ્યને લાગ્યું કે આ ગુરુના જ પ્રતાપ છે. ગુરુ શક્તિશાળી છે

તેથી મંત્રથી ગાયોને બાંધતા ગયા છે.

બીજે દિવસે બપોરે ગુરુજી પાછા આવી ગયા. જોયું તો બધી ગાયો ત્યાં ને ત્યાં જ ઊભેલી. ગુરુએ શિષ્યને ઠપકો આપ્યો: "અરે! તું ગાયોને ચરાવવા નથી લઈ ગયો? અત્યાર સુધી તેમને ભૂખી તરસી રાખી છે?" શિષ્ય કહે, "ગુરુજી! તમે ગાયોને મંત્રથી બાંધતા ગયા છો. તેથી ગાયો જ્યાં છે ત્યાંથી ખસતી નથી. મેં તો ઘણોય પ્રયાસ કર્યો."

ગુરુ સમજી ગયા. તે દરેકેદરેક ગાય પાસે ગયા અને ગાયોના ગળેથી જાણે દોરડું છોડતા હોય તેવો દેખાવ કર્યો. હલનચલન કર્યું, પછી ગાયની પીઠ થાબડીને ડચકારો કર્યો, એટલે ગાયો ચાલવા માંડી. ગાયોને લાગ્યું કે હવે તેમને ગળે બાંધેલું દોરડું ખીલામાંથી કાઢી લીધું છે, એટલે તેઓ છૂટી છે. ગુરુએ શિષ્યને કહ્યું, "ગાયો વાસ્તવમાં બંધાયેલી હતી જ નહિ પણ તેમને ભ્રમ થયો હતો કે તેઓ બંધાયેલી છે. મેં હાવભાવ કર્યો કે દોરડું ખીલેથી છોડી નાંખ્યું એટલે તેઓ ચાલવા લાગી."

વાત જરા વિચારવા જેવી છે. આપણે આજે ચોતરફ નજર નાંખીશું તો લાગશે કે આપણામાંના ઘણા બધા આમ જ કોઈ ને કોઈ ખીલે બંધાયેલા છીએ. કોણ જાણે કેમ આપણને બંધન વિના કંઈ ફાવતું નથી. ધર્મ તો મુક્તિ માટે છે–પછી ભલેને તે વૈદિક ધર્મ હોય, જૈન ધર્મ હોય, બૌદ્ધ ધર્મ હોય કે ખ્રિસ્તી ધર્મ હોય. આપણું જીવન સુખ અને દુઃખની સાંકળોથી બંધાયેલું છે. એક સાંકળ સોનાની છે

તો બીજી સાંકળ લોખંડની છે. આમ જોઈએ તો બન્ને સાંકળો જ છે. પણ આપણને સોનાની – સુખની સાંકળ ગમે છે અને લોખંડની – દુઃખની સાંકળનું બંધન કઠે છે. તેથી દુઃખની સાંકળથી બચવા આપણે વળી કોઈ સંપ્રદાયનો ખીલો શોધી કાઢીએ છીએ. જે ક્ષણે આપણને પ્રતીતિ થશે કે સુખ અને દુઃખ બન્ને સાંકળો જ છે અને તે આપણને બાંધનારી છે, પછી આપણને સોનાની સાંકળનો મોહ નહિ રહે. આ બન્ને સાંકળોથી બંધાયેલા આપણે ઘણા કાળથી રખડીએ છીએ.

એક વખત એ સાંકળો દૂર થઈ જાય તો આપણને આપણા સ્વરૂપનું ભાન થઈ જાય, અને આપણે આપણા સ્વભાવમાં આવી જઈએ. ત્યાર પછી જ આપણને મુક્તિ શું છે ? મુક્ત શામાંથી થવાનું છે ? અને તેનો આનંદ કેવો છે ? – તેનો ખ્યાલ આવી જશે.

પેલી ગાયોની જેમ જ આપણે પણ એક સૂક્ષ્મ દોરડાથી બંધાયેલા છીએ. એ દોરડું છે કષાયોનું – ક્રોધ, માન, માયા અને લોભનું. ક્રોધ એને માન કડવા કષાયો છે તો લોભ અને માયા મીઠા કષાયો છે. આ કષાયોથી બંધાયેલો માણસ ખીલો છોડી શકતો નથી અને મુક્તિનો આસ્વાદ માણી શકતો નથી.

ખૂબીની વાત તો એ છે કે આપણને પણ કોણ જાણે કેમ, બંધાયેલા રહેવું જ ગમે છે. સહેજ પણ છૂટા રહેવું આપણને ફાવતું નથી એટલે કોઈ ને કોઈ સંપ્રદાય કે ગુરુને ખીલે બંધાઈ જઈએ છીએ. પછી ભલેને તેઓ ગળે હાથ

ફેરવીને આપણને બાંધ્યાનો કે છોડયાનો દેખાવ કરે. આમ આપણે જીવનમાં બેવડા બંધાયેલા રહીએ છીએ. કોણ જાણે કેમ આપણું માનસ આવા બંધન સાથે જીવનારું થઈ ગયું છે.

સ્વતંત્ર રીતે વિચારવાનો, સારા નરસાનો વિવેક રાખવાનો અને એ રીતે જીવવાનો માર્ગ જ જાણે આપણે વીસરી ગયા છીએ. તેથી જ તો કષાયોના બંધનમાંથી છૂટવાની વાત તો બાજુએ રહી પણ આપણે તો પેલી ગાયોની જેમ સંપ્રદાયો કે તેના અગ્રણીઓ જયાં આપણને લઈ જાય ત્યાં જઈએ છીએ કે ઊભા રહીએ છીએ. એમાંય વળી આપણે જે ખીલે બંધાયેલા હોઈએ તે ગોવાળ જ મેલી માટીનો હોય તો તો પછી ઊગરવાની વાત તો દૂર રહી પણ તેના દોર્યા, ચઢાવ્યા આપણે પોતે તો ભટકી જઈએ છીએ અને આખા સમાજની ખાનાખરાબી કરતાં પણ આપણે અચકાતા નથી. પરિણામે આપણે પોતે, સમાજ અને દેશ, વિનાશ તરફ સરકતાં જઈએ છીએ.

જયારે આપણે પોતે જાગી જઈશું, ત્યારે કષાયનાં બંધન તૂટવા લાગશે. આ પછી આપણને સંપ્રદાયના ખીલાની જરૂર નહિ રહે. આપણા જ વિવેકથી આપણે વિચરીશું. તે પછી આપણે ભટકી નહિ જઈએ. કોઈ આપણને લડાવી નહિ શકે. આ પરિસ્થિતિનું સર્જન થશે તો આપણે પોતે, દેશ તથા સમાજ પણ સમૃદ્ધ થશે અને શાન્તિની હવાથી વાતાવરણ ભરાઈ જશે. ત્યાર પછી આપણી તેમજ સમષ્ટિની મુક્તિ ઝાઝી દૂર નહિ રહે. આમ બંધનમાંથી આપણે જાતે જ મુક્ત થવાનું છે ને તેને માટે પુરુષાર્થ પણ આપણે જ કરવાનો છે.

# અલ્પની અનંતતા

લગભગ બસો–અઢીસો વર્ષ પહેલાં જર્મનીમાં એક સંગીતકાર થઈ ગયો. તેણે અનુપમ રાગ–રાગિણીઓથી સારાય યુરોપને સમૃદ્ધ કરી દીધું. તેના સંગીતમાં કંઈક અમૃત તત્ત્વ રહેલું હતું. એ સંગીત સાંભળનારને જાણે કંઈ દિવ્યની અનુભૂતિ થતી હતી. અમર તર્જોની રચના કરનાર આ સંગીતકારનું નામ હતું બીથોવન. સંગીતની દુનિયામાં તે અમર થઈ ગયો. પરંતુ વિધિની વિચિત્રતા એ હતી કે સૌને સંગીતના સૂરો સંભળાવનાર પોતે બહેરો હતો. સમસ્ત યુરોપને પોતાના સૂરોથી ઘેલું કરનાર સૂરસમ્રાટ પોતે જ પોતાના સર્જેલા સૂરોને સાંભળી શકતો નહિ. કેવી વિષમ પરિસ્થિતિ? કેવું કારુણ્ય?

આ સંગીતસમ્રાટ બીથોવન ઈ. સ. ૧૮૨૭માં સત્તાવન વર્ષની ઉંમરે કોઈ અસાધ્ય માંદગીમાં સપડાયો. ડૉકટરોએ તેને સાવધ કરતાં કહ્યું કે આ બીમારીમાંથી કદાચ તે સાજો થઈને ફરીથી પાછો ન પણ ઊઠી શકે. આ વાત સાંભળીને બીથોવન આનંદથી નાચી ઊઠ્યો અને બોલ્યો, "હાશ, હવે

મારા મૃત્યુ પછી મારું બહેરાપણું જશે અને મારા સંગીતના સૂરો હું માણી શકીશ.” આપણે આ વાતની સત્યતા કે સંભવિતતાની ચર્ચામાં નથી પડવું. કહેવાય છે કે તાર્કિકો સદાય ભગ્ના. પરંતુ મૃત્યુ સમીપ છે એવું જાણ્યા પછી બીથોવનનો જે ઉત્સાહ છે તે પ્રશંસનીય છે. તેની શ્રદ્ધામાં ઘણું બળ છે. મૃત્યુની પથારી ઉપર પણ જીવનનો આ અભિગમ રાખવો ઘણો મુશ્કેલ હોય છે. જીવનભર સ્વસ્થ મનથી જીવનાર જ આ વાત કરી શકે.

એવો જ એક બીજો પ્રસંગ છે ઇંગ્લેન્ડના કવિ બ્રાઉનિંગનો. તેના વિખ્યાત કાવ્ય “એબ્ટ વોગ્લર”માં તેણે આ ભાવનું જ સુંદર નિરૂપણ કર્યું છે. એબ્ટ વોગ્લર એક જર્મન સંગીતકાર છે. સાધના કરતાં કરતાં તેને એક વખત કોઈ દિવ્ય અને ઉત્કૃષ્ટ રાગનો આવિર્ભાવ થયો પણ તે તેને પૂરેપૂરો સાકાર કરે તે પહેલાં તે રાગ તેના સ્મરણમાંથી સરી પડ્યો–પછીથી તેણે ખૂબ મથામણ કરી પણ તે તેનો ફરીથી આવિર્ભાવ કરી શક્યો નહિ. તેણે આ રાગને સાકાર કરવા જીવનભર પ્રયાસ ચાલુ રાખ્યો. પણ જે રાગ તેને એક વખત હાથતાળી આપીને ચાલ્યો ગયો તે ફરીથી હાથમાં આવ્યો જ નહિ. છતાંય એબ્ટ વોગ્લરની અલ્પને પૂર્ણ સ્વરૂપે પામવાની ઝંખના ક્યારેય નષ્ટ થઈ નહિ. કવિ બ્રાઉનિંગ તેના પાત્ર દ્વારા કહે છે કે જે ઇષ્ટ છે, સુંદર છે, સત્ય છે તે અમૃત પણ છે. ઇષ્ટ ક્યારેય અલોપ થતું નથી. માત્ર અનિષ્ટનો જ વિનાશ થાય છે. જે સત્ય છે તે ક્યારેય અસત્ય થતું નથી. જે સુંદર છે તે ક્યારેય વિરૂપ થતું નથી. જોકે

આ જગતમાં ઘણી વાર વિપરીત જોવા મળે છે કે ખોટું મટતું નથી અને ભૂંડું ખોવાતું નથી. પણ આ જગતની પારની જે દુનિયા છે એમાં ખરું ખોવાતું નથી અને સત્ય મરતું નથી. કવિ બ્રાઉનિંગની આ શ્રદ્ધા અને આશામાં ઘણું બળ છે.

કવિ બ્રાઉનિંગગ એબ્ટ વોગ્લરના શબ્દોમાં કહે છે કે જે ઉચ્ચ અભિલાષ સેવ્યા હોય છે, જે ઉત્તમ પામવા નિર્ણય કર્યો હોય છે, આશા રાખી હોય છે, સ્વપ્નો સેવ્યાં હોય છે તેનો કદી નાશ થતો નથી. તેની હસ્તી રહી જાય છે. એવું કોઈ સૌન્દર્ય નથી કે એવું કોઈ શ્રેય નથી કે જેની શક્તિ એકવાર ઉત્પન્ન થયા પછી નષ્ટ થતી હોય. અલ્પકાળ માટે ઉત્પન્ન થતી કલ્પનાને કે આવિર્ભાવને પણ અનંતતાનું સમર્થન મળે છે. જ્યારે અલ્પતાને અનંતતાનું સમર્થન મળે છે ત્યારે અલ્પતા પણ પૂર્ણ થયા વિના રહેતી નથી. જે ગગનગામી લાગતું હોય તે પણ ધીમે ધીમે છેવટે પૂર્ણતાને પ્રાપ્ત કરી લે છે કારણ કે તે દિવ્યતાને વરેલ છે.

આપણા જીવનમાં પણ કેટલીકવાર કંઈક સૂરો, રાગો, સ્વપ્નો બીજના ચંદ્રની કળાની જેમ દેખાય છે અને તે સ્ફુર્યાં ન સ્ફુર્યાં ત્યાં જ સરી જાય છે. ક્ષણભર આપણને લાગે છે કે સ્વપ્ન રોળાઈ ગયું, સૂર ખોવાઈ ગયો અને આપણે હતાશ થઈ જઈએ છીએ. પણ જે દિવ્ય છે, સુંદર છે, સત્ય છે તેનો ક્યારેય અસ્ત થતો નથી. ભલે તે થોડાક સમય માટે આપણાથી ઓઝલ થયું હોય પણ ફરીથી તેનો

ઉદય થવાનો જ છે અને અંતે તે સાકાર થઈને જ રહેશે. જે આજે અપૂર્ણ રહી ગયું છે તે કાલે પરિપૂર્ણ થવાનું છે. સદ્ભાવમાં અમોઘ બળ રહેલું હોય છે.

આજે વિજ્ઞાન પણ આ વાતનું સમર્થન કરે છે. જગતમાં કોઈ પદાર્થ નષ્ટ થતો જ નથી એટલું જ નહિ પણ કોઈ વિચાર પણ નષ્ટ થતો નથી. એમાંય જે ભાવ શુભ હોય છે, શુદ્ધ હોય છે, નિર્મળ હોય છે તે તો ખૂબ બળવાન હોય છે. જૈન વિજ્ઞાને તો ત્યાં સુધી વાત કરી છે કે દરેક ભાવ કે વિચાર, વાતાવરણમાંથી એક વિશિષ્ટ પ્રકારની રજ ગ્રહણ કરીને જ અસ્તિત્વમાં આવે છે. આ વિશિષ્ટ પ્રકારની રજને મનોવર્ગણા કહેવામાં આવે છે. વિચાર કે ભાવ ક્ષણભર આવીને છૂટી જાય તો પણ તેનાં આંદોલનો વાતાવરણમાં ઘૂમરાયાં કરે છે. દરેક ભાવ એક ચિત્રનું સર્જન કરે છે. આ ચિત્ર આપણા મનમાંથી અદૃશ્ય થઈ જાય પણ વાતાવરણમાં તેનું અસ્તિત્વ જળવાઈ રહે છે અને તેને વીખરાતાં વર્ષોનાં વર્ષો લાગે છે. વિચાર કે ભાવ જેટલો નિર્મળ, જેટલો ઉત્કૃષ્ટ હોય એટલું માનસચિત્ર વધારે પ્રબળ અને તેનાં આંદોલનો એટલાં જ દૂરગામી હોય છે. આવા સદ્ભાવનાં આંદોલનોનું સાતત્ય યુગો સુધી જળવાઈ રહે છે. તેથી તો ધર્મપુરુષોની વાણી અને વિચારોનો પ્રભાવ વર્ષોનાં વર્ષો સુધી વર્તાય છે અને સૌને શાંતિ અને પ્રેરણા આપે છે–બળ આપે છે. મનુષ્યે ક્યારેય નિરાશ થવા જેવું નથી. આજે જે અલ્પ લાગે છે તે જ કાલે અનંત પ્રતિ લઈ

જશે. આજે જે અપૂર્ણ છે તે જ કાલે પૂર્ણ થવાનું છે. જે વાતાવરણમાંથી સત્યને પકડે છે, શિવને પકડે છે, સુંદરને પકડે છે તે સત્યને પામે છે, શિવને પામે છે અને સુંદરને પામે છે અને છેવટે તે જ સત્ય, શિવ અને સુંદર બનીને રહે છે.

—×—

# પ્રેમભરી ઉપેક્ષા

છત્રપતિ શિવાજી મહારાજે સમર્થ રામદાસને ગુરુપદે સ્થાપ્યા હતા. છત્રપતિને ગુરુ માટે અત્યંત આદર અને ભક્તિ હતાં. મરાઠા સામ્રાજ્યનો ભગવો ધ્વજ પણ ગુરુ રામદાસની જ દેન હતી. ભગવો રંગ જ્વાળાનો રંગ છે. જેણે પોતાના રાગ-દ્વેષ બાળી નાખ્યા હોય તેના દહનના પ્રતીક રૂપે ભગવાં વસ્ત્ર ધારણ કરવામાં આવે છે. આમેય લોકો ગુરુ રામદાસ તરફ ભક્તિભાવ અને પૂજ્યભાવ રાખતા હતા અને એમાંય હવે તો તેઓ છત્રપતિના ગુરુ હતા પછી તો તેમનાં માન-સન્માન માટે કહેવાનું શું હોય ?

ગુરુ રામદાસ સમર્થ યોગી અને ત્યાગી હતા. તેમનું હૈયું ભગવા રંગથી રંગાયેલું હતું. ક્રોધ, લોભ, માયા અને માન જેવા કષાયના ભાવોથી તેઓ પર હતા. આવા ભાવો ઉપર તેમણે વિજય મેળવ્યો હતો. આવા સાધુ-સંતોનો વ્યવહાર ઘણીવાર બાળક જેવો નિર્દોષ અને સરળ હોય છે. એક વાર ગુરુ રામદામ પોતાની આંતરિક મસ્તીમાં લીન થઈને ચાલતા ચાલતા જતા હતા. ગામ છોડીને તેમણે વગડાની વાટ પકડી હતી. માર્ગમાં આવતાં ગામોની સીમનાં

ખેતરો તેઓ પ્રેમથી જોતા જાય અને ધાનથી લચી પડેલાં ખેતરો જોઈને ગુરુનું મન મોજથી ભરાઈ જાય. પ્રકૃતિ જાણે તેમની સાથે વાતો કરે. ત્યાં રસ્તામાં શેરડીનું ખેતર આવ્યું. રસભરી શેરડીનો ઊભો પાક અને લચી પડેલા સાંઠા જાણે ગુરુને ચરણે ઝૂકીને પોતાનો ઉપભોગ કરવા વિનંતી ન કરતા હોય! સહજરીતે ગુરુ રામદાસે એક–બે શેરડી તોડી અને બાળકની જેમ શેરડીના સાંઠા મોંમાં મૂકી તેઓ ચાવવા લાગ્યા ત્યાં તો ખેતરનો માલિક દોડતો આવ્યો અને ભગવાં વસ્ત્રધારી સંન્યાસીને પોતાના ખેતરની શેરડી ચાવતો જોઈ તેનો મિજાજ ગયો. તેણે ગુરુ રામદાસને બે–ત્રણ તમાચા મારી શેરડી ઝૂંટવી લીધી. નિજ મસ્તીમાં લીન ગુરુની સમાધિ તૂટી અને તેઓ વ્યવહારને ઓવારે આવી પહોંચ્યા. પરિસ્થિતિનું ભાન થતાં ખેડૂતની ક્ષમા માગી તેઓ આગળ ચાલ્યા.

ગુરુ રામદાસે તો છત્રપતિને આ બાબત કંઈ કહ્યું નહિ પણ ક્યાંકથી શિવાજી મહારાજ પાસે આ વાત પહોંચી. આ વાત સાંભળતાં શિવાજી રાતા પીળા થઈ ગયા અને પેલા ખેડૂતને તેડી મંગાવ્યો. રાજનું તેડું આવતાં ખેડૂત વાત સમજી ગયો અને ભયથી થર થર ધ્રૂજવા લાગ્યો. ખેડૂત શિવાજી મહારાજને પગે પડી માફી માગવા લાગ્યો. છત્રપતિનો ગુસ્સો ઘટે નહિ અને મન માને નહિ. શિવાજી બોલ્યા, “રે ધૂર્ત! તેં મારા ગુરુને તમાચા માર્યા. હવે તારા હાથ કાપ્યા વિના બીજી કોઈ શિક્ષા તારા માટે ઓછી ગણાય.” ખેડૂત કંપવા લાગ્યો. એટલામાં તો ગુરુ

રામદાસ આવી પહોંચ્યા. તેમને પણ ખેડૂતને દરબારમાં બોલાવ્યાની વાત મળી ગઈ હતી તેથી તેઓ દોડતા દરબારમાં આવી પહોંચ્યા હતા. ગુરુ બોલ્યા, "શિવા! આ માણસે મને તમાચા માર્યા છે. તેને શિક્ષા કરવાનો મને જ અધિકાર છે. બોલ, હું તેને જે શિક્ષા કરું તે તું માન્ય રાખીશ?' શિવાજી મહારાજે ગુરુને વંદન કરી તેમની આજ્ઞા માથે ચડાવી મૂક સંમતિ આપી.

"આ ગરીબ ખેડૂતને રાજ્યની જમીનમાંથી પાંચ વીઘાં જમીન આપવામાં આવે જેથી તેની ગરીબી દૂર થાય અને તેનું મન ભરાઈ જાય." ગુરુ રામદાસે ન્યાય કર્યો. ગુરુએ શિવાજીને પણ શીખ આપતાં કહ્યું, "બેટા! અપરાધ મિટાવવો હોય તો તેના મૂળ કારણ સુધી પહોંચવું પડે અને ત્યાં તેનો ઉપચાર કરવો પડે. જેનાથી દોષનું નિવારણ ન થાય તે શિક્ષા-ઉપચાર નિષ્ફળ જ સમજવો."

શિવાજીની નીતિ નિગ્રહની હતી, જ્યારે ગુરુ રામદાસે અનુગ્રહની નીતિ અપનાવી.

આજે આપણે સમસ્યાના મૂળ કારણ સુધી પહોંચતા નથી અને સમસ્યાના સમાધાન માટે દંડનીતિ અખત્યાર કરીએ છીએ. પરિણામે સમસ્યાઓનું સમાધાન થતું નથી અને સમસ્યાઓ વકરતી જાય છે. જો ક્રૂરતા-હિંસા એ સમસ્યા છે તો કરુણા અને પ્રેમ તેનું વિવેકપૂર્ણ સમાધાન છે. આપણે ભૌતિક રીતે ઘણી પ્રગતિ કરી છે અને ઊંચાં શિખરો સર કર્યાં છે પણ મનુષ્ય તરફનાં આપણાં વાણી-વર્તનનો દૃષ્ટિકોણ સંકોચાતો ગયો છે. શિક્ષા કરવા પાછ-

ળનો મૂળભુત હેતુ દોષનિવારણનો હોવો જોઈએ એ વાત લગભગ વિસરાઈ ગઈ છે અને તેનું સ્થાન વેર, બદલો, ક્રૂરતા અને હિંસાએ લઈ લીધું છે. મોજશોખનાં કે સમૃદ્ધિનાં સાધનો ભલે વધ્યાં હોય, આપણી સુવિધાઓ ભલે વધી પણ આંતરિક સમૃદ્ધિની બાબતમાં આપણે પાછાં પગલાં ભર્યાં છે. પરિણામે આજે આપણે ઠેર–ઠેર લૂંટફાટ, ખૂનામરકી, હિંસા અને આતંકવાદને વકરતા જોઈ રહ્યા છીએ જેનાથી આપણું રોજિંદુ જીવન ભયગ્રસ્ત થઈ ગયું છે.

આપણાં પુરાણોમાં સામ, દામ, ભેદ અને દંડની–એમ ચાર નીતિનો ઉલ્લેખ કરવામાં આવે છે. એમાં દંડનીતિ તો છેલ્લે જ અને ન–છૂટકે વાપરવાની વાત છે. એને સ્થાને આજે તો સૌથી પહેલાં દંડનીતિ જ અખત્યાર કરવામાં આવે છે. દંડ શારીરિક પણ હોઈ શકે અને માનસિક પણ હોઈ શકે. આ નીતિ અપનાવવામાંથી લગભગ કોઈ બાકી રહ્યું નથી. જે લોકો બાકી રહ્યા છે તે પણ પોતાની અશક્તિ કે અસહાયતાના કારણે. શેઠ હોય કે નોકરિયાત હોય, અમલદાર હોય કે કર્મચારી હોય, સત્તાધારી હોય કે સત્તા વિનાનો હોય સૌ જાણે એક જ હોડીના પ્રવાસીઓ છે. ઉપરી અધિકારીનો વ્યવહાર સ્વાર્થભર્યો અને દયા વગરનો થઈ ગયો છે; તો નોકરિયાતોનો, કર્મચારીઓનો વ્યવહાર સૌજન્યવિહોણો અને વિવેક વગરનો થઈ ગયો છે. બળવાન નિર્બળને પીટે છે તો નબળો સમર્થને પણ કનડવામાં બાકી રાખતો નથી.

અરે, શાન્ત અને સ્વસ્થ દેખાતા આપણા કૌટુંબિક જીવનમાં ડોકિયું કરીશું તો લાગશે કે ત્યાં પણ સમાન

વ્યવહારની કે સૌજન્યપૂર્ણ વર્તનની ભૂમિકા રચાઈ નથી હોતી. ક્યાંક પતિનું વર્ચસ્વ અને મોટાઈ તો ક્યાંક પત્નીની તોછડાઈ. ક્યાંક પિતાનો અધિકાર તો ક્યાંક છોકરાંઓની આડોડાઈ. ઘરમાં, ઑફિસમાં, નોકરીમાં, ધંધામાં, વહીવટમાં – બધે જ એકબાજુ મોટાઈ અને વડાઈની વાત છે અને અન્યને નીચો ગણવાની વૃત્તિ છે; તો બીજી બાજુ વિરોધ-વિધ્વસ, બેપરવાઈ અને તોછડાઈ માઝા મૂકી રહ્યાં છે. બધે જ ક્રૂરતાપૂર્ણ – ભાવવિહોણો વ્યવહાર વધી ગયો છે કારણ કે આપણે માનવીય દૃષ્ટિકોણ ખોઈ બેઠા છીએ. સમસ્યાના મૂળ સુધી પહોંચવાની આપણામાં હવે હામ પણ રહી નથી અને એ વૃત્તિય હવે આપણે ગુમાવી બેઠા છીએ.

આજે આપણી રાજકીય, સામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ વધી છે. કૌટુંમ્બિક જીવનની – સંબંધોની મીઠાશ આપણે ખોતા જઈએ છીએ અને તેને સ્થાને ફક્ત ઔપચારિકતા વધતી જાય છે. ક્યાંક તો તે પણ જતી જાય છે. સામાજિક સંબંધોમાં સારી એવી તિરાડો પડી ગયેલી જણાય છે. રાજકીય જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અને આર્થિક વ્યવસ્થા અન્યાયપૂર્ણ થઈ ગઈ છે. આ બધી પરિસ્થિતિનું મૂળ કારણ એ છે કે આપણે મનુષ્યને મનુષ્ય તરીકે ગણવાનું ભૂલતા જઈએ છીએ. આપણે વ્યક્તિના વ્યક્તિત્વનો સ્વીકાર કરવાનું જાણે શીખ્યા જ નથી. આપણે સૌને આપણા જેવા ગણી સમાન વ્યવહાર રાખતા નથી. કાં તો આપણે મોટા થઈ ફરીએ છીએ કે કાં તો આપણે નાના થઈને ઝૂરીએ છીએ. આપણી દૃષ્ટિ કાં તો

ઊંચે જાય છે કે કાં તો નીચે જાય છે પણ આપણી દૃષ્ટિ સમ્યક્ નથી રહેતી. આ કારણે આપણી ઘણી બધી સમસ્યાઓ સર્જાય છે. એમાંય વળી હવે આપણે સમસ્યાઓનું સમાધાન વેર-ઝેર, શિક્ષા અને અન્યાયપૂર્ણ રીતે જ શોધીએ છીએ તેથી આપણી સમસ્યાઓ વકરી રહી છે. જો આપણે આપણી સમસ્યાઓનું સમાધાન શોધવું હશે તો આપણે તેના ઉગમસ્થાન સુધી પહોંચવું પડશે અને ત્યાં પડેલી વૃત્તિઓને સમજવી પડશે.

શિષ્ટ સમાજવ્યવસ્થા માટે અનુગ્રહ અને નિગ્રહ બન્નેની નીતિ આવશ્યક છે. સજ્જનનું સન્માન અને તેનો પુરસ્કાર જેટલો જરૂરી છે એટલો જ દુર્જન માટે નિગ્રહ જરૂરી છે. નિગ્રહ માટે અમુક હદ સુધી દંડનીતિ સ્વીકાર્ય ગણાઈ છે પણ તેનો મૂળ આશય પ્રતિશોધ નથી. મૂળ વાત છે પરિવર્તનની-વૃત્તિના પરિવર્તનની. આમ છતાંય અનુગ્રહ અને નિગ્રહની નીતિને પણ પોતપોતાની મર્યાદાઓ છે. જ્યારે આ બન્ને નીતિ નિષ્ફળ જતી લાગે છે ત્યારે સંતો અને સત્તાધારીઓ બધાની મૂંઝવણ વધી જાય છે. પણ તેથી કંઈ માનવીય દૃષ્ટિકોણ ગુમાવી દેવાય? જ્યાં પરિવર્તનની કોઈ અપેક્ષા ન રાખી શકાય તેમ હોય ત્યાં ઉપેક્ષા કરવાની નીતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. અપેક્ષા પછી ઉપેક્ષાને સ્થાન છે તો તેનાથીય આગળ પ્રેમ અને કરુણા છે. ઉપેક્ષા કોરીકટ ન હોય. ઉપેક્ષા પણ પ્રેમ અને કરુણાથી ભીંજાયેલી હોય. શું આ શીખ આપવા માટે ભગવાનનાં નેત્રો પ્રેમ અને કરુણાથી છલકાતાં નહિ

હોય ! જરા ધારીને જોજો, પછી તે ભગવાન મહાવીરની મૂર્તિ હોય કે ભગવાન બુદ્ધની પ્રતિમા હોય, ઈશુ ખ્રિસ્તનું ચિત્ર હોય કે યોગેશ્વર શ્રીકૃષ્ણનું સ્વરૂપ હોય – બધેય એ જ પ્રેમ અને કરુણા–નીતરતી દૃષ્ટિ આપણને પાવન કરતી લાગશે.

## સ્વપ્નાં સાચાં હોય ?

મિથિલાનરેશ જનકરાજાને એક વાર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેમણે જોયું કે તેઓ ભિખારી છે. પહેરવા માટે પોતાની પાસે પૂરતાં વસ્ત્રો નથી અને ખાવા માટે અન્ન નથી. અન્ન-વસ્ત્રની શોધમાં તેઓ આમતેમ ભટકે છે. એવામાં તેમને ક્યાંકથી થોડી ખીચડીનો જોગ થયો. બે દિવસથી કંઈ ખાવા મળ્યું ન હતું તેથી જીવ ભૂખથી આકુળ-વ્યાકુળ થતો હતો. થોડાંક દાળ-ચોખાની ખીચડી મળતાં આનંદનો પાર રહ્યો નહિ. ક્યાંકથી ભાંગી તૂટી હાંડલી લઈ આવ્યા અને તેમાં દાળ - ચોખા ભેગા કરી ખીચડી રંધાવા મૂકી. આસપાસથી સૂકાં ડાળાં - ડાંખળાં લઈ આવ્યા. પથ્થરો ગોઠવી ચૂલા જેવું બનાવ્યું અને અગ્નિ સળગાવી ખીચડીનું હાંડલું ચૂલે ચઢાવ્યું. ચૂલામાં લાકડાં સળગતાં જાય અને તેમાંથી જેમ જેમ ધુમાડો ઊંચે ચઢતો જાય તેમ તેમ તેમના મનમાં આનંદ વધતો જાય. હમણાં ખીચડી રંધાશે અને હમણાં બે દિવસની ભૂખ ભાંગશે એમ મનોમન શાતા અનુભવે.

એટલામાં દૈવયોગે ત્યાં બે આખલાઓ લડતા-ઝગડતા

ડતા આવી પહોંચ્યા. એકબીજાને શીંગડે ભેળવતા જાય અને વચ્ચે જે આવે તેને ઉછાળતા જાય. યોગાનુયોગ આ બન્ને આખલાઓ જ્યાં જનકરાજાની ખીચડીની હાંડલી ચૂલે ચડી હતી ત્યાં આવી પહોંચ્યા. તેમની લડાઈમાં ચૂલો ભોંય ભેગો થઈ ગયો. ખીચડીની હાંડલી નીચે પડીને તૂટી ગઈ. દાળ–ચોખા ભેગા કરીને મૂકેલી ખીચડી માટીમાં રગદોળાઈ ગઈ અને હતાશ થયેલા જનકરાજા કલ્પાંત કરવા લાગ્યા. તેમની આંખોમાંથી ડળક–ડળક આંસુ વહેવા લાગ્યાં. જનકરાજા ડૂસકાં લેતા જાય અને રડતા જાય ત્યાં તેમનું સ્વપ્ન તૂટ્યું. તેઓ જાગી ઊઠ્યા ત્યારે તે તો મિથિલાના રાજમહેલમાં હતા. છત્રપલંગ ઉપર સૂતેલા હતા. સ્વપ્નનો ભિખારી ભાગી ગયો હતો. ભીખનું હાંડલું હતું જ નહિ અને ખીચડીની તો વાત જ ક્યાં રહી ? ક્ષણવારમાં જનક-રાજાને લાગ્યું કે પેલું તો એક દુઃખદ સ્વપ્ન હતું અને તે કંઈ સત્ય ઘટના હતી નહિ. તેઓ તો મિથિલાના સ્વામી છે અને અઢળક સંપત્તિના તેઓ માલિક છે. આમ સ્વપ્નનું દુઃખ પણ અદૃશ્ય થતાં તેમને 'હાશ' થઈ અને આનંદ થયો, મન પ્રસન્નતા અનુભવવા લાગ્યું. ત્યાં તો તેમનો હાથ પોતાની આંખો ઉપર ગયો તો તેમને લાગ્યું કે હજુ તો આંખો આંસુથી ભીની છે અને ગાલ ઉપરથી આંસુ સુકાયાં પણ નથી. સ્વપ્નમાં પેલા આખલાઓની લડાઈથી તેમની ખીચડીનું હાંડલું તૂટ્યું હતું તેનો થડકાર પણ હજુ તો શમ્યો નથી. તેઓ વિચારમાં પડી ગયા, કે તો પછી

સાચું શું? સ્વપ્નનો ભિખારી સાચો કે સ્વપ્ન પૂરું થયા પછી છત્રપલંગમાં જાગી ઊઠેલો મિથિલાનો અધિપતિ સાચો? સ્વપ્નની ભૂખ સાચી કે જાગી ઊઠ્યા પછીની તૃપ્તિ કે હાશ સાચી? સ્વપ્નાવસ્થા સાચી કે જાગૃતિ સાચી? આ સત્ય કે પેલું સત્ય? સ્વપ્ન મિથ્યા કે રાજમહેલમાં છત્રપલંગ ઉપર અનુભવેલી જાગ્રત અવસ્થા મિથ્યા? શું મિથિલાનું રાજ્ય એ પણ એક ભ્રાન્તિ તો નહિ જ હોય? શું એવું નહિ બને કે વળી પાછો પોતે જાગે ત્યારે તેને લાગે કે મિથિલા જ ભ્રાન્તિ હતી અન ખીચડીનું હાંડલું જ સત્ય હતું?

બીજે દિવસે દરબાર ભરાયો ત્યારે જનકરાજાએ વિદ્વાનોને બોલાવીને પોતાના સ્વપ્નની વાત કરી અને પ્રશ્ન કર્યો કે સત્ય શું? ખીચડીની હાંડલી સત્ય કે મિથિલાની નગરી સત્ય? ભિખારી સાચો કે રાજા સાચો? પંડિતોએ પોતપોતાની રીતે રાજાના પ્રશ્નનું સમાધાન કરવા પ્રયાસ કર્યો પણ કોઈના ઉત્તરથી તેમને સંતોષ થયો નહિ. એટલામાં એક મુનિ રાજસભામાં આવ્યા. જનકરાજાએ તેમનું આદરપૂર્વક સ્વાગત કર્યું અને પોતાના મનની મૂંઝવણ રજૂ કરી. મિથિલાનરેશે સમાધાન માટે યાચના કરી. મુનિ મંદ મંદ સ્મિત કરતાં બોલ્યા, "રાજન! તારો પ્રશ્ન રહસ્યમય છે. હવે તું ખરેખરો જાગ્રત થતો હોય એમ લાગે છે. તને ટૂંક સમયમાં તારી મેળે જ તારા પ્રશ્નનું સમાધાન મળવાનું છે છતાંય તેં પ્રશ્ન કર્યો જ છે તો મારે ઉત્તર આપવો રહ્યો. મિથિલાય સાચી છે અને ખીચડીની હાંડલી પણ સાચી

છે. મિથિલાનો નરેશ એ પણ ભ્રાન્તિ છે અને સ્વપ્નનો ભિખારી એ પણ ભ્રાન્તિ જ છે.” મુનિના પ્રત્યુત્તરથી જનકરાજાની મૂંઝવણ વધી ગઈ. દરબાર સ્તબ્ધ થઈ ગયો. વિદ્વાનો વિચારમાં પડી ગયા.

મુનિ કહેવા લાગ્યા “હે રાજવી ! લોકો તને જનકવિદેહી કહે છે – તે કેવી રીતે ? મારો ઉત્તર એક રીતે વિચારીએ તો સરળ અને સ્પષ્ટ છે પણ તે માટે સમ્યક્ દૃષ્ટિની જરૂર છે.”

મુનિની વાત ઘણી મર્મવાળી છે. દેખીતી રીતે મુનિનો ઉત્તર વિષમ લાગે. વિચાર આવે કે સ્વપ્ન અને જાગૃતિ બન્ને અવસ્થાઓને મુનિએ સત્ય કેવી રીતે કહી ? અને જો તે સત્ય હોય તો પછી એ જ અવસ્થાઓને તેમણે ભ્રાન્તિ પણ કેવી રીતે ગણાવી ? મુનિની ભાષા ગહન છે પણ સંદેહ વાળી નથી. તત્ત્વવેત્તાઓ ઘણીવાર સત્યને સૂત્રાત્મક રીતે રજૂ કરે છે. તેથી જો સત્યને સમજવું હોય તો ભાષાના અંતઃપ્રવાહમાં ડૂબકી મારવી પડે. સત્ય સુધી પહોંચવા માટે શબ્દના હાર્દમાં જવું પડે.

સ્વપ્ન એટલે શું ? જે સરી જાય તે સ્વપ્ન. જેનું અસ્તિત્વ ન હોય છતાંય જેનું અસ્તિત્વ લાગે અને જાગ્રત થતાં બધું સરકી જાય – વિલીન થઈ જાય. જનકરાજા હતા તો ઐશ્વર્યવાન પણ સ્વપ્નમાં ભિખારી થઈ ગયા અને ખીચડીનું હાંલ્લું તૂટી જતાં વિલાપ કરતા હતા. જેવા તેઓ નિદ્રામાંથી જાગ્યા કે તેમને ખ્યાલ આવ્યો કે ભિખારી અવસ્થા ભ્રાન્તિ હતી—સ્વપ્ન હતું. તેઓ તો સત્તા, ઐશ્વર્ય અને

સંપત્તિથી યુક્ત મિથિલાના નરેશ છે. આમ સ્વપ્ન સ્વપ્ન ઠર્યું અને ભ્રાન્તિ નીવડી. પણ રાજમહેલમાં છત્રપલંગ ઉપર પોઢેલા જનકરાજાને મિથ્યા કેવી રીતે ઘટાવી શકાય? જેને આપણે જીવન કહીએ છીએ તે વાસ્તવમાં શું છે? એ પણ એક મોહનિદ્રા જ છે. તેને મૂર્છા પણ કહી શકાય. સ્વપ્ન થોડાક સમય માટે સત્ય લાગતું હતું. એમ જે જીવનને આપણે જાગ્રત કહીએ છીએ તે પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે સ્વપ્નની કક્ષામાં જ આવી ગયેલું લાગશે. બન્ને વચ્ચે જે અંતર છે તે ફક્ત સમયની અવધિનું અંતર છે. વધારે લાંબો સમય ચાલનાર સ્વપ્ન શું સત્ય ઠરી શકે? સ્વપ્ન એ સ્વપ્ન જ રહેશે. મોહનિદ્રા તૂટતાં જીવન પણ સ્વપ્ન જ લાગે તેમાં કંઈ આશ્ચર્ય નથી. જાગ્યા પછી જાગનારને સ્વપ્નનું જેટલું મૂલ્ય હોય છે તેનાથી વધારે મૂલ્ય મોહનિદ્રામાંથી જાગનારને મન જીવનનું નથી હોતું. આમ આત્મદૃષ્ટિથી જોઈએ, વિચાર કરીએ તો સ્વપ્ન અને જીવન બન્નેની કક્ષા એક જ ઠરે છે. એકમાં સ્વપ્નનું અસ્તિત્વ ટૂંક સમય માટે છે જ્યારે બીજામાં અધિક સમય માટે સ્વપ્ન ટકે છે, તેથી કંઈ તે સત્ય ન ઠરે.

સહજ પ્રશ્ન થાય કે તો પછી મુનિએ બન્ને અવસ્થાઓને સત્ય પણ કેમ કહી? જે સ્વપ્ન છે તેને સાચું કેમ ગણી શકાય? સ્વપ્નમાં જનકરાજા ભિખારી હતા અને તેમનું ખીચડીનું હાંલ્લું તૂટી જતાં તેઓ રડતા હતા – વિલાપ કરતા હતા. તેઓ સ્વપ્નમાંથી જાગ્યા ત્યારે છત્ર-પલંગ ઉપર હતા પણ આંખમાં આંસુ હતાં. ગાલ આંસુથી ભીંજાયેલા હતા.

હાંલ્લું તૂટવાનો થડકાર પણ તેમના હૃદયમાં હજુ તો મોજૂદ હતો. તેમણે સ્વપ્ન–અવસ્થામાં દુઃખનું વેદન કર્યું હતું–દુઃખ ભોગવ્યું હતું. આંસુને જૂઠાં કેમ ગણાય ? સ્વપ્નમાં આંસુ સર્યાં એટલે કંઈ જૂઠાં થઈ ગયાં ? એ જ રીતે સ્વપ્નમાંથી જાગ્યા પછી જનકરાજાને 'હાશ' થઈ ગઈ. તેમનો જીવ જાણે હેઠો બેઠો. ત્યાં તેમણે સુખનું વેદન કર્યું, કારણ કે તેમને લાગ્યું કે તેઓ માટીના હાંલ્લાના માલિક નથી પણ તેઓ તો રાજ્યના માલિક છે અને તેમની સત્તા-સંપત્તિ બધું સલામત છે. જેને તેમણે જાગૃતિ ગણી તે સુખનું વેદન કરનારી અવસ્થા હતી. જેને તેઓ સ્વપ્ન ગણતા હતા, તેમાં તેમણે દુઃખનું વેદન કર્યું હતું. જ્યાં વેદનનો સવાલ છે ત્યાં બન્ને અવસ્થાઓમાં વેદન હતું તો તેમાંથી એકને સત્ય અને બીજાને મિથ્યા કેમ ગણાય ? જ્યાં સુખ કે દુઃખના વેદનનો પ્રશ્ન છે ત્યાં બન્ને અવસ્થાઓ સત્ય ઠરે છે. હવે જરા ઊંડાણથી વિચારીએ તો લાગશે કે જ્યાં અનાત્મદશા છે ત્યાં જ વેદન છે. ત્યાં સુખદુઃખની અનુભૂતિ છે. અનાત્મદશામાં જડથી–પુદ્‌ગલથી સુખ અને દુઃખ થઈ શકે. જે અવસ્થામાં જીવ પુદ્‌ગલ સાથે રાચે છે, માચે છે અને તેનો પ્રેર્યો હસે છે, રડે છે તે અનાત્મદશા છે. અનાત્મદૃષ્ટિથી જોઈએ તો બન્ને અવસ્થાઓ સત્ય ઠરે છે.

મુનિનો ઉત્તર સૂત્રાત્મક છે. ઉપર ઉપરથી જોઈએ તો મુનિના વિધાનમાં પરસ્પર વિરોધ લાગે પણ તેના અંતઃપ્રવાહમાં ફક્ત સત્ય રહેલું છે. જનકરાજાનું સ્વપ્નદશાનું દુઃખ અને જાગૃત અવસ્થાનું સુખ, બન્ને અનાત્મદશા

છે. જ્યારે જનકરાજા પ્રશ્ન કરે છે ત્યારે તે આત્મદશાની ખૂબ નજીક છે ત્યારે તે લગભગ જ્ઞાતા–દ્રષ્ટા ભાવમાં આવી ગયા છે. જ્યાં વેદન નથી પણ ફક્ત જ્ઞાતા દ્રષ્ટા ભાવ છે તે આત્મદશા છે. આત્મદશામાં વાસનાનો સંસ્કાર નથી તેથી તે નિર્મળ અવસ્થા છે. છેવટે સ્વપ્ન શું છે? સ્વપ્ન એ વાસનાનો સંસ્કાર છે અને એ જ રીતે જીવન પણ વાસનાનો સંસ્કાર છે. પછી તે વાસના ભોગવેલી હોય કે ભાવિની ઝંખનાની હોય. આમ મૂળેય વાસનાના આવિર્ભાવ જેવું સ્વપ્ન કે જીવન જેટલું સત્ય છે એટલું જ મિથ્યા છે. ખરેખર જોઈએ તો પ્રશ્ન સત્ય કે ભ્રાન્તિનો નથી પણ પ્રશ્ન છે શુદ્ધિનો અને અશુદ્ધિનો. એક અવસ્થા આત્માની શુદ્ધ અવસ્થા છે તો બીજી અવસ્થા આત્માની આવૃત્ત અવસ્થા, અશુદ્ધ અવસ્થા છે.

સામાન્ય રીતે આપણે વસ્તુને એકાંતિક રીતે જોવા કે વિચારવા ટેવાયેલા છીએ તેથી આપણે પરસ્પર વિરોધી લાગતા સત્યને સમજી શકતા નથી કે તેને સમજવામાં થાપ ખાઈ જઈએ છીએ. સત્ય જરૂર એક જ છે. પણ તેને ઘણી બાજુઓ હોય છે. સત્યને સંપૂર્ણ સ્વરૂપે જોવું હોય તો આપણે તેને બધી બાજુઓથી નિહાળવું પડશે. ત્યાર પછી સત્યનું જે દર્શન થશે તે જ પૂર્ણ દર્શન હશે. અનેકાંતની આ તો ખૂબી છે. તે વસ્તુમાં રહેલા પરસ્પર વિરોધી ધર્મોનો સ્વીકાર કરે છે પરિણામે તે વિરોધથી પર રહે છે અને છતાંય તે સત્યની સમીપે હોય છે.

*

# દેવની સહાય

"હે મા ! તારે શરણે આવ્યો છું. બસ, હવે મને તું જ બચાવી લે. તું જ મારો આધાર છે." એમ કહેતાંને દેવજી માતાજીની મૂર્તિ પાસે આવીને ધબ દઈને પડ્યો.

ગામની બહાર ખેતરવા-બે ખેતરવા દૂર માતાજીનું મંદિર હતું. ગામલોકો સાંજે આ બાજુ ફરવા આવતા હતા અને માતાજીનાં દર્શન કરી ઘડી મંદિરને ઓટલે બેસે. સાંજે આરતી થાય એટલે પ્રસાદ લઈ ગામ ભણી જાય. દિવસે તો ગામના લોકો કામમાં હોય એટલે મંદિર બાજુ કોઈની ખાસ અવરજવર રહે નહિ. મંદિરનો પૂજારી સવારે માતાજીની પૂજા કરી ચાલતો થાય. વળી મોજ પડે તો બપોરે એક આંટો મારી જાય.

માતાજીના મંદિરથી થોડે દૂર દેવજીનું ગામ હતું. ગામ નાનું પણ સુઘડ હતું. ગામની અંદર મહાદેવનું મંદિર હતું તો માતાની પણ દેરી હતી. નાનો સરખો ઉપાશ્રય અને જૈન દેરાસર હતું. તો નજીકમાં જ રાધાકૃષ્ણની રમ્ય મૂર્તિ-વાળું મંદિર હતું. ગામના લોકો સંપીને રહેતા હતા અને ધર્મ ઉપર સૌને આસ્થા હતી. છતાંય ગામ એટલે ગામ.

નાનામોટા ઝઘડા થાય ખરા પણ ઝાઝા ટકે નહિ. દેવજીય આમ તો ભગવાનનો માણસ હતો અને રોજ સવારે ગામનાં બધાં દેવ-મંદિરોમાં જઈ સૌ દેવ-દેવીઓના આશીર્વાદ લઈ આવે. તેને કોઈ સાથે વેરઝેર હતું નહિ પણ તે દિવસે એ વાતવાતમાં ઉશ્કેરાઈ ગયો અને મશ્કરી કરનારને તેણે તમાચો ખેંચી કાઢયો. લડાઈ વધી જાત, પણ બધા વચ્ચે પડયા એટલે વાત ત્યાં અટકી ગઈ, પણ પેલાએ દેવજીને દાઢમાં ઘાલ્યો હતો તેથી તે દેવજીને ખોખરો કરવાનો લાગ શોધતો હતો. પછી તો દેવજી ય ગભરાયો હતો પણ બળિયા સાથે વેર બંધાઈ ગયું-હવે થાય શું ?

દેવજી કામપ્રસંગે પરગામ ગયો હતો. દેવજીના દુશ્મનને કયાંકથી તેની ગંધ મળી ગઈ હતી તેથી તે ગામની ભાગોળે ફરતો હતો અને દેવજીના આવવાની રાહ જોતો હતો. દૂરથી તેને જોતાં જ દેવજી વાત પામી ગયો અને પાછો ફર્યો. પેલો માણસ પણ દેવજીની પાછળ પડયો. દુશ્મન બળવાન હતો અને દેવજી એકલો હતો તેથી ખૂબ ગભરાયો અને જોરથી દોડતો દોડતો વગડામાં આવેલ માતાજીના મંદિરમાં પેસી ગયો અને માતાજીની મૂર્તિ પાસે ધબ દઈને પડયો.

દેવજીને ઝાઝું દોડવાથી શ્વાસ ચઢયો હતો, પગમાં કળતર થતું હતું અને હવે વધુ દોડવાની હૈયે હામ પણ હતી નહિ. તેને હતું કે હવે માતાજી તેને બચાવી લેશે. માતાજીના પગમાં પડીને દેવજી કરગરવા લાગ્યો :

" મા ! તારે શરણે આવ્યો છું. તું તો શક્તિશાળી

છે. બસ, હવે મને તો તારો જ આધાર છે. દુશ્મન પાછળ પડ્યો છે. બધા ભક્તોને તું સહાય કરે છે એમ મને પણ મદદ કરી હવે બચાવી લે."

યોગાનુયોગ માતાજીએ પણ જાણે દેવજીની અરજ સાંભળી અને કહ્યું, "ઊઠ, ઊભો થા. ગભરાય છે શું? હાથમાં મારું ખપ્પર લે અને દુશ્મનની સામે થા. હું તારી બાજુમાં જ ઊભી છું."

"પણ મા! મારામાં તો કંઈ જ શક્તિ નથી. મા! તારે શરણે આવ્યા પછી હું ખપ્પર હાથમાં કેવી રીતે લઉં? મા, તું જ દુશ્મનને હણી નાખ અને મને બચાવી લે."

માતાજી કહે, "જો પાછળ માણસનાં પગલાં સંભળાય છે. ખપ્પર હાથમાં લેવાય નહિ તો પછી ઊભો થઈને મંદિરનાં બારણાં બંધ કરી દે અને અંદરથી આગળો ભીડી દે."

"ના મા! મારાથી તો ઊભા જ નહિ થવાય. હવે તું જ મને ઉગારી લે." દેવજી ઢગલો થઈને માતાજીના પગ પાસે પડ્યો રહ્યો. એટલામાં પાછળ પડેલો દુશ્મન છેક નજીક આવી પહોંચ્યો. માતાજી છેવટે બોલ્યાં, "જો તારાથી કંઈ ન થાય તો હવે ઊભો થઈને મારી મૂર્તિ પાછળ ભરાઈ જા. તને દુશ્મન જોઈ શકશે નહિ અને તું બચી જઈશ." પણ દેવજી ઊભો ન થયો તે ન જ થયો. માતાજીના પગ પકડીને કરગરવાનું ચાલુ રાખ્યું. ત્યાં દુશ્મન આવી પહોંચ્યો. તેણે દેવજીને બાવડેથી પકડી મંદિરની બહાર કાઢ્યો અને સારો એવો મેથીપાક આપ્યો.

આ વાત આમ તો તમને પારકી લાગતી હશે પણ શું એ આપણને સૌને સ્પર્શતી નથી ? આજે આપણે દેવ-મંદિરમાં જઈએ છીએ ત્યારે શું અપેક્ષાઓ સાથે જઈએ છીએ ? ભગવાન પાસે આવી માગણીઓ થાય કે ન થાય એ એક પ્રશ્ન છે તો બીજી બાજુ ભગવાન પાસે કરેલી યાચનાઓ કેટલી ફળે અને કેટલી ન ફળે એ વળી બીજો પ્રશ્ન છે. સૌ પહેલાં તો એ વિચારીએ કે ભગવાન પાસે કે દેવ–દેવી પાસે આવી માગણીઓ રજૂ થાય ખરી ? અને માનો કે આપણે તો માગણીઓ કરી પણ ભગવાન આવી માગણીઓ સ્વીકારે ખરો ? જો ભગવાન આવી માગણીઓ સ્વીકારે તો તેને ભગવાન કહેવાય ખરો ? જે આવી યાચના ન કરે તેનું કાર્ય શું ન થાય ? ભગવાન જો સહાય જ કરતો હોય તો કોઈએ સહાય માગી નથી માટે ભગવાન તેને સહાય ન કરે ? વળી ઉપરના કથાનકમાં છે તેમ બે માણસો હોય અને બન્ને માણસોની માગણીઓ સામસામી હોય તો શું થાય ? એક જણ કોઈને પકડવા માટે દેવ–દેવીની સહાય માગે અને બીજો તેનાથી બચવા માટે દેવ–દેવીની મદદ માગે તો દેવ–દેવી કોને મદદ કરે ? જે ઇચ્છુક છે, માગણ છે તે ક્યારેય આપનારની પરિસ્થિતિનો વિચાર કરતો નથી. આપણે કદી વિચાર કરીએ છીએ ખરા કે આ પરિસ્થિતિમાં ભગવાનની શું દશા થતી હશે ?

ભગવાન પાસે માગવાની વાતમાં આપણે ક્યાંક ભીંત ભૂલ્યા હોઈએ એમ લાગે છે. ભગવાનને, તેના સ્વરૂપને, ભગવાનના સિદ્ધાંતને સમજવામાં આપણે ભૂલ તો નથી

કરતાને ? ભગવાન વિષેના આપણા ખ્યાલો અંગે આપણે સ્પષ્ટ થવાની ઘણી જરૂર છે. આપણે ભગવાનને ખૂબ હાથ-વગો બનાવી દીધો છે. ગમે ત્યારે ગમે તે કામ માટે આપણે ભગવાન પાસે જઈને માગણી રજૂ કરીએ અને આશા રાખીએ કે ભગવાન આપણું કામ કરી આપે. જાણે ભગવાનને બીજું કંઈ કરવાનું જ નહિ હોય ! વળી ભગવાન બધાની વિનંતીઓ સ્વીકારી આમ સહાય કરતા ફરે તો પેલા કર્મના સિદ્ધાંતનું શું ? અદાલતના ન્યાય પછી બધા ગુનેગારો રાષ્ટ્રપતિને દયાની અરજી કરતા રહે અને રાષ્ટ્રપતિ બધી અરજીઓ મંજૂર કરતા રહે તો પછી અદાલતોનો કંઈ અર્થ ખરો ? એટલે કે કર્મવ્યવસ્થાની કંઈ જ ગણના નહિ ને ! પછી 'કરણી એવી ભરણી'—એમ કહેવાનો કંઈ અર્થ ખરો ? જો ભગવાન પાસે પડેલી દરેક અરજીનો આમ જ સ્વીકાર થતો હોય તો કર્મરૂપી વડો પ્રધાન રાજીનામું આપીને ચાલતો જ થાય અને રાષ્ટ્ર-પતિને કહી દે, "હવે તમે જ રાજ કરો. મારાથી કંઈ થાય નહિ." પછી તો પેલી કર્મસત્તાની અદાલતો ન્યાય કરવાની ના જ પાડી દેને !

છતાંય આપણે ડગલે ને પગલે ભગવાનને વિનંતીઓ કરીએ છીએ પછી તે સાચી હોય કે ખોટી હોય, ન્યાયી હોય કે અન્યાયી હોય. એમાંય જો પરિણામ આપણને અનુકૂળ આવે તો ભગવાન ઉપરની આપણી શ્રદ્ધા વધી જાય અને તેને બેવડો પ્રસાદ ધરાવવામાં આવે. જેનું કામ ન થાય તેની ભગવાન પ્રતિની શ્રદ્ધા તૂટી જાય અને તે

ભગવાનથી વિમુખ પણ થઈ જાય. આમાં ભગવાન કંઈ કરે છે કે નહિ તે વાત બાજુએ રહી પણ આપણે તો પોતાની જાતે જ બધું માની લઈએ છીએ એ વાત તો સાચી. ત્યાર પછી આપણાં વાણી–વર્તન અને માન્યતાઓ બધું બદલાતું રહે છે. ભગવાન વિષેના આપણા ખ્યાલોને જ કોઈ વિકારી કહે તો તેમાં કંઈ ખોટું ખરું ?

વળી ભગવાન સહાય કરે એટલે શું ? આપણે તો એમ જ માની બેઠા છીએ કે નરસિંહ મહેતાને સહાય કરી હતી તેમ ભગવાન જાતે જ શામળશા શેઠ બનીને આવશે અને આપણા પ્રસંગો ઉકેલી આપશે. તો તો પછી ચીન કે કોઈ પડોશી દેશ ભારત ઉપર આક્રમણ કરે તો કૈલાસમાં બેઠેલા શિવશંકર ત્રિશૂળ લઈને ઊભા થશે અને વિદેશી સૈન્યો હારી જશે કે નાસી જશે એમ માની લઈએ તો શું થાય ? સોમનાથ મહાદેવ ઉપર ગઝનીએ હુમલો કર્યો ત્યારે સેવકો અને લોકો આવી માન્યતામાં જ મહાલતા હતા અને પરિણામ સૌ જાણે છે. ઘણી વાર ભગવાન વિષેના આપણા ખ્યાલો એટલા તો બાલીશ હોય છે કે તે વાતે હસવું કે રડવું તે સમજાય નહિ.

સુખ કે દુઃખ આવે છે તે આપણાં જ કાર્યોનું ફળ છે એમ માનવું વધુ યોગ્ય છે અને ઉપકારક પણ છે. તેનાથી આપણો પુરુષાર્થ પાંગળો નહિ થાય. બીજાની સહાયથી જીવવાની આપણી પરાવલંબનની વૃત્તિને પોષણ નહિ મળે. આપણે વધારે સ્વાશ્રયી અને સ્વાવલંબી થઈશું. આપણે આપણાં કર્યાં જ ભોગવવાનાં છે – એમ વિચારવાથી

આપણો વ્યવહાર વધુ ઉદાર અને ન્યાયપૂર્ણ રહેવાનો. આપણે કોઈનું પડાવી લેવાની વાતથી અળગા રહીશું અને કોઈને પીડા આપવાની સાથે આપણે સંમત નહિ થઈએ. પરિણામે આપણું જીવન વધારે સ્વસ્થ અને ન્યાયપૂર્ણ નીવડશે. એકવાર એ વાત આપણા મનમાં જચી જાય કે આપણે પોતે જ આપણી જે કંઈ પરિસ્થિતિ છે તે માટે જવાબદાર છીએ. ત્યાર પછી આપણા સમગ્ર જીવનનો ઢાંચોજ બદલાઈ જશે. ત્યાર પછી આપણે હતાશ કે નિરાશ ન રહેતાં ઉદ્યમી રહીશું.

પોતાની નિષ્ફળતાઓ કે નિર્બળતાઓ માટે અન્યને દોષ દેવાની આપણને ટેવ પડી ગઈ છે – ફાવટ આવી ગઈ છે. આ એક પલાયનવાદ છે જે આપણને ઉપયોગી નીવડતો નથી. જે સમાજ આવા પલાયનવાદની ગોદમાં પળે છે – જીવે છે તે સરવાળે પાછળ જ રહી જાય છે. જે સમાજ કે દેશ પોતાના ઉત્તરદાયિત્વનો સ્વીકાર કરીને ચાલે છે તે પ્રગતિનાં સોપાન સપાટાબંધ ચઢતો જાય છે.

# સુખડની સુગંધ

પહેલાંના જમાનાની વાત છે. રાજાની સવારી નીકળી હતી. હાથી, ઘોડા, પાલખીઓ સૌ હારબંધ ચાલતાં હતાં. દરબારીઓ પણ પૂરા ઠાઠથી સવારીમાં ભળ્યા હતા. નગરજનો સવારી જોવા ચોરે-ચૌટે ભેગા થયા હતા. જે માર્ગ ઉપરથી સવારી જવાની હતી તેની ઉપર આવેલાં મકાનોની બારીઓ-જાળીઓ પણ સ્ત્રી-બાળકોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. વેપારીઓએ માર્ગની બન્ને બાજુએ આવેલી પોતપોતાની દુકાનો શણગારી હતી અને જેવો રાજાનો હાથી નજીક આવે કે વેપારીઓ નમી-નમીને રાજાનું સ્વાગત કરતા હતા અને ભેટ-સોગાદ ધરતા હતા. રાજા સૌની સલામ લેતા અને અભિવાદન ઝીલતા આગળ જતા હતા ત્યાં તેમની નજર સુખડના એક વેપારી ઉપર પડી. એ વેપારીને જોઈને રાજા એકદમ ખિન્ન થઈ ગયા અને તેમનું મન શોક અને ઘૃણાથી ઊભરાઈ ગયું. સવારી આગળ ચાલતી હતી પણ રાજાનું મન બેચેન હતું. ત્યાં રાજાને વિચાર આવ્યો કે સુખડના એ વેપારીને ફાંસી આપી હોય તો! રાજા ન્યાયી હતો એટલે તે પોતાના

વિચાર પ્રત્યે સજાગ થઈ ગયો. ત્યાર પછી રાજમાર્ગો ઉપર રાજાની સવારી ફરી અને નિયત સ્થળે સવારી ઊતરતાં ઉત્સવ પણ ઊજવાયો. રાજાએ વિધિપૂર્વક બધામાં ભાગ લીધો પણ રાજાનો ઉત્સાહ ઓસરી ગયો હતો અને મન ખિન્નતાથી ભરાઈ ગયું હતું.

આમ તો એવો કોઈ પ્રસંગ બન્યો ન હતો છતાંય રાજા ખિન્ન હતો તે વાત ચકોર મંત્રીથી છાની રહી શકી નહિ. સવારી–સમારંભ પૂરા થયા પછી શાણો મંત્રી રાજા પાસે આવ્યો અને વિદાય લેતાં લેતાં પૂછ્યું, "રાજાસાહેબ! આપને કંઈ અસુખ છે? વચ્ચે બજારમાંથી આપ અસ્વસ્થ થઈ ગયા તેનું કારણ સમજાતું નથી." રાજા મંત્રીના નિરીક્ષણથી ખુશ થયા અને તેમણે મંત્રીને પાસે બોલાવી વાત કરી, "મંત્રી! હું મારા જ વિચારથી ગભરાઈ ગયો. કોઈએ કંઈ કર્યું નથી છતાંય એક નિર્દોષ માણસને ફાંસી દેવાનો મને વિચાર આવ્યો તેથી હું અસ્વસ્થ થઈ ગયો." રાજાએ સવારી દરમિયાન બજારમાં સુખડના વેપારીને જોયો ત્યાર પછી પોતાના મનમાં જે ભાવો જાગ્યા હતા તેની સવિસ્તર વાત મંત્રીને કરી. મંત્રી રાજાને આશ્વાસન આપી વિદાય થયો.

મંત્રી ચતુર હતો. તેણે સુખડના પેલા વેપારી સાથે થોડાક સમયમાં ઘરોબો કેળવી લીધો અને બન્ને વચ્ચે સારી એવી મૈત્રી થઈ ગઈ. પછી તો વાર–તહેવારે વેપારીને મંત્રી બોલાવે અને ઘણી વાર વેપારી મંત્રીના કુટુંબને પોતાને ત્યાં નોતરે. દિવસે દિવસે મૈત્રી ગાઢ થતી ગઈ.

હવે તો બન્ને એકબીજાને પોતપોતાના દિલની વાત પણ કરતા થઈ ગયા હતા. ત્યાં એક દિવસ વાતમાં વેપારીએ મંત્રી પાસે પોતાની ચિંતા વ્યક્ત કરી, "મંત્રીશ્રી ! બે સાલ ઉપર ખેપ કરી ત્યારે વહાણુ ભરીને મલબારથી સુખડનું કાષ્ઠ લઈ આવ્યો પણ સુખડ ખપતી નથી અને આમ ને આમ ચાલશે તો બે વર્ષમાં હું નાદાર થઈ જઈશ." મંત્રીએ ઉપાય પૂછતાં વેપારીએ નિસાસો નાખ્યો, "મંત્રી ! આટલી બધી સુખડ તો રાજદ્વારે કોઈનું મૃત્યુ થાય તો જ ખપી જાય." ચતુર મંત્રીએ વેપારીના મનોભાવને પકડી લીધો અને રાજાના આ જ વેપારીને ફાંસી આપવાના ખ્યાલનું કારણુ પણુ મંત્રીને સમજાઈ ગયું. કુશળ મંત્રી સમજી ગયો કે વેપારી પોતાની સુખડ ખપી જાય અને ખોટમાંથી બચી જવાય માટે મનોમન રાજાનું મૃત્યુ ઇચ્છે છે. વેપારીના આ જ મનોભાવે રાજાના મનમાં આ વેપારી માટે અણગમો થઈ ગયો અને તેને ફાંસી આપવા સુધીનો વિચાર ઝબકી ગયો.

થોડાક દિવસ મંત્રી આ બાબત વિચાર કરતો રહ્યો. પછી તેણે એક યોજના ઘડી કાઢી. રાજાને તેણે સંસારની અનિત્યતા સમજાવી કંઈ શાશ્વત રહે એમ કરવા તત્પર કર્યો. સૌને શાન્તિ મળે અને ધર્મ કરવામાં પુષ્ટ આલંબન મળી રહે એવું અદ્વિતીય દેરાસર બાંધવાનો વિચાર રાજાએ માન્ય રાખ્યો. આવું અદ્વિતીય દેરાસર કેવી રીતે થાય એમ ચર્ચા કરતાં કરતાં કુશળ મંત્રીએ રાજાને વિચાર આપ્યો, "રાજાસાહેબ ! આરસનાં અને પાષાણુનાં દેરાસરો ઘણાં છે, પણ

સુખડના કાષ્ઠનું દેરાસર ક્યાંય નથી. આપણે સુખડનું દેરાસર કરીએ જે અદ્વિતીય બની રહેશે. સુખડની સુગંધ જેમ તમારી કીર્તિની સુવાસ ચારે તરફ ફેલાશે." રાજાને આ વાત ઘણી ગમી ગઈ પણ વિમાસણ થઈ કે આટલું બધું સુખડ મળશે ક્યાંથી? મંત્રી કહે, "રાજાસાહેબ! ધર્મનું કાર્ય છે. આપ ચિંતા કરશો નહિ. એ વાત મારા ઉપર છોડી દો. જરૂરી બધું જ સુખડ કાષ્ઠ હું મેળવી આપીશ." મંત્રીએ પેલા વેપારીને દેરાસર બાંધવાની યોજના સમજાવી અને તેની પાસેથી સુખડનું કાષ્ઠ પડતર કિંમતે ખરીદી લીધું. વેપારી પોતે ખોટમાંથી બચી ગયો અને સારા કામમાં તેનું કાષ્ઠ વપરાયું તેથી તે ખુશ થયો અને રાજાને તે મનોમન આશીર્વાદ આપવા લાગ્યો અને રાજાની ધર્મભાવના બિરદાવતાં રાજાનું શુભ ચિંતવવા લાગ્યો. બીજી બાજુ આ વેપારીએ રાજને ખૂબ વાજબી ભાવે દેરાસર બાંધવા સુખડનું કાષ્ઠ આપ્યું છે એ વાતથી રાજા પણ આ વેપારીથી ખૂબ પ્રસન્ન થઈ ગયો. આવા વેપારી માટે પોતાને અશુભ વિચાર આવેલો એ વાતથી પણ રાજા શરમિંદો થઈ ગયો.

સુખડના કાષ્ઠમાંથી દેરાસરનું નિર્માણ થઈ રહ્યું હતું અને કામ ઝડપથી આગળ ચાલતું હતું. એક વાર રાજા અને મંત્રી તેનું નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યાં રાજા બોલ્યો, "મંત્રી સુખડના પેલા વેપારી વિષે મેં તમને પહેલાં જે વાત કહી હતી તે ભૂલી જશો. એ વેપારીને જોઈને હવે હું પ્રસન્નતા અનુભવું છું અને એક વાર મને

તેના વિષે ખોટો ખ્યાલ આવ્યો હતો તે વિચારથી પણ લજ્જા થાય છે.'' કુશળ મંત્રી મનોભાવોના આ જગતને અને તેની પાછળનાં પરિબળોને સમજતો હતો. રાજાની વાત સાંભળતાં તેને આનંદ થઈ ગયો. મંત્રીએ રાજાને, પેલા કાષ્ઠવેપારીના અશુભ મનોભાવની વાત કરી નહિ અને રાજાના મનોભાવની વાત વેપારીને પણ કરી નહિ, પણ એ નિમિત્તે રાજમાં નિર્માણ થઈ રહેલા સુખડ કાષ્ટના અદ્વિતીય દેરાસરથી મંત્રીનું મન પુલકિત થઈ ગયું અને તે દેરાસરની ખૂબ અનુમોદના કરવા લાગ્યો.

આપણને લાગે કે મનમાં કરેલો વિચાર તો ખાનગી છે પણ વિચાર સંક્રમણશીલ છે એ વાત ખૂબ મહત્ત્વની છે. વિચાર એક પ્રકારના તરંગો સર્જે છે અને તે ધીમે ધીમે આસપાસના વાતાવરણને ભરી દે છે. વિચારથી વ્યક્તિની આસપાસ એક પ્રકારનું આભામંડળ સર્જાય છે અને તે નજીકમાં આવનાર વ્યક્તિઓને પ્રભાવિત કરે છે. જેમ વાતાવરણને પોતાનો પ્રભાવ હોય છે તેમ વિચારને પણ પોતાનો પ્રભાવ હોય છે. સુખડના કાષ્ટના વેપારી અને રાજા વચ્ચે એકપણ શબ્દની આપ-લે થઈ નથી છતાંય બન્નેના વિચારોનાં આંદોલનો એકબીજા સુધી પહોંચી ગયાં. વ્યક્તિના સારા વિચારો તેની આસપાસ નિર્મળ આભામંડળનું નિર્માણ કરે છે. આ જગત સંક્રમણનું જગત છે. કોઈ વ્યક્તિ તો શું પણ કોઈ વિચાર પણ એકલો રહી શકતો નથી. આયુર્વેદનો માન્ય સિદ્ધાંત છે કે 'સમાને વૃદ્ધિ' એ સિદ્ધાંત ભાવજગતમાં પણ ખૂબ અસરકારક છે.

એક સારો વિચાર અનેક સારા વિચારો લાવે છે. જે વ્યક્તિ પ્રેમ, સહિષ્ણુતા એવા સદ્ભાવો સેવે છે તેની તરફ વાતાવરણમાંથી એવા જ સદ્ભાવોનાં આંદોલનો આવે છે જે તેને પ્રસન્ન અને કાર્યક્ષમ રાખે છે. જે વ્યક્તિ અશુભ વિચારોને પોષે છે તેની પાસે વાતાવરણના અશુભ વિચારોના તરંગો પહોંચે છે જે તેને ઉત્તરોત્તર અશુભ તરફ લઈ જાય છે. શુભ, શુભનું સર્જન કરે છે; અશુભ, અશુભનું નિર્માણ કરે છે. સૌ ધર્મોએ સદ્ભાવો દૃઢ કરવાની વાત કરી છે, જે તમને તેમજ અન્યને ઉપકારક નીવડે છે. આ ભાવોનું આંતર્જગત છે. એમાં અધ્યાત્મ છે, તો વિજ્ઞાન પણ છે.

धृतो योगो न ममता हता न समताऽऽदृता ।
न च जिज्ञासितं तत्त्वं गतं जन्म निरर्थकम् ॥

**उपा. यशोविजयजी**

अध्यात्मसार

મનુષ્યજન્મ પામીને જેણે યોગ ધારણ કર્યો નહિ
મમતા છોડી નહિ અને સમતા પ્રાપ્ત કરી નહિ;
તત્ત્વ માટે જેને કોઈ જિજ્ઞાસા પણ થઈ નહિ
તેનો જન્મ ખરેખર નિરર્થક ચાલ્યો ગયો.

**ઉપા. યશોવિજયજી**

**અધ્યાત્મસાર**